卐 શ્રી આનંદ-ચંદ્ર-હંસ-જૈન રત્નમાલા-રત્ન ચોથું 卐

શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર-યાને-શ્રી વંદિત્તુસૂત્રાન્તર્ગત

卐 શ્રી 卐

# હરિબલ મચ્છીનું અદ્ભૂત ચરિત્ર

: તથા :

## મહાપ્રભાવિક શ્રી નવસ્મરણ મૂલ

ચ...રિ...ત્રા...નુ...વા...દ...ક


પ. પૂ. ધ્યાનસ્થસ્વર્ગત આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર માલવદેશોદ્ધારક પૂ. આચાર્યદેવ શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજાના પરમવિનેય શાસનકંટકોદ્ધારક પૂ. મુનિરાજ શ્રી હંસસાગરજી મહારાજ.



અમદાવાદ માંડવીની પોળ નાગજી ભૂધરની પોળવાળા **બહેન કાન્તાબહેન કેશવલાલ ડુંગરશી**ના વર્ષીતપ નિમિત્તે વર્ષીતપવાળા ભાઈ-બહેનોને ડુંગરશી કેવળદાસ તરફથી સપ્રેમ ભેટ. સં. ૨૦૧૨ ના વૈશાખ શુદ ૩ રવિવાર પાલીતાણા.

# સૂતક વિચાર

**ઋતુવંતી સ્ત્રી**–દિન ત્રણ અડકે નહિ, દિન ચાર પ્રતિક્રમણાદિક કરે નહિ. [ઉપધાનવાળી શ્રાવિકા અને સાધ્વીજીઓ માટે ઉભય ટંક આવશ્યક નિયત હોવા આદિ કારણે અશક્ય પરિહાર છે.] તપશ્ચર્યા ગણાય, દિન ૫ પછી પૂજા કરે, રોગાદિ કારણે ત્રણ દિવસ પછી રુધિર જણાય તો વિવેકથી પવિત્ર થઇને જિનદર્શન, જિનપ્રતિમાની અગ્રપૂજા કરે, સાધુને પડિલાભે, પ્રભુની અંગપૂજા ન કરે.

**જન્મ સંબંધમાં**–પુત્ર જન્મે તો ૧૦ દિન અને પુત્રી દિવસે જન્મે તો ૧૧ દિન અને રાત્રિએ જન્મે તો ૧૨ દિનનું સૂતક લાગે. ઘરના માણસો ૧૨ દિન સુધી પૂજા ન કરે, જુદા જમે તો બીજાના ઘરના પાણીથી પ્રભુ-પૂજા કરે. દિન ૧૨ સુધી સાધુ આહાર ન લે. સુવાવડ કરનારી કરાવનારી નવકાર પણ ન ગણે સુવાવડી એક માસ અને ૧૦ દિન જિનપૂજા અને એક માસ સુધી દર્શન ન કરે તેમ સાધુને ન પડિલાભે. ગોત્રીને ૫ દિનનું સૂતક લાગે. ગાય, ભેંસ, ઘોડી, ઊંટડી ઘરે પ્રસવે તો ૨ દિન અને વનમાં પ્રસવે તો ૧ દિનનું સૂતક લાગે. ભેંશનું દૂધ દિન ૧૫ પછી, ગાય તથા ઊંટડીનું દૂધ દિન ૧૦ પછી અને બકરી–ઘેટીનું દુધ દિન ૮ પછી કલ્પે. નિશ્રાના દાસ કે દાસીના જન્મ કે મરણનું સૂતક દિન ૩ સુધી.

**મૃત્યુ સંબંધમાં**–દિન ૧૨ સુધી ઘેર જમનારા પૂજા ન કરે, અને દિન ૧૨ સુધી સાધુ આહાર ન લે. જુદા જમનારા જુદા ઘરના પાણીથી પૂજા કરે. મૃતક પાસે સૂનારા અને કાંધિયા દિન ૩, સંઘટ્ટો કરનારા દિન ૨, સાથે જનાર દિન ૧, જિનપૂજા ન કરે. પ્રતિક્રમણાદિક એ દિન મનમાં કરે. મૃતકને અડક્યા ન હોય તો સ્નાન કરવાથી શુદ્ધ થાય. જન્મે તે દિવસે કે દેશાંતરે મૃત્યુ થાય તો ૧૦ દિન, આઠ વર્ષનું બાળક મરે તો ૮ દિન, જેટલા મહિનાનો ગર્ભ પડે તેટલા દિવસનું સૂતક. ગાય આદિનું ઘરે મૃત્યુ થાય તો કલેવર લઇ ગયા બાદ ૧ દિવસ અને અન્ય તિર્યંચનું કલેવર લઈ જાય ત્યાં સુધી સૂતક વ્યવહાર છે.

**સંમૂર્ચ્છિમ જીવો સંબંધી**—ગાયના મૂત્રમાં ૨૪ પહોર પછી, ભેંશના મૂત્રમાં ૧૬ પહોર પછી, બકરીનાં મૂત્રમાં ૧૨ પહોર પછી, ગાડરના મૂત્રમાં ૮ પહોર પછી, અને નર–નારીનાં મૂત્રમાં અંતર્મુહૂર્ત બાદ સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થાય છે.

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

卐 શ્રી આનંદ-ચંદ્ર-હંસ-જૈન રત્નમાલા-રત્ન ચોથું 卐

શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર-યાને-શ્રી વંદિત્તુસૂત્રાન્તર્ગત

卐 શ્રી 卐

# હરિબલ મચ્છીનું અદ્‌ભૂત

# ચરિત્ર

: તથા :

## મહાપ્રભાવિક શ્રી નવસ્મરણ મૂલ

ચ...રિ...ત્રા...નુ...વા...દ...ક

પ. પૂ. ધ્યાનસ્થસ્વર્ગત આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર માલવ-દેશોદ્ધારક પૂ. આચાર્યદેવ શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજાના પરમવિનેય શાસનકંટકોદ્ધારક પૂ. મુનિરાજ શ્રી હંસસાગરજી મહારાજ.

વીર સં. ૨૪૭૮ [ પૂ. આગમોદ્ધારક સ્વર્ગદિન ] વિક્રમ સં. ૨૦૦૮

પ્રકાશક – અને – પ્રાપ્તિસ્થાન

શા મોતીચંદ દીપચંદ જી. : ભાવનગર મુ. ઠળીયા. [સૌરાષ્ટ્ર]

કિંમત રૂા ૧-૪-૦

શ્રી અરુણોદય પ્રીં. પ્રેસ — ખારગેટ–ભાવનગર.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

131913

# પ્રાક્કથન.

જીવદયાના પાલન વિષે આ શ્રી હરિબલ મચ્છીનું દૃષ્ટાંત અજોડ છે. શ્રી જિનેશ્વર ભગવંતકથિત અહિંસાધર્મનું પ્રાથમિક પાલન કરવા સજ્જ થએલ પુણ્યવંત આત્માઓને આ દૃષ્ટાંત અહિંસા ધર્મમાં પ્રવેશ કરવા પરમ આલંબનભૂત છે.

શ્રી વંદિત્તુસૂત્રની ટીકાની અંતર્ગત શોભતા આ ૫૦૦ શ્લોક પ્રમાણ ઉત્તમ દૃષ્ટાંતનો પણ અનુવાદ પૂ. ઉપા શ્રી વિજયધર્મસૂરિજી મહારાજે શ્રી વંદિત્તુસૂત્રના અનુવાદની સાથે ચાર વર્ષ પહેલાં કરેલ છે. અને તે અનુવાદમાં પણ (તેમાંના શ્રી જયકુમાર અને વિજયકુમારનાં ચરિત્રના અનુવાદની જેમ) સેંકડો ઉપરાંત વિપરીત અર્થો, હજારથી વધુ અસંબદ્ધ અર્થો અને અનેક સ્થળે અધૂરો અનુવાદ થવા પામેલ છે.

મહાન્ પૂર્વાચાર્યવિરચિત આવા અપૂર્વ અને આવશ્યક ગ્રંથનો સમાજને શુદ્ધ અને સર્વાંગસંપૂર્ણ અનુવાદ પ્રાપ્ત થવાને બદલે એ રીતે વિપરીત અર્થવાળો, અશુદ્ધ અને અપૂર્ણ અનુવાદ પ્રાપ્ત થવા પામે છે, તેમાં સમાજને સત્ય વસ્તુસ્વરૂપથી વંચિત રહેવા જેવું બને છેઃ આ વસ્તુ શોચનીય હોઇને શ્રી વંદિત્તુસૂત્રનો તે સમસ્ત અશુદ્ધ અનુવાદ અમારા તરફથી જેમ સાદ્યંત શુદ્ધ તૈયાર થઇ રહેલ છે, તેમ તે સાથે તેમાંના આ અપૂર્વ દૃષ્ટાંતને પણ અશુદ્ધ અને વિપરીત અર્થો વગેરે દૂર કરવાપૂર્વક યથાશક્તિ સર્વાંગશુદ્ધ તૈયાર કરવામાં આવેલ છે. વાચકો આ અનુવાદને પૂ ઉ. શ્રી ધર્મસૂરિજી મ૦ કૃત તે વંદિત્તુસૂત્રના અનુવાદમાંના આ દૃષ્ટાંતના અનુવાદ સાથે મેળવી જોશે તો સ્વતઃ ખાત્રી થશે કે-" પૂ. ઉ. મ. શ્રી વિજયધર્મસૂરિજી મહારાજશ્રીએ સમાજને સદંતર અસ્તવ્યસ્ત જ અનુવાદ પીરસેલ છે. અને તે ભારે ખેદદિલ્લીની વાત છે."

પૂ. ઉપા. શ્રી વિજયધર્મસૂરિજી મ. ને પણ વિનંતિ છે કે-આપે વિરચેલ તે અનુવાદની સ્ખલનાઓમાં કોઈ જો મારી ભૂલથી રજૂ થતી હોય તો તે સુધારવાની તક આપવા સારુ જય-વિજયકુમારનાં દૃષ્ટાંતની બૂકની જેમ આ બૂક પણ વાંચીને તેવી સ્ખલના જણાવશો. ભૂલો હશે તે આપનો ઉપકાર જાહેર કરવાપૂર્વક અનુવાદના છેડે 'સુધારો' શિર્ષકતળે જરૂર જાહેર કરીશ.

હંસસાગર.

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

॥ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ॥

# શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર-યાને-વંદિત્તુસૂત્રાન્તર્ગત

# શ્રી હરિબલ મચ્છીનું અદ્ભુત દૃષ્ટાંત

અ...નુ...વા...દ..કઃ

શાસનકંટકોદ્ધારક પૂ મુનિરાજશ્રી હંસસાગરજી મહારાજ

**અ**લ્પ પણ જીવદયા, કલ્પલતાની જેમ આ ભવમાં પણ હરિબલમચ્છીને પ્રાપ્ત થયેલાં સુખની માફક, મનમાં કલ્પેલ ઘણાં સુખને થોડાં કાળમાં આપે છે ॥૧॥ અથવા સહેલો પણ નિયમ કરવો સારો છે કે જે નિયમનું આપત્તિકાળે પણ આરાધન કરનાર હરિબલમચ્છીની માફક આ ભવને વિષે પણ અતુલ ફલ પામે છે! ॥૨॥ કાંચનગિરિ (મેરૂગિરિ) ની જેમ શ્રેષ્ઠ સુવર્ણરિદ્ધિની ગણનાવાળું, તાત્ત્વિક આનંદ કરનારને આલ્હાદકારી અને 'સુમનઃશ્રી'-પંડિતોનું આશ્રયસ્થાન,' એવું **કાંચનપુર** નામે નગર શોભે છે. ॥૩॥ તે નગરમાં શત્રુરાજાઓની સેનાને ત્રાસ પમાડનાર **વસન્તસેન** નામે રાજા હતો. તે રાજાને રૂપવડે હિમાલયની સ્ત્રી જેવી **વસન્તસેના** નામે રાણી હતી. ॥૪॥ કેટલોક વખત સંતાન-વિહુણા રહેલ તે રાજા રાણીને જતે દહાડે યુવાનજનને ઉન્માદ કરાવવામાં મૂર્તિમાન વસન્તઋતુના જેવી શોભાને ધારણ કરનારી અને ઘણા ગુણોનું પાત્ર એવી **વસન્તશ્રી** નામે પુત્રી પ્રાપ્ત થયેલ. ॥૫॥ કવિ માટે જેમ તેને અનુરૂપ ઉપમાન મેળવી શકાતું નથી તેમ આ વસંતસેન રાજા, અપ્સરાના રૂપને જીતવા સમર્થ અને પ્રિયા બનવાની ઈચ્છાવાળી એવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે પુત્રી વસન્તશ્રીને અનુરૂપ વર કોઈપણ સ્થળેથી મેળવી શક્યો નહિ ! ॥૬॥ બીજી બાજુ એમ બન્યું કે–તે નગરમાં દરરોજ માછલાંઓને પકડવાની જાળ નાખવામાં નિષ્ણાત અને પ્રકૃતિએ ભદ્ર એવો કોઇ **હરિબલ** નામનો માછીમાર રહેતો હતો. ॥૭॥ તે હરિબલને અનાર્યશિરોમણિ અને પ્રચંડ એવી **પ્રચંડા** નામે ભાર્યા હતી. એ કારણે તેનાથી હંમેશ બીતો અને ઉદાસ રહેતો હરિબલ, સ્વપ્ને પણ સુખ પામતો નહિ ॥૮॥ કહ્યું છે કે—

**कुग्रामवासः कुनरेन्द्रसेवा, कुभोजनं क्रोधमुखी च भार्या ।**
**कन्याबहुत्वं च दरिद्रता च, षड् जीवलोके नरका भवन्ति ॥९॥**

**અર્થ** :–( સુદેવ–સુગુરુ–સુધર્મ અને સુજ્ઞ ધાર્મિકજનોનો જ્યાં વાસ ન હોય તે ) કુગ્રામમાં રહેવું, દુષ્ટ રાજવીની સેવા કરવી, નબળા આહારે જીવવું, ક્રોધમુખી સ્ત્રી હોવી, ઘણી પુત્રીઓ હોવી, તેમ જ દરિદ્રતા હોવી, એ છ બાબતો આ લોકમાં નરકાવાસ છે. ॥૯॥ માછી હરિબલે એક વખતે નદી-કિનારે એક મુનિને જોઇને નમસ્કાર કર્યો.

**હરિબલને મુનિનો મેળાપ અને દયાધર્મની પ્રાપ્તિ.**

મુનિએ તેને 'કાંઇ ધર્મ જાણે છે ?' એમ કહી પોતાની તરફ આકર્ષ્યો અને તેને ધર્મ કહ્યો. ॥૧૦॥ આ (સાંભળી) હરિબલે કહ્યું–'પોતાના કુલનો આચાર એ ધર્મ છે અથવા તેના કરતાં મોટો બીજો ધર્મ કેવો ? તેવા સ્વકુલમાં ઉતરી આવેલ ( આ માછી પકડવાના ) ધર્મને દરરોજને માટે હું એકાગ્રચિત્તે આરાધું છું.' ॥૧૧॥ ( હરિબલની તે વાત સાંભળીને ) મુનિરાજે કહ્યું–'આવું બોલવું મૂઢબુદ્ધિવાળાને ઘટે છે; સમજુ જનોને આવું

Scanned with CamScanner

બોલવું યુક્ત નથી: જો કુલના માર્ગે ચાલવામાં ધર્મ હોય તો અધર્મ શબ્દ, નામથી જ નાશ પામી જાય. ॥૧૨॥ વળી (કુલાચાર જ ધર્મ તરીકે મનાતો હોય તો) સ્વકુલાચારને જ ધર્મ કહેવાની નીતિવાળા પુત્રોએ પોતાના પિતાનું 'દરિદ્રતા-દાસપણું-અન્યાય-દુઃખીપણું' વગેરે ચરિત્ર તજી દેવા યોગ્ય નહિ રહે: અર્થાત્ પિતાનાં દરિદ્રતા-દાસપણું-અન્યાય-દુઃખી-પણું વગેરેને પુત્રોએ કુલનો ધર્મ માનીને નીભાવવાં જરૂરી ઠરે ॥૧૩॥ તેથી કુલાચાર એ ધર્મ નથી, પરંતુ પ્રાણીઓનું રક્ષણ કરવું તે વગેરે ધર્મ છે. તેમાં પણ પ્રાણિરક્ષા તો અર્થિત બધું જ આપવામાં **દક્ષા**=ભૂમિસ્વરૂપ છે. ॥૧૪॥ **हन्त**!=હર્ષની બીના છે કે-સિંહણની માફક અનેક સ્વરૂપવાળી એવી તે જીવદયા એકલી જ હોય તો પણ દુઃખે કરીને અંત પમાય તેવાં પાપજન્ય દુઃખે રૂપ હાથીની હારમાળાનો હંમેશને માટે સત્વર નાશ કરી નાખે છે! ॥૧૫॥ માટે જો તું દુઃખથી ખરેખર કંટાળ્યો હો અને સુખનો અભિલાષી પણ જો હૃદયથી હો, તો શ્રેષ્ઠ ગુણથી પુષ્ટ એવા હે ધીવર! તું જીવદયાને વિષે યત્ન કર; ॥૧૬॥ (મુનિરાજનો તે ધર્મોપદેશ સાંભળીને) બોધ પામેલ હરિબલ બોલ્યો-'ખરેખર દયા જ સાચો ધર્મ છે, પરંતુ રંકને ઘેર ચક્રવર્તીનાં ભોજનની માફક માછીમારનાં કુલમાં જીવદયા કયાંથી હોય?-કેમ પાળી શકાય?' ॥૧૭॥

ઋષિ મહાત્માએ કહ્યું-'જો તું (કુલના કારણે) જીવદયાનું અધિક પાલન કરવા સમર્થ ન હો, તો આટલું કર કે-જાળમાં પહેલા આવેલ મત્સ્યને તારે જીવતો છોડી દેવો. ॥૧૮॥ એટલો પણ નિયમ જો બરાબર પાળવામાં આવે તો સદ્ભાવના-રૂપ જળથી સિંચાએલ તે નિયમ વડના અંકુરાની જેમ

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અતુલ્ય એવા અનંત ફળે કરીને ફળે છે-અનંત ફળદાતા નીવડે છે ! ॥૧૯॥ ગુરુમહારાજે બતાવેલ તે નિયમ સહેલો હોવાથી ધીવર હરિબલે તે નિયમ હર્ષપૂર્વક સ્વીકાર્યો, અને પોતાનાં જાળ નાખવાનાં કાર્ય માટે જઇને નદીનાં જળની અંદર અવિલંબે જાળ નાખી. ॥૨૦॥ નિયમનું ઘણું વિશાળ ફળ તેને પહેલે તબક્કે જ બતાવતો હોય

**હરિબલે કરેલ દયાધર્મનાનિયમનો સ્વીકાર અનેદેવે તુરતજ કરેલ પરીક્ષા.**

તેમ તે જાળમાં રૂષ્ટપુષ્ટ એવો એક મહાન્ મત્સ્ય તત્કાળ આવી પડ્યો ! ॥૨૧॥ (આવો મોટો મત્સ્ય જોવાથી) લોભને લીધે થએલ પુષ્કળ વ્યગ્રતાને હરિબલે, સ્વીકારેલ નિયમના બળવડે રોકીને અને (જાળમાં પહેલો આવેલ તે જ મત્સ્ય ફરીથી પણ જાળમાં આવે તો તેને જીવતો છોડી દેવો સુગમ પડે એ માટે) તે મત્સ્યના કંઠે કોડી બાંધીને તે મત્સ્યને જલદી છોડી મૂકયો ! ॥૨૨॥ નિર્ભય બન્યો હોય તેમ ફરીથી પણ તે જ મત્સ્ય જાળમાં આવ્યો, છતાં પણ હરિબલે તેને ફરીથી પણ એ પ્રમાણે છોડી મૂકયો ! (તે મત્સ્યની દયા ખાતર) હરિબલે બીજે સ્થળે જઇને જાળ નાખી, તો ત્યાં પણ જાળમાં તે જ મત્સ્ય આવ્યો ! અને હરિબલે દયાથી તેને છોડી મૂકયો ! એમાં સાંજ સુધી પણ તે જ મત્સ્ય આવ્યા કર્યો અને હરિબલે પણ તેને મુક્ત કર્યા જ કર્યો ॥૨૩॥ તેમ કરવામાં સ્વીકૃત નિયમનાં પાલનને વિષે દૃઢઆશયવાળા એ હરિબલનાં મનમાં પરિતાપની વાત પણ ન આવી ! ખરેખર, ધીરપુરુષો વિહ્વલતામાં પણ સ્વીકારેલ વિધિને વિષે અધીરતાને ભજતા નથી. ॥૨૪॥ સાંજ સમયે એ રીતે છેવટે

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છૂટો થએલ તે મત્સ્ય, મનુષ્યની વાચાવડે હરિબલને કહેવા લાગ્યો-'હે સાહસિક! તારા સાહસથી હું પ્રસન્ન થયો છું; તને ઇષ્ટ હોય તે વરદાન માગી લે:' ॥૨૫॥ (એ પ્રમાણે મનુષ્યની વાચાથી મત્સ્યને બોલતો સાંભળીને) અતિ વિસ્મય-પૂર્ણ હૃદયવાળો બુદ્ધિમાન્ હરિબલ પણ મત્સ્યને કહેવા લાગ્યો-'હે મત્સ્ય! તું મત્સ્ય છો અને મને શું આપી શકીશ?' મત્સ્યે પણ કહ્યું-'મને તું મત્સ્ય જાણીશ નહિ, અને (મેં વરદાન માગવા આપેલ વચનની) અવજ્ઞા કરીશ નહિ: કારણ કે-હું સમુદ્રનો દેવ છું: તેં આ પ્રકારે જીવદયાનો નિયમ સ્વીકાર્યો ત્યારે હું નજીકમાં હોવાથી મેં તારી (જાળમાં પહેલા આવેલ મત્સ્યને ન મારવો) તે પ્રકારની નિયમની કોટીને જાણીને (તે કોટીમાં તું કેટલો ટકે છે? એ જોવા) પરીક્ષા કરી છે. ॥૨૬-૨૭॥

**गृह्णन्ति नैव नियमं, केचिद् गृह्णन्ति निर्वहन्ति न च ॥**
**गृह्णन्ति निर्वहन्ति च, ते केचित्पंचषाः पुरुषाः ॥२८॥**

**અર્થ**:-કેટલાક નિયમ જ લેતા નથી અને કેટલાક લે છે તો નિયમનો નિર્વાહ કરતા નથી. નિયમ લે અને પાળે તેવા તો પાંચ-છ પુરુષો જ હોય છે. ॥૨૮॥ તું માછીમાર હોવા છતાં પણ તારી (નિયમને વિષે) દૃઢતા છે, તે જોઇને હું પ્રસન્ન થયો છું; માટે કહે: હું તને શું આપું? મત્સ્ય-રૂપ ધારી તે સમુદ્રના દેવે એ પ્રમાણે કહ્યે સતે હરિબલ હર્ષપૂર્વક બોલ્યો-'હું જ્યારે આપત્તિમાં આવી પડું ત્યારે તું મારું રક્ષણ કરજે.' ॥૨૯॥ દેવ પણ હરિબલની તે માગણીને સ્વીકાર કરીને તત્કાળ અદૃશ્ય થયો. આખા દિવસમાં મત્સ્યનો લાભ નહિં થયો હોવાથી (મત્સ્ય વિના ઘેર જઇશ તો સ્ત્રી

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દુ:ખી કરશે, એ ભયથી) હરિબલ તો ગભરાયો થકો તે રાત્રિએ શહેર બહારના કોઇ દેવમંદિરમાં રહ્યો ॥૩૦॥ ત્યાં રહ્યો થકો 'માછીમાર અને શ્રેષ્ઠ બુદ્ધિમાન્' એમ બંને પ્રકારે ધીવર-હરિબલ વિચારે છે, જે-અહો ! ચક્રવર્ત્તિની ડાંગર (આજે વાવે અને આજે જ ફળે) ની જેમ મને નિયમ જલદી કેમ કરીને ફલદાયી થયો? ॥૩૧॥ એક જ જીવની દયાથી અને તે પણ આ પ્રમાણે વેગથી દેવનું વરદાન પ્રાપ્ત થયું, તે જોતાં બધા જ જીવોની દયા પાળું ત્યારે તો કોને માલૂમ કેટલું ફળ પ્રાપ્ત થાય? ॥૩૨॥ જીવો પરની દયાને લીધે જેઓ જંતુઓને કદી પણ હણતા નથી તેઓ ધન્યપુરુષોમાં પણ શિરોમણિ છે, તેમ નિરપરાધી જંતુઓને હણવામાં સતત રક્ત એવા મને ધિક્કાર છે. ॥૩૩॥ તેથી કોઇક બીજા ઉપાયથી કેમે કરીને પણ જો હું નિર્વાહ ચલાવતો થઉં તો કરેલા સુકૃતને હણી નાખવાના સ્વભાવવાળી હિંસાને હું વિષ-વેલીની માફક તજી દઉં. ॥૩૪॥ દયાધર્મનું ફલ જેણે આ લોકમાં પ્રત્યક્ષ જોયું ! એવો તે ભદ્રપ્રકૃતિવાન્ અને ભવિષ્યમાં પણ કલ્યાણી એવો હરિબલ, જેવામાં એ પ્રમાણે ચિંતવે છે, તેવામાં શું બન્યું? તે હે ભાઇઓ ! સાંભળો: ॥૩૫॥ એક વખતે રાજમહેલના ગોખે બેઠેલી તે રાજપુત્રી વસંતશ્રીએ પહેલાં એક વાસુદેવના રૂપની શોભાવાળા હરિબલ નામના શ્રેષ્ઠીપુત્રને માર્ગે જતો દીઠો. ॥૩૬॥ તે શ્રેષ્ઠીપુત્રને જોતાં-ને વેંત તેની જોડેના-પ્રેમસમુદ્રમાં ડૂબી ગયેલ વસંતશ્રી, તે શ્રેષ્ઠીપુત્રને મેળવવાના ઉપાયો કરવા લાગી ! અને ભમરી જેમ કમલને જઈ મળે તેમ કેઇક રીતે કોઇક ઠેકાણે તે શ્રેષ્ઠીપુત્રને મળી પણ ખરી ! ॥૩૭॥ અને ભ્રમિત કરી નાખ-

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S.                                   Jun Gun Aaradhak Trust

નારા ઔષધની જેમ તે ધૂર્ત્તાએ સ્ત્રીસ્વભાવને સુલભ એવાં ચાલાકીપૂર્ણ પ્રિયવચનોવડે શ્રેષ્ઠીપુત્રને ભ્રમિત બનાવી દીધો! ॥૩૮॥ પરિણામે સંકેતસ્થાને આવવું, દૂર જવું, પરણવું વગેરે વસંતશ્રીએ તેને જે કાંઇ કહ્યું તે બધું જ શ્રેષ્ઠીપુત્ર હરિબલે રાજાના ભય વગેરેને અવગણીને વિનંતની માફક સ્વીકાર્યું. ॥૩૯॥ બંનેએ એ રીતે મળવાને માટે કરી રાખેલ સંકેતનું સ્થાન અને દિવસ, ભાગ્યયોગે એ જ હતા કે જે દિવસે અને જે સ્થાને ચિંતાતુર હરિબલ માછી રાત રહ્યો હતો! ॥૪૦॥ હવે તે છૂપાં કર્મો કરનારાઓને ઇચ્છિતની પ્રાપ્તિ કરી આપનારી રાત્રિ (પણ તે દિવસે) કોઇ પ્રકારે આ બંનેની પ્રાર્થનાથી હોય તેમ અતિઘોર કાળી બની! ॥૪૧॥ સંકેતસ્થાને જવાની ઉત્કંઠાવાળો શ્રેષ્ઠીપુત્ર હરિબલ,

**વણિક હરિબલને બદલે માછી હરિબલને દેવકુલમાં રાજપુત્રીનો મિલાપ !!!**

તે રાત્રિને વિષે તૈયાર થઇને 'મતિ ભાગ્યાનુસારિણી, એ યુક્તિ મુજબ' ચિંતવવા લાગ્યો કે **'अधुनात्विति०'**– હમણાં તો આ પ્રમાણે વર્ત્તવા તૈયાર થયો છું; પરંતુ **'को वेद किं पुरस्ताद्भविता?'** –કોને માલુમ આગળ જતાં શું થશે? કદાચિત જો રાજા અપરાધી તરીકે મને ઓળખી કાઢે, તો નક્કી યમરાજને સુપ્રત કરે. ॥૪૨-૪૩॥ એવી આશંકા ઉત્પન્ન થવાને લીધે જવાની ઇચ્છાવાળો હોવા છતાં તે વણિક હરિબલ, જમવાની ઇચ્છા છતાં જમી શકે નહિ તેમ (કુંવરીએ આપેલ સંકેતસ્થાને) જઇ શક્યો નહિ! અહો વણિક લોકોની બીક! ॥૪૪॥ કહ્યું છે કે–

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

स्त्रीजातौ दाम्भिकता, भीलुकता भूयसी वणिग्जातौ ॥
रोषः क्षत्रियजातौ, द्विजातिजातौ पुनर्लोभः ॥ ४५ ॥

**અર્થ**:-સ્ત્રીજાતિને વિષે દાંભિકતા હોય છે. વણિક્જાતિમાં પુષ્કળ ડરપોકતા હોય છે, ક્ષત્રિયજાતિમાં રોષ હોય છે અને બ્રાહ્મણ જાતિમાં લોભ હોય છે. ॥૪૫॥ બહુ આશંકારૂપ વ્યાધિથી વ્યાકુળ એવો માણસ ખરેખર, આવાં કાર્યમાં આ લોક સંબંધીનું અને પરલોક સંબંધીનું પણ સ્વહિત કરવાને સમર્થ થતો નથી. ॥૪૬॥ અથવા તેવા પ્રકારનું ભાગ્ય તે વણિકનું ક્યાંથી જાગતું હોય કે-જેણી તે વસંતશ્રી જેવી રાજકુમારીને પામે ? કારણ કે-પૃથ્વીનો ભર્ત્તા બને તે તેવી કન્યાનો ભર્ત્તા બને. ॥૪૭॥ ('**નર**' શબ્દ કરતાં **નાર** શબ્દ એકમાત્રા અધિક છે એ હિસાબે) તે વસંતશ્રી તો એકમાત્રાએ અધિક એવી સ્વજાતિ નાર (જાતિ) સાહસથી માતા સાથે ખોટી રીતે કલેશ કરીને ઈચ્છા મુજબ જુદા મહેલમાં રહેવા લાગી. ક્રમે સંકેતદિવસે ત્યાંથી ચાલાકીપૂર્વક જાત્યવંત રત્નો વગેરે પુષ્કળ ધન અને વસ્ત્રો લઈ શ્રેષ્ઠ અશ્વ પર બેસી આપેલ સમયે (હરિબલ માછી રહ્યો છે તે) દેવકુલના દ્વારે સાક્ષાત્ નગરદેવીની માફક આવી. ॥૪૮ ૪૯॥ (રાજમહેલથી દેવકુલે) નિર્વિઘ્ન સત્વર આવવાથી આનંદમાં આવી જવાને લીધે અત્યંત ધૈર્યવાન્ બનેલી તે વસંતશ્રી બોલી-'ભાગ્યશાળીઓને વિષે મુખ્ય એવા હે હરિબલ ! [**કચ્ચિત્**-પ્રશ્નાર્થે.] આપ અહિં છો ? ॥૫૦॥ અપ્સરા દેવીની માફક અશ્વનું વાહન અને દિવ્ય અલંકારને ધારણ કરવાવાળી તે વસંતશ્રીને જોઈને તેમજ કાનને અમૃત સરખું તેણીનું તે પ્રકારનું વચન સાંભળીને દેવકુલમાં રહ્યા થકા વિસ્મય પામવાપૂર્વક પ્રમુદિત

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થએલ હરિબલ માછીએ ('હા' હું છું એમ સૂચવતો) હુંકાર કર્યો! આનંદનો હેતુ નહિ હોવા છતાં પણ તે હુંકારથી વસંતશ્રી અંતરમાં અત્યંત આનંદ પામી! ॥૫૧-૫૨॥ અને બોલી–હે ચતુર ચિત્તવાળા હરિબલ! ઉતાવળી ગતિએ આગળ ચાલો, કે જેથી કરીને દેશાન્તર જવાથી આપણા મનોરથો ફળે ॥૫૩॥ "નક્કી પ્રેમમાં આસક્ત એવી આ બાળા, અહિં મળવાને સંકેત કરી રાખેલ કોઇ મારા નામના બીજા માનવીને બોલાવે છે: તેથી તે સ્થાને હું જ શા માટે ન જઉં? આ સંયોગ ભાગ્યથી જ ઉપસ્થિત થયો છે" એ પ્રમાણે હૃદયમાં ચિંતવતો માછી હરિબલ, દેવકુલમાંથી સત્વર નીકળીને અને ત્યારબાદ તેની આગળ થઇને ચાલવા લાગ્યો! ॥૫૪-૫૫॥ પાપીજનોની પરંપરારૂપ (મચ્છ પકડવાની) 'आनायं'=જાળને તેણે કુકર્મને છોડવાની સાથે ત્યાં જ ફેંકી દીધી! ખરેખર, રાજ્યની આશા વર્તતી હોય ત્યાં ભિક્ષાનું કપાલ (માગી ખાવાની ખોપરી) કોણ હાથમાં લે? ॥૫૬॥ આગળ ચાલતાં તેને તેવા પ્રકારનો જોઇને તે કુંવરી શંકામાં પડી અને બોલી–હે કુમાર! નગ્નની જેવા અને વાહન વિનાના કેમ છો? શું તમારું ધન, કોઇએ પણ હરી લીધું? (ધન તો કાંઇ હરાયું નથી પણ) 'આજ તારા વડે મારું દુષ્કર્મ જ હરાયું છે!' એમ મનમાં બોલતો તે ઉત્તમ બુદ્ધિવાળો હરિબલ, બહારથી જવાબમાં કુંવરીને ઘણા વિલંબે માત્ર 'હું'કાર જ આપવા લાગ્યો! ॥૫૭-૫૮॥

'નક્કી સઘળું જ ગુમાવ્યું હોવાને લીધે ખેદિત હોવાથી આ બોલતો નથી' એમ વિચારીને વસન્તશ્રીએ 'વરની જેમ તમે આ (હું લાવી છું તે) શ્રેષ્ઠ વેષને ધારણ કરો'

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ પ્રમાણે કહ્યું અને જણાવ્યું કે-હે નિપુણ! પુષ્કળ ધન લાવી છું તેનાથી વિશુદ્ધ હેતુથી સિદ્ધિ પ્રાપ્ત થાય તેમ આપણાં સઘળાં જ ઇચ્છિત કાર્યોની ખરેખર સિદ્ધિ થશે ॥૫૯-૬૦॥ તેથી કરીને (ધન ગયું) તે વિષયમાં ખેદરૂપ ચંડાળની પાસે પણ જવાનું રહેતું નથી. પંડિત પુરુષો

**શંકિત રાજકુંવરીનો હરિબલને દિલાસો અને પરદેશ પ્રયાણ.**

ધનહાનિ વગેરેને ખરાબ સ્વપ્નની જેમ યાદ પણ કરતા નથી. ॥૬૧॥ એ પ્રમાણે કહીને વિદુષી વસન્તશ્રીએ હરિબલનાં મનને આનંદિત કરવાને માટે માર્ગને વિષે તે તે પ્રકારની પ્રેમરસમાં ઉલ્લાસ પેદા કરનારી વાર્ત્તાઓ કરવા માંડી. ॥૬૨॥ છતાં '**तदेकगतिः**' દરેક બાબતમાં માત્ર 'હુંકાર' જ આપવાનો નિરધાર કરી બેઠેલ હરિબલ તો કુંવરી જે જે વાતો કરે છે, તે દરેક વાતોના ઉત્તરમાં પણ માત્ર 'હું'કાર જ આપતો રહ્યો આ 'હું'કારપણું હરિબલને જીવદયાના નિયમની માફક તાત્કાલિક ફલને માટે થયું! ॥૬૩॥ આ હરિબલ માછીનું તથા પેલા હરિબલ વણિકનું ઊંચાઇપણું વગેરે સરખું હોવાથી તેમજ '**द्वयेन तमसा**'- અજ્ઞાનરૂપ અંધકાર અને રાત્રિનો અંધકાર એ બે અંધારાને લીધે તે વસન્તશ્રી પહેલાં નિઃશંક હતી, પરન્તુ તે પછી તો તેને આ પ્રકારે શંકા થવા લાગી કે ॥૬૪॥ આ માણસ આ પ્રમાણે અહંકારીની જેમ માત્ર મૂઢતાસૂચક 'હું'કાર જ કેમ કર્યાં કરે છે? આ પ્રમાણે શંકિતની માફક મારાથી પણ દૂર કેમ ચાલે છે? ગુસ્સે થએલ સ્વામિની જેમ ક્યારેય પણ મારી સામે મોઢું કેમ કરતો નથી? વળી બેઅદબ ગતિ

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જેવો હોવાથી આ કોઈ પણ બીજો પુરુષ તો નહિ હોય? ॥૬૫-૬૬॥ તે બાળા એ પ્રમાણે શંકારૂપ શલ્યની પીડાની પરંપરાથી સંકટગ્રસ્ત બની છે, તેવામાં તેની શંકાના નિવારણ માટે જ હોય તેમ ચન્દ્રનો ઉદય થયો. ॥૬૭॥ ચંદ્રનો ઉદ્યોત થયે સતે તે બાળા જેવામાં હરિબલની

**બીજો જ પુરુષ જણાવાથી બાળા-નો પરિતાપ.**

નજીક આવીને જુએ છે, તેવામાં ઈચ્છિત હરિબલને બદલે તેને (હરિબલ માછીને) જાણીને તેણીએ અત્યંત 'હા-હા'કાર કરી મૂકયો! ॥૬૮॥ અકસ્માતપણે કઠોર વજ્ર પડવાની માફક હણાઇ જવાને લીધે અત્યંત દુ:ખાર્ત્ત બની, અને વિચારવા લાગી કે-'અરે દુર્દૈવ! તને ધિક્કાર છે કે-જલપાન કરવા જતાં સરોવરના કીનારાના કીચડમાં ખૂચી જવાને લીધે જલ અને સ્થલ બંનેથી ભ્રષ્ટ થએલા હાથીની જેમ હું પણ રાજ્યસુખ અને પતિસુખ બંનેથી ભ્રષ્ટ થઇ! ॥૬૯॥ કહ્યું છે કે—

**निदाघे दाहार्त्तः प्रचुरतरतृष्णातरलित ॥**
**सरः पूर्णं दृष्ट्वा त्वरितमुपयातः करिवरः ॥**
**तथा पङ्के मग्नस्तटनिकटवर्तिन्यपि यथा ॥**
**न नीरं नो तीरं द्वयमपि विनष्टं विधिवशात् ॥७०॥**

**અર્થ**:-'ગ્રીષ્મઋતુમાં ગરમીથી પીડાએલો અને અત્યંત તૃષાને લીધે આકુળવ્યાકુળ બનેલો શ્રેષ્ઠ હાથી, જળથી ભરેલું સરોવર દેખીને ઉતાવળે તે સરોવર પાસે આવ્યો: એવામાં તે સરોવરના કિનારાની નજીકમાં રહેલ કીચડમાં એવો ખુંચી ગયો કે (ત્યાં ઊભો આ બાજુ નીર અને પેલી બાજુ તીર નજરે જુએ છે છતાં તે) પાણી પાસે કે તીરે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જવાને શક્તિમાન બન્યો નહિ ! અર્થાત્ તે બિચારો દૈવયોગે નીર અને તીર બંનેથી ભ્રષ્ટ થયો ! ॥૭॥' જે હેતુ માટે પિતા વગેરેનો વિરહ કરવો પડ્યો, રાજ્યલક્ષ્મીનો ત્યાગ કર્યો, ભાગી નીકળી અને લોકવિરુદ્ધ આચરીને અહિં આવી તો મણિને બદલે માટીની જેમ બાળાને વણિક હરિબલને બદલે માછી હરિબલ પ્રાપ્ત થયો ! ॥૭૧॥ ખરેખર વિદ્વાન્ પુરુષોએ પુરુષોને માટે અને વિશેષે કરીને સ્ત્રીઓને માટે સ્વચ્છંદે વર્ત્તવાનો નિષેધ કરેલ છે, તે ઉચિત છે; કારણ કે-સ્વચ્છંદ-

**પોતાના સ્વચ્છંદને શોચતી કુંવરીનું અચેતન બની ધરણી પર ઢળી પડવું.**

ચારિતાનું આ ફળ મને પ્રથમ તકેજ પ્રાપ્ત થયું ! ॥૭૨॥ દુર્બુદ્ધિવાળી એવી મને ધિક્કાર છે કે-મેં પહેલાં 'આ નિર્ધન અને નગ્ન જ છે' એમ નિર્ણય કરી લીધો નહિ. હવે તો દીર્ઘકાળ શરીર તપાવીને પણ મારી મરણ સિવાય ગતિ કઈ ? ॥૭૩॥ હંમેશને માટે જીવતાં મરવા જેવા આ મૂર્ખ, દુર્ભાગી, ખરાબ કુલવાળો, દુષ્ટ અને અનિષ્ટ વગેરે પ્રકારના પતિના સંયોગ કરતાં મરી જવું તે સારું છે' એ પ્રમાણેની અત્યંત માનસિક વ્યથાથી પીડાતી હોવાને લીધે પોતાના જીવનનાશને પણ ઈચ્છતી એવી તે દુઃખી વસન્તશ્રી, મુંઝાઇને બેભાન બની અશ્વ પરથી નીચે પટકાઈ પડી, અને ચૈતન્યવિહોણી બની જવા પામી હોય તેમ ધરણી પર આળોટવા-તરફડવા લાગી. ॥૭૪-૭૫॥

(કુંવરીની આ સ્થિતિ જોઇને હરિબલ વિચારે છે કે) આ કુંવરી મને માત્ર જોઈને પણ અગ્નિમાં ડૂબી ગઈ હોય એવી મૂર્છિત બની, તેવી તેણીની જોડે હું નિર્ભાગી, ગૃહવાસ

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વગેરેના આશાનું યુદ્ધ કરું છું, તે કેમ બને! મારે કરવું શું? અથવા મારા પર તુષ્ટમાન થએલ સમુદ્રનો દેવ, અહિં મને સહાય કરો. ઉત્તમ બુદ્ધિવાળો હરિબલ એ પ્રમાણે જેવામાં તે દેવનું સ્મરણ કરે છે, તેવામાં કુંવરીને શુભ વિચારો આવ્યા અને વિચારવા લાગી કે-'જે ગયું તેના ખેદથી શું લાભ? વળી ગયું તેનો શોચ કરનાર, પોતાની પોતે પ્રશંસા કરનાર અને સ્વાર્થનો વિનાશ કરનાર મૂર્ખ છે. ॥ ૭૬-૭૭-૭૮ ॥ 'कथा सम्बन्ध'માં કહ્યું છે કે-

**હરિબલના દેવસાનિધ્યથી બાળાનો વિચાર-પલટો.!**

"खादन्न गच्छामि हसन्न भाषे,
गतं न शोचामि कृतं न मन्ये॥
द्वाभ्यां तृतीयो न भवामि राजन्!
अस्मादृशाः केन गुणेन मूर्खाः? ॥ ૭૯ ॥

**અર્થ**:-(કોઇ રાજાએ કોઇને મૂર્ખ કહ્યો તે બાબત તે માણસ જણાવે છે તેવા લક્ષણવાળો રાજાને પૂછે છે કે-) હે રાજન્! હું રસ્તે જતાં ખાતો નથી, બોલતાં હસતો નથી, ગઇ વસ્તુનો શોચ કરતો નથી, કોઇના પર ઉપકાર કર્યો હશે તો તે 'મેં કર્યો' એમ માનતો નથી અને બે જણ વાત કરતા હોય તેની વચ્ચે ઘુસી જઇને હું ત્રીજો થતો નથી: પછી અમારા જેવા માણસો કયા ગુણથી મૂર્ખા કહેવાય? ॥૭૯॥" માટે (રાજકુંવરી મનમાં ધારે છે કે-) કર્મે આપેલા આ પતિને જ વિશેષ પ્રકારે જાણી લઉં કે-એ કોણ છે? તેની જાતિ કઇ છે? તે પોતે કેવા પ્રકારનો છે અને તેનું જીવન-સ્વરૂપ શું છે? ॥ ૮૦ ॥ પહેલાં સંકેત કરી રાખેલ હરિબલને

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્થાને તૈયાર અને હવે મારી સમીપમાં રહેવાથી આ પુરુષ ભાવી ભાગ્યવાન્ તો ગણાય, અથવા તો હું જ મંદભાગ્યવાળી કે જેથી આવા પુરુષને અનુસરી. ॥ ૮૧ ॥ તેથી કરીને આ બાબત એમને પૂછીને પણ નિર્ણય કરું, અથવા તો જેને માલીક માન્યા તેનાથી નિર્ણય કરવાનો પણ શું હોય ?"

**દેવવાણીથી બંનેને ઉપજેલ આનંદ, અને વનમાં જ ગાંધર્વ લગ્ન.**

એ પ્રમાણે વસન્તશ્રી, સંશયની પરંપરામાં અટવાઇ રહી છે, તેવામાં આકાશમાં આ પ્રમાણે દેવવાણી થઇ કે-'તન્વંગિ! જો તું શ્રેષ્ઠતમ મહત્ત્વને ઇચ્છતી હો તો તારા અસમાન ભાગ્યથી આવી મળેલ અને એ પ્રકારે મહોદય પ્રાપ્ત કરનાર એવા આ (હરિબળ માછી) પુરુષનો પતિ તરીકે સ્વીકાર કર ॥ ૮૨-૮૩ ॥' એ પ્રમાણે આકાશમાં થએલ દિવ્ય વાણીએ સાધેલી છે ઇચ્છા જેની એવી તે વસન્તશ્રી, હૃદયને વિષે આનંદિત થઇ અને પ્રિયઆલાપવડે કરીને વિનય અને પ્રેમપૂર્વક હરિબલ માછીને બોલાવવા લાગી ॥ ૮૪ ॥ તેમજ પહેલાં પરિતાપને લીધે લાગેલી તૃષાને દૂર કરવા સારુ હરિબળ પાસે જળ માગ્યું ! ખરેખર, રસ—રાગની અર્થિની એવી તે કુમારીએ તે અવસરે રસ-પાણી માગ્યુ તે ઉચિત જ છે. ॥૮૫॥ 'નવા અનુરાગને માટે કષ્ટ પણ અમૃત કરતાંય ઇષ્ટ હોય છે.' એ હિસાબે (તે કુંવરીની યાચના પૂરવાને) પ્રમુદિતચિત્તવાળો હરિબલ, જળ લાવવાને માટે જલદી રવાના થયો. ॥૮૬॥ નીર અને તીર હોવાનાં સ્થાનોને નીશાનીઓ ઉપરથી જાણી લેવાનો અભ્યાસી હરિબલ, રાત્રિને વિષે પણ જંગલમાં ભમતો કોઈ સ્થળેથી જળ મેળવીને અતિ તૃષાને લીધે જીવનથી

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જવા બેઠેલી વસન્તશ્રીને જીવન લાવી આપવાની જેમ પાણી લાવીને આપવાવડે સંતુષ્ટ કરી! ॥૮૭॥ રત્રિને વિષે પણ અજાણ્યા જંગલમાં જલદી જળ લાવવાથી વસન્તશ્રીએ-'હરિ-બલ, સાહસિકતામાં પણ અતિશયી-અધિક છે' એમ નિર્ણય કર્યો. ॥૮૮॥ બાદ આ વધૂવરને પ્રસાદવિધિવડે 'હવેથી તમારે સુપ્રભાત છે.' એમ દર્શાવવા સારુ હોય તેમ વિશાલ શોભા-વાળી સૂર્યની પ્રભાત બંનેની પ્રીતિની માફક સર્વતઃ વિસ્તાર પામી અર્થાત્ રાત્રિ વ્યતીત થઇ અને પરોઢિયું ખીલી ઊઠયું. ॥૮૯॥ હવે 'મનથી જે સુંદર માન્યું તે જ જગતમાં સુંદર છે' એ હિસાબે હરિબલને રૂપવાન્ અને સોભાગ્યના ભંડાર તરીકે જોતી વસન્તશ્રી, હરિબલને સ્નેહપૂર્વક કહે છે-હે સોભાગ્યવતોને વિષે મુખ્ય! હમણાં મારું પાણિગ્રહણ કરો, અને આપના પ્રતિ વિનયવાળી એવી મને ગ્રહણ કરો, આજ ( આજની આ પળ જ ) લગ્નવેળા છે, એમ મેં પહેલાં પણ નિર્ણીત કરી રાખેલું છે. ॥ ૯૦-૯૧॥ અહો નિયમધર્મનો મહિમા!' એમ ચિંતવતાં અત્યંત રોમાંચ અનુભવતા તે હરિ, ( પક્ષે-કૃષ્ણ ) ગાન્ધર્વ વિવાહથી લક્ષ્મી જોડે વિવાહ કરે તેમ વસન્તશ્રીને પરણ્યો! ॥ ૯૨ ॥ આ હરિબલની સાથે-પ્રવૃદ્ધિવડે લક્ષ્મીનું સરખાપણું બતાવતો હોય [ તું અને હું બંને શ્રી=લક્ષ્મીમાં સરખા છીએ, તું વસન્તશ્રીને વર્યો છે, તે જ સમયે હું ઉદયશ્રીને વર્યો છું, એમ જણાવતો હોય ) તેમ સામે સૂર્ય ( નારાયણ ) પણ ઉદયશ્રીને ખરેખર તે જ વખતે પરણ્યો! અર્થાત હરિબલ અને વસન્તશ્રી ગાંધર્વ-લગ્નથી જોડાયા તે જ વખતે સૂર્યનો ઉદય થયો. ॥ ૯૩ ॥ ( ત્યાંથી બંને આગળ ચાલતાં આવેલ ) કોઇ ગામમાં બુદ્ધિ-

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શાળી એવા આ નવપરિણીત વસન્તશ્રીનાં વચનથી લક્ષણે કરીને ઉત્તમ અને ગતિમાં ચતુર એવા 'લક્ષ્મીના સંગમ જેવા' એક શ્રેષ્ઠ અશ્વને હરિબલે ખરીદી લીધા. ॥ ૯૪ ॥ એ પ્રમાણે જે જે કાર્ય માટે જરૂર લાગી તે તે કાર્યને યોગ્ય દાસ દાસીઓ પણ રાખી લીધા! છતે પૈસે કોણ બુદ્ધિમાન્ શરીરને ક્લેશ આપવામાં પ્રવર્તે? ॥૯૫॥ હવે પૂર્વ કૃતસુકૃતે પ્રેરેલ હોય તેમ ક્રમે કરીને બહુ દેશોનું ઉલ્લઘન કરતો તે હરિબલ, લક્ષ્મીથી ભરપૂર એવા વિશાલપુર નામના નગરમાં આવ્યો. ॥૯૬॥ રાજકુંવરીએ લાવેલા ધનથી ઘરને યોગ્ય સમગ્ર સામગ્રી વસાવવા ભાગ્યશાળી બનેલ હરિબલ તે નગરમાં શ્રેષ્ઠતર મકાન ભાડે લઈને તેમાં સુખપૂર્વક રહેવા લાગ્યો! અને વિચારે છે કે—'નિંદ્ય એવો હું કયાં? ધન્યા એવી આ રાજકન્યા કયાં? અને મને દરિદ્રીને આ અપાર ધન કયાં? (જે વસ્તુઓનો મારે માટે કદિ સંભવ નથી તે) આ દરેક વસ્તુઓનો યોગ મને ખરેખર પૂર્વસંચિત શુભ કર્મથી પ્રાપ્ત થયો છે, તેથી આજે પ્રાપ્ત થએલી લક્ષ્મીનું ફલ શું કામ ન મેળવું? ॥૯૭-૯૮॥ એ પ્રમાણે વિચારીને હરિબલ, ધનનો અત્યંત પ્રકારે દાન આપવામાં અને ભોગમાં ઉપયોગ કરવામાં પ્રવર્ત્યો. ખરેખર, પુરુષના ભાગ્યનો અભ્યુદય થાય છે, ત્યારે તેની મતિનો પણ અભ્યુદય થાય છે. ॥૯૯॥ પુષ્કળ દાન અને વિશાલ ભોગ વગેરેના ભપકાથી નગરમાં હરિબલની 'આ કોઈ રાજાનો પુત્ર છે' એ પ્રમાણે ખ્યાતિ ફેલાવા પામી! અથવા તો દાનથી શું થતું નથી? ॥૧૦૦॥ કહ્યું છે કે—

**વિશાલપુરના રાજાથી પણ હરિબલનું થએલ બહુમાન.**

Scanned with CamScanner

पात्रे धर्मनिबन्धनं तदितरे प्रोद्यद्दयाख्यापनं ।
मित्रे प्रीतिविवर्द्धकं रिपुजने वैरापहारक्षमम् ॥
भृत्ये भक्तिभरावहं नरपतौ सन्मानपूजाप्रदं ।
भट्टादौ च यशस्करं वितरणं न क्वाप्यहो निष्फलम् ॥१०१॥

**અર્થ**:–પાત્રમાં દાન આપવાથી ધર્મનું કારણ બને છે, સામાન્ય જનોમાં દાન આપવાથી અત્યંત પ્રકારે દયાની ખ્યાતિ ફેલાવનારું બને છે, રાજાને વિષે જોડવાથી પૂજા–સત્કારનું સ્થાન પ્રાપ્ત કરાવે છે અને ભાટ–પંડિત વગેરેમાં જોડવાથી યશ વિસ્તારે છે! ખરેખર કોઈ પણ ઠેકાણે આપવું તે નિષ્ફળ નથી! ॥૧૦૧॥ એ પ્રમાણે હરિબલની પ્રસિદ્ધિ સાંભળીને તે નગરના રાજાએ હરિબલને રાજસભામાં બોલાવીને તેનું બહુ સન્માન કર્યું. શુભના ઉદયે સઘળું જ અનુકૂળ બની જાય છે. ॥૧૦૨॥ હરિબલ પણ રાજાની એવી સુંદર સેવા બજાવવા લાગ્યો કે–જેથી પોતે રાજાનું શ્રેષ્ઠ પ્રસાદપાત્ર બની ગયો! કારણ એક જ કે–રાજસેવાને જાણનારા તે હરિબલ પાસે ખરેખર સેવારૂપ કામધેનુ હતી. ॥૧૦૩॥ શાસ્ત્રકારો પણ કહે છે કે–'શૂરવીર પુરુષ, વિદ્વાન્ પુરુષ અને અન્યની સેવાનો જાણ પુરુષ; એ ત્રણ પુરુષો સુવર્ણનાં પુષ્પો ઉગાડનારી પૃથ્વીને મેળવે છે. ॥૧૦૪॥ આદરપૂર્વક ભોજન કરાવવું તે સર્વ સન્માનોમાં પહેલું સન્માન છે.' એમ વિચારીને રાજાએ એક દિવસે હરિબલને તેની સ્ત્રી સહિત જમવા નિમંત્રણ આપીને ભક્તિ-પૂર્વક જમાડ્યો. ॥૧૦૫॥ પરિણામ એ આવ્યું કે–હરિબલની સ્ત્રીનું અસમાન રૂપ

**વસન્તશ્રી પર રાજાની કુદૃષ્ટિ, અને હરિબલને હણવાનો દુષ્ટ ઉપાય**

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જોઇને રાજા તેમાં લુબ્ધ બન્યોઃ એટલું જ નહિ, પરંતુ (તે સ્ત્રીને મેળવવા સારું) હરિબલને સત્વર હણી નાખવાનો પણ વિચાર કરવા લાગ્યો ! કામીજનોનાં ચિત્તને ધિક્કાર છે! ॥૧૦૬॥ રાજાના આ ખરાબ ઉદ્દેશને મંત્રી સમજી ગયો હોવા છતાં પણ તેણે રાજાને તે અશુભ આશયથી અટકાવ્યો તો નહિ, પરંતુ હરિબલનો વધ કરવાની બુદ્ધિ આપીને તેમાં ઉત્તેજિત કર્યો ! ॥૧૦૭॥ ધિક્કાર છે કે-સ્વામીનો પ્રસાદ જ મેળવવાની તુચ્છ આશાથી દુરાશયી મંત્રીઓ, તુચ્છ આશયોને પણ પોષે છેઃ ખરેખર, તેઓ આ લોક અને પરલોકને વિષે તેનાં ફળ તરીકે ભવિષ્યમાં પ્રાપ્ત થનારી અનર્થની પરંપરાને પણ વિચારતા નથી ! ॥૧૦૮॥ કહ્યું છે કે **सर्वत्र सुलभा राजन् पुमांस: प्रियवादिन: ॥ अप्रियस्य च पथ्यस्य, वक्ता श्रोता च दुर्लभ: ॥ અર્થ**:-હે રાજન્! મીઠું બોલનારા પુરુષો સર્વત્ર મળી આવવા સુલભ છે, પરંતુ હિતકારી એવું અપ્રિય-કટુ બોલનાર અને તેને સાંભળનાર એક પુરુષ પણ મળવો મુશ્કેલ છે. ॥૧૦૯॥ હવે તે મંત્રીની બુદ્ધિએ રાજા. રાજસભામાં બેઠો થકો આ પ્રમાણે બોલ્યો કે-'મારા પુત્રનો વિવાહમહોત્સવ, સર્વ મહોત્સવો કરતાં અતિ ઉત્કર્ષથી કરવાને ઇચ્છું છું, તેથી તે મહોત્સવ પ્રસંગે દુશ્મનો માટે ભયંકર એવા બિભીષણને આમંત્રણ આપવું છેઃ માટે આ સભામાં એવો સત્ત્વાધિક પુરુષ કોણ છે? કે જે લંકાએ જઇ બિભીષણને અહિં સપરિવાર આવવાનું આમંત્રણ આપી આવે?' ॥૧૧૦-૧૧૧॥ રાજાનો તેવો અઘટિત આદેશ સાંભળીને સર્વ સભાજનો નીચું જોઇ રહ્યે સતે કપટથી રાજા, હરિબલનાં મુખ સામે જોવા લાગ્યો ! તેવામાં દંભનો ભંડાર એવો તે મંત્રી બોલ્યો-'હે દેવ! આ

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આપના સેવકો કેવા ? કે-જેઓ સ્વામીના આદેશમાં આમ નપુંસકતાપૂર્ણ દેખાતા નીચું મુખ કરી બેઠા છે? ॥૧૧૨-૧૧૩॥ મનુષ્યોને સાધ્યની સિદ્ધિ થવામાં કારણ તરીકે ચિત્તનો ઉત્સાહ હોવાથી પહેલેથી જ ઉત્સાહ વગરના નિર્માલ્ય જણાતા માણસોથી વસ્તુની સિદ્ધિ કેમ થાય ? ॥૧૧૪॥ હે દેવ ! તમારી ધારણા આ હરિબલ માટે જ ઉચિત છે કે-જે મહા-ઉત્સાહી અને કાર્ય કરનાર છે વિશેષ કહીએ તો સમસ્ત જગતનો ધર્ત્તા (કહેવાય છે તે ‘હરિ’ નહિ. પરંતુ) આ હરિ જ છે’ ॥૧૧૫॥ એ પ્રમાણે (પોતાની ખોટી પ્રશંસા સાંભળીને

**બિભીષણને આમંત્રણ કરવાનો હરિબલે લજ્જાથી કરેલ સ્વીકાર!**

ખોટી) લજ્જાને તજી દેવાની ઇચ્છા હોવા છતાં પણ હરિબલે કર્માધીનતા અને ધીરતાને અવલંબીને રાજાની તે આજ્ઞાનો લજ્જાથી સ્વીકાર કર્યો ! અહો ! પુરુષોનો શું અદ્‌ભુત ત્રપા-લજ્જાગુણ ! અશ્વો અગ્નિને અવગુણીને પણ મોખરે હોય છે, તેમ લજ્જાવડે જ વીરપુરુષો ભયંકર યુદ્ધ વગેરેમાં મૃત્યુને અવગણીને પણ મોખરે હોય છે. ॥૧૧૬-૧૧૭॥

**હરિબલને લંકા મોકલવામાં વસંતશ્રીને ભાસેલ ભયંકર જોખમ અને હરિબલને શિખામણ.**

હરિબલે ઘેર ગયા બાદ રાજાની તે ઘોર આજ્ઞાનો પોતે કરવો પડેલ સ્વીકાર વગેરે કરેલ વાત સાંભળીને અને તેમનું કહેલું વિચારીને રાજાનું ચિત્ત જાણી લીધું હોવાને લીધે ખેદિત થએલી બુદ્ધિમાન્ વસંતશ્રીએ હરિબલને કહ્યું-ખરેખર ! રાજાએ પોતાના મકાને આપેલ ભોજન સમયે જોઇને મને મેળવવાને અને આપને

Scanned with CamScanner

હણવાને માટે આ અનર્થ આદર્યો છે. ॥૧૧૮-૧૧૯॥ જો દુષ્ટ બુદ્ધિવાળા એવા રાગાન્ધ રાજાએ આવો યથેચ્છ આદેશ કર્યો તો હે સ્વામી! તમે તે વખતે એ આદેશને સાહસથી શા માટે સ્વીકાર્યો? ॥૧૨૦॥ વિચાર્યા વિના કાર્ય કરનારાઓને નક્કી અનર્થ આગળ ઊભો છે. જુઓ, ઉતાવળને લીધે શું પતંગીયો અગ્નિમાં ભસ્મસાત્ થતો નથી? ॥૧૨૧॥ કહ્યું છે કે—

**सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम् ॥**
**वृणते हि विमृश्यकारिणं, गुणलुब्धाः स्वयमेव सम्पदः॥१२२**

**અર્થ**:-અવિવેકપણે સહસાત્કારે ક્રિયા ન કરવી: કારણ કે-તેમાં પરમ આપદાનું ભાજન બનવું પડે છે વિચારી કાર્ય કરનારને ગુણલુબ્ધ એવી સંપત્તિઓ, પોતાની મેળે જ આવી મળે છે: ॥૧૨૨॥ હે દાક્ષિણ્યતાના ભંડાર! આ દાક્ષિણ્યતા કેવી? તેમાં લાજ ખોવા જેવું શું હતું? કારણ કે-બીજાના સ્વાર્થનો વિનાશ કરવામાં મલિન પ્રકૃતિના માણસોને તો પરમ આનંદ હોય છે. ॥૧૨૩॥ હજુય કોઈપણ ઉપાયે કંઈ વિચારીને કોઈક બ્હાનું કાઢી રાજાને ફેરવી નાખો. રાજા પાસે કરેલ સ્વીકારમાંથી ફરી જાવ; કારણ કે-પોતાના સ્વાર્થનો પોતે નાશ કરનાર તો અતિ મૂર્ખ ગણાય છે. ॥૧૨૪॥ વસંતશ્રીનુ એ પ્રમાણે કહેવું સાંભળીને સત્ત્વશાલી હરિબલ બોલ્યો:-હે ભોળી! આ શું બોલે છે? સજ્જનોની કઇ રીતની જેમ પ્રાણાન્તે પણ સજ્જનોએ સ્વીકારેલું અન્યથા થાય? ॥૧૨૫॥ સ્વીકારેલ કાર્યને પીડિત હૃદયવાળો કાયર પુરુષ જ જલદી પણ મૂકી દે: રાહુથી પીડિતદશામાં પણ મૃગચિહ્નને નહિ છોડનાર ચંદ્રમાની જેમ સાહસિક પુરુષ સ્વીકારેલ કાર્યને કદિ પણ ત્યજતો નથી. ॥૧૨૬॥ કહ્યું છે કે:—

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**અલસાયંતેણ વિ સજ્જણેણ, જે અક્ખરા સમુલ્લવિઆ ॥**
**તે પત્થરટંકુક્કુરિય વ્વ, ન હુ અન્નહા હુંતિ ॥૧૨૭॥**

**અર્થ**:—સજ્જન પુરુષ, પ્રમાદ અવસ્થામાં પણ જે અક્ષરો બોલેલ હોય તે પત્થરમાં ટાંકણાથી કોરેલની માફક અન્યથા થતા જ નથી ॥૧૨૭॥ વળી સ્વીકૃતનાં પાલનમાં પુરુષોને જે થવું હોય તે થાવ, જોઈએ તો મસ્તક છેદાઈ જાવ કે લક્ષ્મી સર્વથા ચાલી જાવ. ॥૧૨૮॥ વળી અપવાદ છે તે તો સ્વીકારેલ કાર્યમાં આગળ જતાં જો કોઈ પણ અનર્થ જણાતો હોય ત્યારે વિચારવા યોગ્ય છે અને તે વખતે પણ તે અનર્થ, તેવા ભાવિ અનર્થના ત્યાગમાં જ નિશ્ચય કરવા યોગ્ય છે ॥૧૨૯॥ તેથી કરીને ભવિષ્યમાં જે થવું હોય તે થાવ, એમ ધારીને તે કાર્યને માટે અવશ્ય જઈશ. અથવા તો ન્યાયમાર્ગે ચાલનારાઓને વિષમ માર્ગ પણ 'સમ' જ છે; ઊલટું પણ સીધુ જ છે ॥૧૩૦॥ મને કોઈપણ મારી ચિંતા નથી; પરંતુ 'મારા ગયા બાદ સિંહ જેમ હરિણીને ઉંચકી જાય તેમ રાજા તારું હરણ ન કરે:' એ પ્રકારે તારી અત્યંત ચિંતા છે ॥૧૩૧॥ એ પ્રમાણે સ્વામિનું ઉત્તમતાપૂર્ણ, નિર્દોષ અને સુંદર બોલવું સાંભળીને ખુશ થએલી અને સ્વામીનો વિરહ થતો હોવાના કષ્ટથી પીડિત

**વસન્તશ્રીએ સર્વ ચિંતાથી સ્વામિને નિશ્ચિત કરવાનું થતાં પતિની લંકા ભણી વિદાય અને સમુદ્રકિનારે ચિંતા.**

થએલી એવી તે વસન્તશ્રી, ગદ્‌ગદ્ કંઠે બોલી 'હે સ્વામી! જો એમ જ છે તો આપને તે માર્ગે માંગલિક હો, પરંતુ હે કલ્યાણકારી અને યશસ્વી! આપ કૃપા કરી સત્વર પધારજો, અને મારી ચિંતાવડે આપના શરીરને અશરીર ગણી બાળશો નહિ: હું શીયલનું સુંદર રીતે

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રક્ષણ કરીશ: શીલરક્ષણમાં કુલબાળાઓ ચતુર હોય છે. ॥૧૩૨થી ૧૩૪॥ હું અજ્ઞાન છું. તો પણ વિનંતિ કરું છું કે-આપનાં જીવનનું રક્ષણ કરજો. અવિચારી પણે કાર્ય કરીને પતંગની જેમ મરણ તો નહિ જ કરતા. ॥૧૩૫॥ કારણ કે—

**जीवन् भद्राण्यवाप्नोति जीवन्पुण्यं करोति च ।**
**मृतस्य देहनाशः स्यात्, धर्मादुपरमस्तथा ॥ १३६ ॥**

**અર્થ**: જીવતાં થકા કલ્યાણની પરંપરા મેળવાય છે અને જીવતો નર પુણ્ય કરી શકે છે: જ્યારે મરેલ માણસને દેહનો નાશ થાય છે અને ધર્મથી અટકવાનું બને છે. ॥૧૩૬॥ અથવા તો હે પ્રિયતમ! ચતુર પુરુષોને વિશેષે શું શિખામણ આપવાની હોય? તો પણ સ્નેહઘેલી મહિલા જે તે પણ બોલે જ ॥૧૩૭॥ સ્નેહમય અને મુગ્ધ બનાવે તેવી તે ભોળી અંગનાની અમૃત ઝરતી વાણીને સતત પીઇને ખુશ થએલ શાણો હરિબલ, ક્ષણવારમાં દક્ષિણ દિશામાં ચાલ્યો. ॥૧૩૮॥ આ રીતે સત્ત્વનો અપૂર્વ મિત્ર હરિબલ, પોતાનાં સુખોથી વિખૂટો પડતાં અને ઇન્દ્રિયોના વિષય-સમૂહોને ત્યજી દેવામાં ચઢતા પરિણામનો જ રંગી બનતાં મુનિની જેમ શોભવા લાગ્યો. ॥૧૩૯॥ ક્રમે તે હરિબલ, મોજાંના સુસવાટોથી તૂટી પડતા સમુદ્રના વિકટ કિનારે પવનની જેમ આવ્યો! અથવા ઉદ્યમીને કોની માફક કાંઇ દૂર છે? ॥૧૪૦॥ જેનો પાર પામવો મુશ્કેલ છે અને જેની અંદર મનુષ્યોથી દુઃખે પ્રવેશી શકાય તેવા એ ભીષણ સ્વરૂપવાળા સમુદ્રને દેખીને ભવ્ય પ્રાણી સંસારને દેખી ઉદ્વેગ પામે, તેમ હરિબલ ઉદ્વેગ પામ્યો. ॥૧૪૧॥

અને વિચારે છે કે-'પ્રિયાએ ના કહી છતાં પણ ભવિતવ્યતાના યોગે હું અહિં આવ્યો: હવે સમુદ્રથી વિહિત થએલ

Scanned with CamScanner

ભયવાળી લંકામાં હું કેવી રીતે જઇશ ? ॥૧૪૨॥ લંકા પહોંચવાનું જાણુવાવાળા જનો ત્યાં પહોંચવામાં વહાણ વગેરે કોઇ ઉપાય હોવાનું કહેતા નથી, અને હું પ્રતિજ્ઞા કરેલ કાર્ય કર્યા વિના પાછો પણ કેમ જઉં ? ॥૧૪૩॥ પહેલાં હું ધીવર હોવા છતાં પણ ભાગ્યયોગે આટલી મહાન ભૂમિ પામ્યો, આટલી ઊંચી હદે આવ્યો. હવે તે ભાગ્યથી જ ભવિષ્યમાં જે સ્થિતિમાં મૂકાવાનો હતો તે આ સ્થિતિમાં મૂકાયો છું ! હવે મારૂં શું થશે ? ॥૧૪૪॥ ખરેખર મેં એક જીવની દયાનાં ફલને થોડા ધનની જેમ જલદી ભોગવી નાખ્યું, તેથી દરિદ્રની જેમ મને આ અતિ દુઃખીપણું યુક્ત છે ॥૧૪૫॥ આ રીતે હરિબલ જેવો તેજસ્વી પણ તે દક્ષિણ દિશામાં તેજહીન બની ગયો અને તે આશ્ચર્ય પણ નથી; કારણ કે તેજના સ્વામી સૂર્યનું તેજ પણ તે દિશામાં ( દક્ષિણાયનનો સૂર્ય થાય ત્યારે ) ઘટી જાય છે. ॥૧૪૬॥ અથવા રાજાનો તે સેવક તે દિશામાં નિસ્તેજ બની જાય તેમાં આશ્ચર્ય નથી: કારણ કે–તે દિશામાં પેસતાં તો સૂર્યનું તેજ પણ ઘટી જાય છે. ॥૧૪૭॥ હરિબલ જડ બુદ્ધિ નહિ હોવા છતાં જડાશય( સમુદ્ર )નો સંગમ પામીને જ હોય તેમ તે વખતે જડમતિ બની ગયો ! અન્યથા જે કાર્ય કરવાનું જ છે, તેમાં વિલંબ કેમ ? ॥૧૪૮॥ ચિત્તમાં અત્યંત ધૈર્ય ધારણ કરીને હરિબલ, વળી ચિંતવવા લાગ્યો–'ખેદની વાત છે કે મને જે અનુચિત છે, કાયરતાને કાયરની

**હરિબલનો સમુદ્રમાં ઝંપાપાત અને દેવસહાયથી લંકાગમન.**

જેમ હું ફોગટ શું કામ વહન કરું છું ? મહાન્ પુરુષો માટે 'સ્વીકારેલ કાર્ય કરવું અથવા મરવું' એ એક જ માર્ગ છે: માટે જે બનવું હોય તે બનો: સાહસના અવલંબનથી જલદી જ સમુદ્રમાં પ્રવેશ કરું ! ॥૧૪૯–૧૫૦॥'

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ પ્રમાણે ધૈર્યથી નિરધાર કરીને અને ચિત્તવૃત્તિને નિર્ભય કરીને તે હદપાર ભયવાળા સમુદ્રને વિષે હરિબલ, જેવામાં ઝંપાપાત કરે છે, તેવામાં પ્રથમ આપેલ વરદાનના યોગે આકર્ષાએલ સમુદ્રદેવ તેના પર પ્રસન્ન થયો અને સ્નેહપૂર્વક બોલ્યો–'હે ભદ્ર ! હું શું કાર્ય કરૂં ?' ॥૧૫૧-૧૫૨॥ 'જીવદયાના નિયમનું કેવું અતુલ ફળ છે! કે–ભૂસાઇ ગએલ વિધિની જેમ મને વિસ્મૃત થએલ પણ આ દેવ સંકટ વખતે અલ્પ પણ વિલંબ વિના પોતાની મેળે જ પ્રગટ થયો ! ॥૧૫૩॥' એ પ્રમાણે ચિંતવતાં ખુશ થએલ તે શિષ્ટ બુદ્ધિવાળા હરિબલે દેવને સ્પષ્ટ કહ્યું કે-'મને લંકામાં લઈ જા, અને આ કાર્યના નિર્વાહમાં (આ કાર્ય પાર ઉતરશે કે નહિં! એવી) થઇ રહેલ શંકાને દૂર કર:' ॥૧૫૪॥ (જેનું કૃષ્ણે દમન કર્યું કહેવાય છે તે) કાલિયનાગ જેમ કૃષ્ણને લઈ જાય તેમ હવે તે દેવ, મહાન્ મત્સ્યનું રૂપ ધારણ કરીને હરિબલને પોતાની પીઠ પરના વિશાલ પ્રદેશ પર સ્થાપીને જલમાર્ગે લંકાની દિશામાં લઇ ચાલ્યો ! ॥૧૫૫॥ હળવા પવનની જેમ અપાર સમુદ્રને નીકની માફક ઉલ્લંઘીને તે મત્સ્યે હરિબલને મહાન્ યાનપાત્ર લાવે તેમ લંકાના ઉપવનમાં લાવી મૂકયો ! ॥૧૫૬॥ ત્યારબાદ વિદ્યાધરોનાં 'સર્વઋતુનાં પુષ્પ અને ફળવાળા તેમજ વિદ્યાના વિધિથી સિદ્ધ થએલ વિવિધવૃક્ષોના સમૂહવાળાં' તે જોવા યોગ્ય ઉદ્યાનને ક્ષણવાર જોઇને આનંદિત થએલ હરિબલે, આકાશની માફક અંદર અને બહાર સ્વર્ણલક્ષ્મીથી ભરપૂર અને ખેચરોથી વાસિત એવી બાલઇન્દુની જેવી નિષ્કલંક લંકાને વિષે પ્રવેશ કર્યો ! ॥૧૫૭-૧૫૮॥ લંકાની પરમ શોભારૂપ અમૃતનું ચક્ષુવડે તૃષિતની જેમ

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**લંકામાં પ્રવેશ લંકાની વિશિષ્ટતા સમજવા તે નગરીના માત્ર એક જ મહેલનું વર્ણન.**

સુખપૂર્વક પાન કરવામાં પરવશ બનેલ હરિબલ, (ફરતો ફરતો) કોઇ એક શૂન્ય સુવર્ણ મહેલમાં પેઠો ! ॥ ૧૫૯ ॥ તે મહેલમાં– "મેરુના કૂટો જેવા ઘડ્યા વિનાના સોનાના ઢગલાઓને, ઠીંકરીઓના ઢગલાઓની જેમ પડેલા સોનામહોરોના મોટા ઢગલાઓને, અને જુવારના કણના જથ્થાની જેમ (ટેકરો થઇ શકે નહિ એટલે) **निचयीकृतान्** એકઠા કરેલા મોતીના જથ્થાઓને, ચણોઠીઓના મહાન ઢગલાઓની જેમ નવા દીપતા પરવાળાના જથ્થાઓને, ખડીના ટુકડાઓની માફક સ્ફટિકોને, બોરના ઢગલાની જેમ લાલ મણિઓને, સાકરના ટુકડાના ઢગલાઓની જેમ શ્રેષ્ઠ હીરાના ઢગલાઓને, ઘાસના મણિના ઢગલા જેવા અતિ લીલા કિરણોવાળા ઇન્દ્રનીલમણીઓને, જાંબુના ઢગલાઓની જેમ એકઠા કરેલા રિષ્ટરત્નોને, બીજા પણ–કાંકરા કરવાની જેમ એકઠા કરેલા વિવિધ પ્રકારના ઢગલાબંધ મણિઓને તેમજ ઇન્ધનની જેમ પડેલા સુંદર સુગંધિત મજબૂત ચંદન કાષ્ઠોને, જાડા કપડાના ઢગલાની જેમ દેવદૂષ્ય(દેવતાઈ વસ્ત્રો)ના ઢગલાઓને, જાડા ધાબળાઓના ઢગલાની જેમ પડેલા રત્નકંબળોનાં ઢગલાને, ઢગલાબંધ ખડકેલા હિરણ્ય અને મણિમય વાસણોને, માટીનાં વાસણોની સુંદર ઉતરડો( ઉપરા ઉપર ખડકેલ શ્રેણી )ને અને તેવા પ્રકારના બીજા પણ 'ઘરને યોગ્ય' રાચરચીલાઓને–આસન શય્યા વિગેરે અસંખ્ય દોલતને" ઊંચી નજરે જોતો હરિબલ અત્યંત વિસ્મય પામ્યો. ॥ ૧૬૦ થી ૧૬૭ ॥

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવી સમૃદ્ધિવડે મનોહર એવો આ મહેલ શુન્ય-નિર્જન કેમ ? એમ વિચારતો હરિબલ કમળમાં ભ્રમર પેસે તેમ તે હવેલીના ઓરડામાં પેઠો. ॥ ૧૬૮ ॥ તેમાં નવયૌવનરૂપ લક્ષ્મીની શાલા જેવી શોભાએ કરીને વિશાલ એવી એક ચેતનાહીન

**વિદ્યાધર કન્યાનો મેળાપ અને પાણિગ્રહણ !**

બાળાને મરણ પામ્યા જેવી હાલતમાં જોઈને હરિબલ વિચારવા લાગ્યો: આ ઘરમાં ( આવી સ્થિતિમાં પડેલી ) આ બાલા એકલી છતાં લેશ માત્ર નષ્ટ નહિં પામેલ અને અતિ પુષ્ટ એવી સુંદર આકૃતિવાલી કેમ ? અથવા તો માત્ર મરણ પામી હોવાનો દેખાવ કરીને પડી છે ? અથવા તો કર્મની ગતિ કોણ જાણે ? ॥ ૧૬૯–૧૭૦ ॥ સહેજ ખેદ અને વિસ્મયવાળા હરિબલે તત્કાળ ત્યાં તે બાલાને જોવાની જેમ 'તે બાલાનું જીવિત હોવાની માફક' ઊંચે લટકતા અમૃતથી ભરેલાં એક તુંબડાને જોયું. ! ॥ ૧૭૧ ॥ ત્યાર બાદ ઉત્તમ બુદ્ધિમાન અને દયાળુ એવા હરિબલે તે તુંબડામાં દેખેલ જળરૂપ પદાર્થને પાણીની બુદ્ધિએ આ અચેતન બાલાના આખા શરીરે છાંટયું ! ખરેખર ઉત્તમ સ્વભાવ પરહિતપરાયણ છે. ॥ ૧૭૨ ॥ તત્કાલ સૂઈને ઉઠી હોય તેમ તે બાલા ઉઠી અને બેસવાને માટે વ્યવસ્થિત તૈયાર થઈ : સામે હરિબલને જોઈને સ્નેહભરી વાણીવડે તે બાલા હરિબલને આ પ્રમાણે ખુશ કરવા લાગી–હે ઉત્તમ પુરુષ ! બીજાને ઉપકાર કરવારૂપ આ સારભૂત પ્રવૃત્તિવડે તમારા ઉત્તમપણાનો નિર્ણય કરું છું : તો પણ કહો–આપ કોણ છો ? ક્યાં રહો છો ? અને અહિં શા કાજે આવ્યા છો ? ॥ ૧૭૩-

Scanned with CamScanner

૧૭૪ ॥ હરિબલે પણ કહ્યું–"વિશાલપુરના મદનવેગ નામના રાજાને સેવકોમાં અને અત્યંત માન્ય હું હરિબલ છું. ॥ ૧૭૫ ॥ (રાજાએ) લંકાના વિભિષણ નામના રાજાને આમંત્રણ આપવા માટે મને મોકલ્યો છે અને દેવના પ્રભાવથી મત્સ્યરૂપી વાહન ઉપર બેસીને અહિં આવ્યો છું. ॥ ૧૭૬ ॥ હવે હે બાલા! તું તારું વૃત્તાંત પણ યથાવસ્થિત કહે." એ પ્રમાણે હરિબલે કહ્યે સતે જાણે પૂર્વના સ્નેહથી જ હોય તેમ પરમ રોમાંચ અનુભવતી તે બાલાએ કહ્યું–"લંકાપતિના દેવમંદિરમાં પુષ્પ લાવવાનું કામ કરનાર પુષ્પબટુક નામે મારો પિતા છે, અને તે સ્વભાવે કટુ તેમજ દુષ્ટ કર્મ કરનારો છે વિષધર નાગથી વિષહરિણી મણિની જેમ કુસુમની શોભા કરતાં સુકોમળ એવી કુસુમશ્રી નામે હું તે પુષ્પબટુકની પુત્રી છું: અહો સંસારની વિષમ રીતિ! ॥ ૧૭૭ થી ૧૭૯ ॥ (મને કેવો પતિ મળશે? તે જાણવા સારૂ) એક દિવસે પિતાએ સામુદ્રિકશાસ્ત્રના જાણ એક નૈમિત્તિકને પૂછ્યું: નિમિત્તિઆએ કહ્યું–'સુલક્ષણવાળી આ કન્યાનો ભર્ત્તા પૃથ્વીનો ભર્ત્તા થશે!' ॥ ૧૮૦ ॥ કહ્યું છે. કે–(જેના પગ અને હાથ વગેરેને વિષે)

**શુભ લક્ષણોના સુંદર લાભો.** કલશ, આસન, અશ્વ, રથ, શ્રીવત્સ, યૂપ, બાણ, માલા, ચામર, કુંડલ, અંકુશ, યવ, ધ્વજ, ભાલું, મત્સ્ય, વેદિકા, વીંજણો, શંખ અને છત્ર હોય તે પુરૂષો રાજા થાય અને સ્ત્રીઓ રાણી થાય. ॥ ૧૮૧ ॥ જે નારીના ભાલને વિષે ત્રિશૂલ હોય તે સમસ્ત નારીઓની સ્વામિની થાય, હસતાં ભાલને વિષે સ્વસ્તિક જણાય તે સ્ત્રી પણ સર્વ સ્ત્રીઓની

Scanned with CamScanner

સ્વામિની થાય. ॥ ૧૮૨ ॥ લલાટમાં અદૃશ્યપણે કે પ્રગટપણે મસો હોય તો તે સ્ત્રી લક્ષ્મીવાન્ થાય, ડાબા ગાલ ઉપર મસો હોય તો રાણી થાય અને મિષ્ટાન્ન લેવાની બુદ્ધિવાળી થાય : ॥ ૧૮૩ ॥ અથવા હૃદયને વિષે લાલ જેવું ચિહ્ન હોય તો ધન ધાન્ય વગેરેના સુખથી ભરપૂર હોય, નાસિકાના અગ્રભાગે લાલ મસ હોય તો રાજમાતા અથવા રાણી થાય. ॥ ૧૮૪ ॥'

નૈમિત્તિકની એ પ્રમાણે વાત સાંભળીને મારો તે મેંઢા જેવો મૂર્ખ પિતા રાજ્યના લોભથી મને પરણવાને ઇચ્છે છે ! ઉન્માર્ગે જ જવામાં તત્પર એવા લોભાંધને ધિક્કાર છે : ॥ ૧૮૫ ॥ કહ્યું છે કે–'**रत्तिधां दीहंधा जच्चंधा माणमायकोवंधा । कामंधा लोहंधा इमे कमेण विसेसंधा** ' ॥ ૧૮૫ ॥

**અર્થ**:—રાત્રિ અંધ, દિવસ અંધ, જાતિ અંધ, માનાંધ, માયાંધ, ક્રોધાંધ, કામાંધ અને લોભાંધ ' એ આઠ જાતિના આંધળા ગણાય છે, અને તેઓ અનુક્રમે એકેક કરતાં ચઢીઆતા હોવાથી ' લોભાંધ ' દરેક જાતિના અંધો કરતાં વિશેષ અંધ છે. ॥ ૧૮૬ ॥ આ રીતે લોભ સર્વવિનાશી છે. આ લોભની જ દુર્મતિને લીધે લોભથી નહિ નિવર્ત્તતા એવા તે મારા પિતાને અત્યંત ખિન્ન થયેલા એવા મારા માતા આદિ સમસ્ત સ્વજનવર્ગે, મુસાફર સ્મશાનનાં વૃક્ષને દૂરથી જ તજી દે તેમ સત્વર તજી દીધો છે. ખેદની વાત છે કે પિતા પણ પુત્રી તરીકેનો સ્નેહ ભૂલીને અપમાર્ગે વર્ત્તે છે : અનુચિત કરવાની વાત તો બાજુએ રહો, પરંતુ અનુચિત ચિંતવવું તે પણ સ્નેહરૂપી વન બાળી નાખવાને દાવાનળ સરખું છે. ॥ ૧૮૭–૧૮૮ ॥ ચંડાલની

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જેવા તે ક્રૂર પિતા પાસેથી વેગે નાશી છૂટવા ઇચ્છતા મને તે દુર્બુદ્ધિ, કેદીની માફક અહિં જકડી રાખે છે. ॥ ૧૮૯ ॥ તેનું કાર્ય કરી આપવાને આધીન અને સ્વભાવે નિર્દય હૃદયવાળી એવી પ્રાપ્ત કરેલી વિદ્યાવડે મને જલદિથી મૃત જેવી બનાવીને તે અનાર્ય પોતાનાં કાર્ય માટે બહાર જાય છે. ॥ ૧૯૦ ॥ વળી ઘેર આવે એટલે આ તુંબડામાંથી અમૃત લઇને અને મારા પર સીંચીને તમે જીવતી કરી તેમ તે અનાર્ય પોતાના કાર્ય માટે મને જીવતી કરે છે! ॥ ૧૯૧ ॥ આ પ્રમાણે સંકટમાં ડૂબેલી હું કોઇ ઉપાયે મરણને પણ ઇચ્છી રહી છું: અનુચિત કાર્ય આચરવા કરતાં પ્રાણને હણી નાખવા તે પણ યોગ્ય છે. ॥ ૧૯૨ ॥ જો પ્રાર્થિત વસ્તુઓને પૂરી પાડનાર કલ્પવૃક્ષના આપ મેઘ છો તો આપના પાસે કાંઇક પ્રાર્થના કરૂં: પ્રાર્થિત મેળવી આપવું તે ખરેખર સુગુણતાના મૂળ પ્રાણો છે. ॥ ૧૯૩ ॥ કહ્યું છે કે-

'दुक्खाण पउ दुःक्खं गुरूअं गुरुआण हियमज्झंमि ।
जंपि परो पत्थिज्जइ जंपि परो पत्थणाभंगो ॥ १९४ ॥

**અર્થ**:—મહન્તોના હૃદયમાં દુઃખોમાં પણ એ તો મોટું દુઃખ છે; જે પર પાસે પ્રાર્થના કરવી, અને જે બીજાએ કરેલ પ્રાર્થનાનો ભંગ કરવો. ॥ ૧૯૪ ॥' હે સૌભાગ્યવંતોને વિષે મુખ્ય! જેના પૂર્વના પુણ્યના ઉદયે જ આપ અહિં ખેંચાઇ આવ્યા હો તેમ અહિં પધાર્યા છો તો આપના ઉપર રાગવાળી એવી મારું આપ પાણિગ્રહણ કરો ॥ ૧૯૫ ॥ મારું જીવિત પણ એમ હો: મારું ચિત્ત આપને વશ આપ્યું સમજો. હમણાં લગ્નવેલા પણ ઉત્તમોત્તમ છે! તેથી હે નાથ! વિલંબથી સર્યું!' ॥ ૧૯૬ ॥

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કુસુમશ્રીનું તે વચન સાંભળીને હરિબલ વિતર્ક કરવા લાગ્યો-અહો ! એક વાર પાળેલી જીવદયાનો પણ કેવો મોટો મહિમા ! કે જે અપ્સરાના રૂપને પણ હીણુ કહેવડાવે એવી આ વિદ્યાધરની પુત્રી, વિદ્યાધરનો ત્યાગ કરીને પણ મને આલિંગન કરવાનું આગ્રહથી સ્વીકારે છે ! ॥ ૧૯૭-૧૯૮ ॥ અહો ! દેવની માફક તે જીવદયા જ મારું મહાન્ ભાગ્ય! એ પ્રમાણે હર્ષિત થએલ હરિબલ, તે બાળાને માનથી આદર આપતો થકો તેનુ પાણિગ્રહણ કરીને પ્રસન્નતાનું જ ભાજન બનાવી. ॥ ૧૯૯ ॥

## વિદ્યાધર કન્યા સહિત હરિબળનું લંકાથી પાછા આવવું !

હવે કુસુમશ્રી પણ હરિબલને કહેવા લાગી કે-હે નાથ! કલ્યાણ ઇચ્છનારને માટે પાપસ્થાનકની જેમ અહિં હમણાં જ રહેવું યોગ્ય નથી ॥ ૨૦૦ ॥ કદાચિત્ પુષ્પબટુક આવી ચડે તો ભયંકર ક્રોધમાં આવીને અનર્થ પણ ન કરી શકે માટે આ સ્થાનેથી જલદી બીજે ચાલો. ॥ ૨૦૧ ॥ બિભીષણને ફળ વગરનું નિમંત્રણ આપવાથી સર્યું : કારણ કે દેવોના ઈન્દ્રોની જેમ ખેચરોના ઈન્દ્રો કયારે પણ મનુષ્યનાં કાર્યમાં આવતા નથી. ॥ ૨૦૨ ॥ અહિં આપ આવ્યા છો અને બિભીષણને આમંત્રણ કર્યું છે, એ વાતની આપના રાજાને ખાત્રી આપવા માટે તો સાચી ખાત્રીવાળું બિભીષણનું નિશાન ( એંધાણુ ) હુ લાવી આપીશ. ॥ ૨૦૩ ॥ કુસુમશ્રીએ હરિબલને એ પ્રમાણે કહીને અને તુર્તજ કોઈ નિર્વિઘ્ન ઉપાય કરીને નિશાનીને માટે બિભીષણના મહેલમાંથી અત્યંત ગુપ્તપણે ચંદ્રહાસ નામનું બિભીષણનું ખડ્ગ

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લઈ આવી, અને તે ચંદ્રહાસ ખડ્ગમાં મુખ જોતી તે વિદુષી કુસુમશ્રીએ તે ચંદ્રહાસ ખડ્ગ પોતાના સ્વામીને આપ્યું! ખરેખર, સમર્થ પુરુષોવડે દુઃસાધ્ય એવું દુર્ઘટ કાર્ય સમર્થ પુરુષો વચ્ચે રહેતી અબલા પણ સાધી શકે છે! ॥ ૨૦૪-૨૦૫ ॥ કુસુમશ્રીની બુદ્ધિ અને કાર્યકુશળતા જોઈને આશ્ચર્ય-ચકિત થયેલા હરિબલે, હવે ચંદ્રહાસ ખડ્ગ લઈને તેમજ પોતાના તે મહેલમાંથી જેણીએ સારભૂત લક્ષ્મી લીધી છે, એવી તે કુસુમશ્રી સહિત સિદ્ધરસ જેવું તે અમૃતનું તુંબડું લઈને 'અદ્દભુત શક્તિ સાથે યોગીન્દ્ર નીકળે તેમ' લંકા નગરીની બહાર સત્વર નીકળ્યો! ॥ ૨૦૬ ॥ (સમુદ્ર-કિનારે આવ્યા બાદ સ્મરણ કરતાંની સાથે જ મત્સ્યરૂપ ધારણ કરીને હાજર થયેલ દેવની પીઠ ઉપર 'વૃષભ ઉપર શંકર અને પાર્વતી આરૂઢ થાય તેમ' તે બંને જલદી આરૂઢ થયા. ॥ ૨૦૮ ॥ ત્યારબાદ સમુદ્રમાર્ગે પરસ્પર કુતૂહલના જ રસે ચઢેલા તે હરિબલ અને કુસુમશ્રીને-'તેમણે વિશાલપુર જવાના પ્રગટ કરેલ આશય મુજબ' તે મત્સ્ય દેવે વિશાલપુરના અરણ્યમાં લાવી મૂકયા! ॥ ૨૦૯ ॥

## વિશાલપુરનગરમાં વસન્તશ્રીનું રાજાના આક્રમણમાંથી બચી જવું.

વિશાલપુરથી લંકા જવા માટે હરિબલ, વસન્તશ્રીથી છૂટો પડીને ગયા બાદ વિશાલપુરના તે વિકારી રાજાએ વસન્તશ્રીને પોતાના મહેલમાં લાવવા માટે જે કૃત્ય કર્યું તે હવે કહું છું. ॥ ૨૧૦ ॥ કામદેવે દાસ બનાવી દીધેલ તે રાજા, (હરિબલને એ પ્રમાણે લંકાના બ્હાને મરણના મુખમાં ધકેલી દેવાથી) ખુશી થયો અને હરિબલની સ્ત્રી વસન્તશ્રીને

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખુશ કરવાને માટે તેણે દાસીઓને વિવિધ પ્રકારની ઉત્તમ વસ્તુઓ આપીને વસન્તશ્રી પાસે મોકલી. ॥ ૨૧૧ ॥ (દાસીઓને એ રીતે આવેલી જોઈને) વસન્તશ્રીએ પોતાના મનમાં કાંઈક વિચારીને દાસીઓને કહ્યું-'મારા મકાને રાજાએ આ વિવિધ વસ્તુઓ કેમ મોકલાવી છે ?' ॥ ૨૧૨ ॥ રાજાએ પહેલાં શીખવી રાખેલી દાસીઓ બોલી-હે નિપુણે ! તને ખબર નથી. કે-રાજાના પ્રસાદપાત્ર બનેલા તારા પતિને રાજાએ પોતાના કાર્ય માટે મોકલેલ છે ? ॥ ૨૧૩ ॥ (એ પ્રમાણે હરિબલને પોતાના કામે મોકલ્યા પછી) હરિબલના ઘરની ચિંતા રાખવી તે રાજાને યુક્ત છે, અને તેથી અમારી સાથે આ દરેક વસ્તુ રાજાએ તને મોકલાવી છે' એ પ્રમાણે દાસીઓનું બોલવું સાંભળીને 'આ વસ્તુઓ લેવી તે વાઘનો વળાવો સ્વીકારવા જેવું છે, ચોરને કોટવાળ તરીકે સ્વીકારવા જેવું છે અને દૂધના રક્ષણ માટે બીલાડો કબુલવા જેવું છે' એમ જાણવા છતાં 'કામાંધો ઠગવાને યોગ્ય છે, એ ઉક્તિ અનુસાર' વસન્તશ્રીએ તે દરેક વસ્તુઓ 'રાજાનો મહાન પ્રાસાદ' એમ કહીને સ્વીકારી લીધી!

**બદ આશય ખુલ્લો કરવા મદનવેગ રાજાએ ઉપરા ઉપર મોકલેલ ભેટણાં અને સંદેશા.**

॥ ૨૧૪-૨૧૫ ॥ એ પ્રમાણે વખત જતાં પોતાનો મલિન આશય વસન્તશ્રી પાસે ખુલ્લો કરવાના ઈરાદે આશામાં ને આશામાં રાજાએ વસન્તશ્રીને વસ્તુઓ મોકલતા રહેવા તરીકે અને સુખ સમાચાર પૂછતા રહેવા તરીકે કેટલાય દિવસો વિતાવ્યા. ॥ ૨૧૬ ॥ ત્યારબાદ 'ઉત્તમોત્તમ રમણીની સ્પૃહાવાળો હું રાજા છું અને તું ઉત્તમ છો.' એ

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રમાણે લક્ષક=સંબંધદાર શબ્દોથી રાજાએ દૂતીદ્વારા પોતાનો આશય વસન્તશ્રીના લક્ષ્ય પર આણ્યો. ! ॥૨૧૭॥ ત્યારબાદ કામવાસનાથી પીડાતા તે રાજાએ, વસન્તશ્રી પાસે દૂતીદ્વારા પોતાના તે દુષ્ટ અભિપ્રાયને વાચામાં પણ રજુ કર્યો! અહો મન્મથના પૂરની વૃદ્ધિ ! ॥૨૧૮॥ વસન્તશ્રીને રાજાનો તે અભિપ્રાય તેના દેહને બાળવા સમર્થ થયો નહિ માત્ર કાનમાં પેસતાં–પેસતી વખતે જ બાળનાર થયો, કારણ કે પહેલા અંતરમાં તે અભિપ્રાયને સહન કરી લીધેલ છે. ॥૨૧૯॥ થએલ પરિતાપ પણ–(દૂતીને દુષ્ટ વાતનો ઉત્તર આપવામાં જડબુદ્ધિ બની ગએલ વસન્તશ્રીનાં બુદ્ધિબલરૂપ પાણીને શોષી લેવાપૂર્વક જે પરિતાપે વસન્તશ્રીને સજ્જડ પીડા કરેલ) તેવો

**મૌનને માન આપી રાત્રે ઘેર આવેલા રાજાનો કૃત્રિમ આદર**

પીડાકારી તો ન્હોતો ॥૨૨૦॥ વસન્તશ્રીને મેં આપનો આશય આપે કહ્યા પ્રમાણે જણાવ્યો છે અને વસન્તશ્રીએ તેનો કોઇ પણ પ્રકારે નિષેધ કર્યો નથી' એ પ્રમાણે વસન્તશ્રી પાસેથી પાછી આવેલી તે દૂતીએ રાજાને જણાવ્યું: એટલે 'જે વાતનો નિષેધ કર્યો નથી તે વાત માની કહેવાય' એમ સમજીને રાજા પ્રમુદિત થયો. ॥૨૨૧॥ અને કામવાસનાના વેગને આધીન બનેલો તે મદનવેગ રાજા કામી પુરુષોને માટે કામધેનુ ગણાતી રાત્રિને વિષે વસન્તશ્રીના મકાને ચોરની માફક ગુપ્ત રીતે આવ્યો ! ॥૨૨૨॥ અત્યંત કામાર્ત્ત એવો આ રાજા વસન્તશ્રીને જોઇને અત્યંત પ્રમોદ ધારણ કરવા લાગ્યો ! તે દેખીને તે સતીએ પણ તેને કાંઇક યુક્ત અને કાંઇક અયુક્ત એવો પ્રમોદ દેખાડ્યો! ॥૨૨૩॥ રાજાને જોઇને થએલ દ્વેષ અને ખેદને મનમાં સમેટીને

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને સહેજ ચેનચાળા વિવરીને વસન્તશ્રીએ રાજાને આસન આપવું વગેરે ઉચિત આદર કર્યો ! ॥૨૨૪॥ 'આપ અહિં પધાર્યા, તે મારી જેવી ઉપર પણ મહાન્ ઉપકાર કર્યો:' ઇત્યાદિ વાણી-વડે પણ રાજાનો આદર કર્યો ! અહો ! ઉત્તમ જનોના બુદ્ધિ! ॥૨૨૫॥ સતીને માટે મન, વચન અને કાયામાં સંવાદ-સુમેળ હોય તે જ પ્રશંસનીય કહેલ છે, જ્યારે તે વસન્તશ્રીને તો તે વખતે એ પ્રમાણે મન, વચન અને કાયાનો અત્યંત વિસંવાદ-દુર્મેળ જ પ્રશંસનીય થયો ! ॥૨૨૬॥ કષ્ટની વાત છે કે-પોતાનાં શીયલનાં પોષણને માટે સતી હોવા છતાં પણ વસન્ત-શ્રીએ અસતીને યોગ્ય ચેષ્ટા કરવી પડી ! શું પોતાનામાં સોરભની સમૃદ્ધિ લાવવા સારુ કેતકી અશુચિ( ખાતર )નો સંગ કરતી નથી ? ॥૨૨૭॥ ત્યારબાદ રાજા બોલ્યો-હે ધન્યબાળા ! તને મારા જનાનખાનામાં લઇ જવાને હું અહિં આવ્યો છું, કારણ કે-રત્ન, સુવર્ણ સિવાય શોભતું નથી. ॥૨૨૮॥ વસન્તશ્રી પણ ચતુર વાણીથી બોલી-'આપે આ સાચું કહ્યું છે: જુઓને-ઉદયરૂપ લક્ષ્મી પણ સૂર્ય પ્રકાશતે સતે ચંદ્રને સેવતી નથી ?' ॥૨૩૦॥ રાજા હસીને રહસ્યને=ખાનગી વાતને પણ પ્રકાશતો બોલ્યો-'હે રમણિ ! તારા સ્વામીને કાર્યના બહાને મરણને માટે જ મેં ભયંકર સંકટમાં નાખ્યો છે ! ॥૨૩૧॥ સમુદ્રમાં પડવાથી તેનું જીવિતવ્ય છે ક્યાં ? અને જો તે પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થાય અને પાછો આવે તો હું હણી નાખવાનો છું ! ॥૨૩૨॥ હે સુંદર નારી ! આ દંભનો આરંભ મેં ખરેખર તારા માટે જ કર્યો છે, માટે મારો તું સત્વર સ્વીકાર કર.' ધિક્કાર છે કામાન્ધોને કે-( કામવાસનાને આધીન બનતાં ) જેઓ પોતાનું ગોપવવા લાયક ચરિત્ર પણ ખુલ્લું કરી નાખે છે ! ॥૨૩૩॥ કહ્યું છે કે—

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**कुविअस्स आउरस्स य, वसणासत्तस्स रायरत्तस्स।**
**मत्तस्स मरंतस्स य, सब्भावा पायडा हुन्ति ॥ २३४ ॥**

**અર્થ**:–ક્રોધ વખતે, રોગ વખતે, વ્યસનમાં ચકચૂર હોય તે વખતે, રાગમાં રક્ત હોય ત્યારે, મગજ ખસી ગયું હોય ત્યારે અને મરણ પામતી વખતે મનુષ્યના અંતરંગ આશયો પ્રકટ થઈ જાય છે ॥૨૩૪॥

**કાળ વિલંબ માટે વસન્તશ્રીનું બ્હાનું.** ત્યાર બાદ 'અશુભ કાર્યને માટે કાલક્ષેપ કરવો તે શુભ છે' એમ ધારીને વસન્તશ્રીએ કહ્યું:– હે નરાધિપ ! ફલની ઇચ્છાવાળું આ કૃત્ય, હાથ સામે પડયું છે, પછી આ ઉતાવળ શું ? ॥૨૩૫॥ માટે હે પ્રભો ! હરિબલના નક્કી સમાચાર આવે ત્યાં સુધી ધીરજ ધરીને રાહ જુઓ: 'અતિ ઉતાવળ' પ્રાપ્ત થએલ શુભને પણ જલદી ત્રાસિત કરી મૂકે છે. ॥૨૩૬॥ રાજાએ પણ વિચાર્યું કે–આ વસન્તશ્રી પણ મને વશ રહીને જ તેના પતિના મરણનો નિર્ણય કરવાની અપેક્ષા રાખે છે, તેથી કપટવૃત્તિથી પણ તેની વાત સ્વીકારું. ॥૨૩૭॥ 'ભવિષ્યમાં હિતકારી એવો કોઇ ઉપાય હમણાં જ લઉં છું' એ પ્રમાણે મનમાં ચિંતવીને વસન્તશ્રીનું વચન માન્યું અને વસન્તશ્રીના પુણ્યે વિદાય કરેલો એવો તે રાજા પોતાને મહેલે પાછો આવ્યો ! ॥૨૩૮॥ એ રીતે પોતાના બુદ્ધિકૌશલ્યથી જેણે (રાજાના હાથમાંથી પણ) શિયલનું રક્ષણ કર્યું છે, એવી તે વસંતશ્રી પણ 'ચાતકી વરસાદની વાટ જુએ તેમ ઉત્કૃષ્ટપણે પોતાના સ્વામી હરિબલનું આગમન જોવા લાગી–પોતાના સ્વામી જલદી આવે તો ઠીક, એમ વાટ જોવા લાગી. ॥૨૩૯॥ હવે બુદ્ધિશાલી હરિબલ, કુસુમશ્રીને કુસુમના બગીચામાં મૂકીને પોતાના ઘરનું સ્વરૂપ જોવા સારુ ગુપ્તચરની જેમ તદ્દન ગુપ્તરીતે કોઈક રીતે પોતાના

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવાસસ્થાનની નજીકમાં આવીને સખી સાથે વાતોકરી રહેલી પોતાની પ્રિયાને ગુપ્તપણે સાંભળવા લાગ્યો!

**સતીત્વની ગુપ્તપણે ખાત્રી બાદ હરિબલનું પ્રગટ થવું.**

॥૨૪૦-૨૪૧॥ "આવવામાં વિલંબ કરી રહેલા સ્વામી હજુ સુધી પણ આવ્યા નહિ, એવામાં રાજા, જો કપટથી સ્વામીની અમંગલ વાત જણાવતો થકો અહિં આવી ચઢયો તો મારી સ્થિતિ શું થશે? એ વખતે રાજાને આ બાબતમાં હું ઉત્તર શું આપીશ? આઃ-ખેદની વાત છે કે-હું શીલ કેમ સાચવીશ? હવે તો જો રાજા આવશે તો તેને મારા પ્રાણ આપી દેવા એ એક જ રસ્તો છે! ॥૨૪૨-૨૪૩॥" એ પ્રમાણે પોતાની પ્રિયાનું સતીપણામાં દોષ વગરનું ચરિત્ર સાંભળીને અત્યંત ખુશી થએલ હરિબલ, પોતાની પ્રિયા પાસે-પ્રિયાએ ઈચ્છેલું શુભ પ્રગટ થાય તેમ-જલદી પ્રગટ થયો! ॥૨૪૪॥ (પોતાના સ્વામી હરિબલને અચાનક જોતાં) રોમરાજીથી અત્યંત અંકુરિત થએલ શરીરવાળી તે વસન્તશ્રીએ હરિબલને પણ એવા વાણીથી સ્વાગત પૂછવાપૂર્વક રાજાનુ સમસ્ત વૃત્તાંત જણાવ્યું ॥૨૪૫॥ હરિબલે પણ 'ઘરથી નીકળ્યો ત્યાંથી આરંભીને પાછો આવ્યો' ત્યાં સુધીનું સમસ્ત વૃત્તાંત જેવું બનેલ તેવું કહ્યું. પ્રેમના સ્થળે છૂપાવવા જેવુ શું હોય? ॥૨૪૬॥ વાતના રસમાં ને રસમાં તે બુદ્ધિમાને સહસાત્કારે કુસુમશ્રીનું પાણિગ્રહણ કરવાની વાત વસન્તશ્રીને કહી દીધી અને પછી 'મનમાં આ ઠીક ન થયું' એમ આશંકા લાવીને જેવામાં પોતે પોતાને ધિક્કારે છે, તેવામાં [કુસુમશ્રીને સ્વીકાર્યાની વાત સાંભળીને] સમસ્ત પ્રકારે આનંદમય દેહવાળી બની ગએલ વસંતશ્રી બોલી-'વનમાં રહેલી મારી તે સૌભાગ્યવંતી બેનને કેમ ન લાવ્યા? ॥૨૪૭-૨૪૮॥ મારી તે બ્હેનને

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મળવાની ઇચ્છાવાળી હું હમણાં જ એમની સામે જાઉં છું!'

**વસંતશ્રીએ કુસુમશ્રીને માનભેર તેડવા જવું.**

શોક્ય ઉપર તો આને દ્વેષ હોવો જોઇએ તેને બદલે આ વસંતશ્રીને કુસુમશ્રી ઉપર પ્રેમ કેમ ? એ પ્રમાણે હરિબલને હૃદયમાં સંદેહ ચાલી રહ્યો છે, તેવામાં- ઔચિત્યતાને ખાતર વસંતશ્રી બોલી- "હે સ્વામી ! આ બાબતમાં જે સંદેહ ધરાવો છો તેને ત્યજી દો: હું મારી બહેન પ્રતિના સ્નેહને હૃદયમાં ખરેખરી રીતે વહન કરું છું ॥૨૪૯-૨૫૦॥ આપસઆપસમાં એકબીજાનો દ્રોહ કરે છે તે શોક્યો મૂઢ-મૂર્ખ છે: કારણ કે-આવી બાબતમાં ફળ મળવું તે પોતપોતાનાં કર્મને આધીન છે."

એ પ્રમાણે કહીને વસંતશ્રી, પતિની પાછળ પાછળ કુસુમશ્રીની સામે ગઇ ! ॥૨૫૧॥ વસંતશ્રીને આવતી જોઇને કુસુમશ્રી અંતરમાં એકદમ હર્ષિત થઇ અને બહારથી સમસ્ત પ્રકારે આનંદઘેલી બની ગઇ ! ખરેખર વસંતશ્રીના યોગે કુસુમશ્રીની આ વિકાસમાન સ્થિતિ ઉચિત છે: એટલે કે-વસંતઋતુની શોભાનો યોગ મળે ત્યારે કુસુમની શોભા વિકસાયમાન બને તે ઉચિત છે. ॥૨૫૨॥ વસંતશ્રી અને કુસુમશ્રી બંને, પ્રણામ કરવાં-આલિંગન કરવું-કુશલ સમાચાર પૂછવા વગેરે વડે એવી પ્રેમપૂર્વક પરસ્પર ભેટી કે-જાણે સાચા બ્હેનપણાને પામી ! ॥૨૫૩॥ પોતાની શોક્ય તરીકે સગી બહેન હોય છતાં પણ શોક્ય, મિત્રભાવે સ્નેહ ધરાવતી નથી, જ્યારે આ વસંતશ્રી માનુષી તરીકે અને કુસુમશ્રી વિદ્યાધરી તરીકે વિજાતીય હોવા છતાં પણ આપસમાં અત્યંત સ્નેહવાળી છે ! અહો પતિનું ભાગ્ય !!! ॥૨૫૪॥ તે બંને સ્ત્રીઓની સાથે મળીને હરિબલે પોતાનું કાંઈક

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હિત વિચારીને અને કોઈ પુરુષને કાંઇક પ્રકાશીને પોતાનું આગમન રાજાને જણાવવા સારુ મોકલ્યો.

**હરિબલના સમાચારથી રાજાને વજ્રપાતનું દુઃખ.**

॥૨૫૫॥ તે પુરુષે પણ જઈને રાજાને કહ્યું 'હે રાજન્! આશ્ચર્યની વાત છે કે–હરિબલ, બિભીષણને આમંત્રણ આપીને અને તેની પુત્રીને પરણીને નગરનાં ઉપવનમાં ક્ષેમ-કુશળ આવેલ છે! ॥૨૫૬॥' કાનનાં મૂળ સુધી ઊંડા પેસી ગએલા આ વાક્યવડે હણાઈ ગયો હોય તેમ હતબુદ્ધિવાળો તે મદનવેગ રાજા, વિચારવા લાગ્યો કે–'ધિક્કાર છે કે–લંકા મોકલવામાં હરિબલ માટે ધાર્યું હતું બીજું અને થયું બીજું!' ॥૨૫૭॥ આ હરિબલ લંકા કેવી રીતે ગયો અને લંકાપતિ બિભીષણની પુત્રીને કેવી રીતે મેળવી? આ બધું સત્ય હશે કે અસત્ય? હા! હવે હું શું કરીશ?' ॥૨૫૮॥ હરિબલનું આગમન સાંભળતાની સાથે જ તૃષ્ણાતુર એવો આ રાજા, શિશુપાલની જેમ જે અત્યંત ક્ષોભ પામ્યો તેમાં કાંઈ પણ નવું નથી: અર્થાત્ હરિ કહેતાં કૃષ્ણની સેનાનું આગમન સાંભળીને શિશુપાલ પણ અત્યંત ક્ષોભ ક્યાં નહોતો પામ્યો? ॥૨૫૯॥ આમ છતાં ધૃષ્ટતાને અવલંબી

**રાજાના હાથે ઉત્સવથી નગરપ્રવેશ પામેલ હરિબલે સ્ત્રીઓ જોડે સંકેત મુજબ રાજસભામાં લંકાપ્રવાસનું રજુ કરેલું ચમત્કારિક વર્ણન.**

'કોઇના પણ તરફથી જેને ભય નથી એવા મને ભય કોનાથી? માટે બહુ માન અને દાનપૂર્વક હું હરિબલને જોઉં અને પરીક્ષા પણ કરું:' આ પ્રમાણે વિચારીને 'ખરેખર, આ હરિબલે મહાન્ કાર્ય કર્યું છે' એમ કહેવા લાગેલા રાજાએ હરિબલનો તેની પ્રિયાની સાથે સર્વોત્તમ મહોત્સવપૂર્વક પોતાના નગરમાં પ્રવેશ

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરાવ્યો ! ॥૨૬૧॥ હરિબલ પણ પોતાની બંને પ્રિયાને તથા અમૃત ભરેલાં તુંબડાને પોતાનાં મકાને પહોંચતા કરીને રાજાની સભામાં આવ્યો અને તે વખતે જ રાજાને દેવની જેમ પ્રણામ કર્યા. ॥૨૬૨॥ રાજાએ બહુ સન્માન કરીને 'લંકા ગયો કેવી રીતે? બિભીષણે પુત્રી કેવી રીતે આપી? અહિં પાછો આવ્યો કેવી રીતે? વગેરે સઘળી બીના હરિબલને પૂછી, એટલે શિષ્ટ બુદ્ધિવાળો હરિબલ સ્પષ્ટ બોલ્યો-"હે પ્રભો ! આપે ફરમાવેલું કાર્ય પહેલાં કરીને પછી ઘોર કષ્ટે હું અહિં આવ્યો છું. ॥૨૬૩॥ અને **તે સઘળો વૃત્તાંત આ પ્રમાણે છે**: હું અહિંથી લંકા જવા ચાલ્યો: કેટલાક દિવસે સમુદ્રના કિનારે પહોંચ્યો: દુઃખે તરી શકાય તેવા તે સમુદ્રને જોઈને તેને તરી જવાની શક્તિ નહિ ધરાવતો એવો હું અત્યંત ઉદ્વેગ પામ્યો. ॥૨૬૪॥ તેટલામાં સમુદ્રને વિષે મારી સામે આવતા એક રાક્ષસને મેં જોયો ! તેનાથી હું બીનો નહિ: મેં તે રાક્ષસને લંકા પહોંચવાનો ઉપાય પૂછયો. ॥૨૬૫॥ રાક્ષસે પણ કહ્યું-'જે પુરુષ, વીર્ય-બળથી કાષ્ટભક્ષણ કરે-અગ્નિમાં પ્રવેશ કરે તે પુરુષનો જ લંકામાં પ્રવેશ થાય, અને તેનું ત્યાં સન્માન થાય ! ॥૨૬૬॥ એ પ્રમાણે સાંભળીને મેં વિચાર્યું કે-આ કાર્યમાં મરણ અવશ્ય છે અને લંકા પહોંચવું તે સંશયભરેલું છે: તો પણ પ્રભુનું કૃત્ય અવશ્ય કરવું. ॥૨૬૭॥ તે કેવલ નામધારી સેવકને ધિક્કાર છે, કે જે-સ્વામીના કૃત્યમાં મરણથી બીવે છે. સુભટોને તો કાર્યની આશાએ મરણ પણ પ્રશંસનીય છે. ॥૨૬૮॥ એ પ્રમાણેનો ભાવ હૃદયસાત્ કરીને સત્યના સ્વીકારવાળા એવા મેં 'આ મરણ માટે જ ચિતા રચું છું.' એ પ્રમાણે વિચારીને મોટી ચિતા તૈયાર કરી અને તેને ચોમેરથી સળગાવી ! ॥૨૬૯॥ એ ચિતામાં

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હું સાહસથી સત્વર પડયો અને તુરત ભસ્મસાત્ થયો ! જાજ્વલ્યમાન પ્રજ્વલી રહેલા અગ્નિમાં કાલવિલંબ કોણ ? કેવો થાય છે ? ॥૨૭૦॥ મારી ભસ્મવાળાં તે વિસ્મયસ્થાનને તે રાક્ષસે ભેટની જેમ લંકાપતિ બિભીષણ સામે 'મારો સમગ્ર વૃત્તાંત કહેવાપૂર્વક' મૂકયું ! ॥૨૭૧॥ તે અદ્ભૂત સાત્ત્વિક વૃત્તિથી અત્યંત પ્રસન્ન થએલ બિભીષણે 'શંકરે ભસ્મીભૂત કામને જીવતો કર્યો તેમ' પોતાની શક્તિથી મને યથાર્થ જીવતો કર્યો ! ॥૨૭૨॥ હે રાજન્ ! દેવની જેમ અસલરૂપે તત્કાલ બેઠા થએલ એવા મારા વિષે અત્યંત પ્રશંસાવાળા તે બિભીષણે મને મોટા આગ્રહથી પોતાની પુત્રી આપી ! ॥૨૭૨॥ મારી તે સાત્ત્વિક વૃત્તિથી જ બિભીષણે મોટા મહોત્સવપૂર્વક અમો બંનેનો-વર વધૂનો વિવાહ કર્યો, અને દેવદૂષ્ય વસ્ત્રો, આભરણો, પુષ્કલ ધન વગેરે મને ઘણું આપ્યું ! ॥૨૭૪॥ અને તેની પુત્રીને કર મેલાવામાં ઘણા અશ્વો, હસ્તિરત્નો વગેરે આપવા માંડયું; પરંતુ અમારે તે દરેક વસ્તુ અહિં આવવામાં અડચણરૂપ હોવાથી અમે સ્વીકાર્યું નહિ ! ॥૨૭૫॥ 'તમે અહિં જ રહો, વિદ્યા સાધો અને આ તમારી નવી વલ્લભાની સાથે નવા નવા મહેલોમાં રહીને વિદ્યાધરીઓ સંબંધીના નવા-નવા ભોગોને પણ ભોગવો' એ પ્રમાણે બિભીષણે ઘણું કહેવા માંડયું, એટલે મેં કહ્યું-'હે દેવ ! વિશાલપુરના રાજાએ પોતાના પુત્રના વિવાહ પર આપને આમંત્રણ આપવા સારૂં મને મોકલ્યો છે, તેથી તે કૃત્યને ગૌણ કરીને હું અહિં કેવી રીતે રહું ? ખરેખર, પારકાનાં કાર્ય માટે

**લંકાગમનના રસપ્રદ વર્ણનમાં હરિબલે રાજાને નિઃશંક કરવા 'પોતે લંકા ગયેલ જ છે' એવી આપેલી ખાત્રી.**

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાના કાર્યને હાનિ થવા દેવી, એ મહાન્ પુરુષોનો સ્વભાવ છે ॥ ૨૭૭-૨૭૮ ॥ તેથી અમારા ઉપર કૃપા કરીને આપ પધારવાવડે વિશાલપુરને જલ્દી પાવન કરો,' (મારી એ પ્રમાણે વિનંતિ સાંભળીને) બિભીષણે પણ 'જો એમ છે તો વિશાલ-પુર જાવ, અને વિવાહના દિવસે હું મારી પોતાની મેળે જ વિશાલપુર આવીશ: આ બાબત તમારા રાજાની ખાત્રી માટે આ વસ્તુ નિશાની તરીકે આપું છું, તે તમારા રાજાને આપજો.' એ પ્રમાણે બોલતા થકા પોતાનું આ દેવતાઈ ચન્દ્રહાસ ખડ્ગ મને આપ્યું ! ॥ ૨૮૦ ॥ ત્યારબાદ બિભીષણે જ દેવતાઇ શક્તિથી મારી તે પ્રિયા સહિત મને પણ અહિં જલ્દી મોક-લ્યો !" એ પ્રમાણે કહીને બુદ્ધિમાન્ હરિબલે રાજાને તે દેવતાઇ ચંદ્રહાસ ખડ્ગ આપ્યું ! ॥ ૨૮૧ ॥ તેવી કન્યા તથા ખડ્ગની નિશાનીથી અને હરિબલનું તે બોલવું યુક્તિયુક્ત જણાવાથી તે સમગ્ર સત્યાસત્યને પણ રાજાએ સત્ય તરીકે માન્યું. ॥ ૨૮૨ ॥ ખરેખર, માણુસ સત્યના આધારે કહેવાતા અસત્યને સત્ય તરીકે જ માને. કપૂરના સમૂહથી મિશ્રિત એવા રેતીના સમૂહનો કપૂર તરીકે જ વ્યવહાર થાય છે. ॥ ૨૮૩ ॥ માત્ર કાગડાની જેમ એક આંખવાળા તે એક ધૂર્ત-મંત્રીએ હરિબલની તે વાત મનથી માની નહિ: વાતમાં કોઇ પણ પ્રકારે છિદ્ર નહિ મળવાથી વચનથી તો તે મંત્રી પણ હરિબલની તે તે વાતનો વિરોધ કરી શકયો નહિ. ॥ ૨૮૪ ॥ રાજા, સર્પ, ચાડીયો, ચોર, વ્યંતર, વ્યાઘ્ર વગેરે પશુ, શત્રુ અને શાકિની; એટલા જણ દુષ્ટ હોય તો પણ છળ મળ્યા વિના નિષ્ફળ આરંભવાળા મનાતા તેઓ, પરતું વિપરીત શું કરી શકે ? ॥ ૨૮૫ ॥

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**રાજાએ હરિબલ-નો સભા વચ્ચે કરેલ અપાર પ્રશંસા-સત્કાર.**

"ખરેખર, કુબુદ્ધિવડે મેં કુશળકપટથી આ હરિબલને અતિ ભયંકર સંકટમાં નાખ્યો: જ્યારે હરિબલ તો મારા વચન ખાતર ભસ્મીભૂત થયો! અહો, એમનું ઉત્તમપણું! આથી નક્કી આ હરિબલ અત્યંત સન્માનને યોગ્ય છે" એ પ્રમાણે મનમાં ચિંતવતા રાજાએ સભામાં બેઠેલા જનોને ઉદ્દેશીને 'આ હરિબલનું અહો સાહસ! અહો સ્વીકારેલ કાર્યનો નિર્વાહ! અહો સુંદર ભાગ્યની સંગતિ! પોતાના સ્વાર્થમાં અહો અસ્પૃહા! અહો પોતાના સ્વામીનું કાર્ય કરવાની કુશળતા! અહો મારા માટે પરમ મિત્ર!' એ પ્રમાણે હરિબલની નિર્દોષપણે પ્રશંસાની ઘોષણા કરતાં સુંદરમાં સુંદર વસ્ત્રો અને આભૂષણોથી હરિબલનો સત્કાર કર્યો, અને તેને ઘણા મહોત્સવો પૂર્વક ઘેર મોકલ્યો! ॥ ૨૮૬ થી ૨૮૯ ॥ અથવા ધર્મને વિષે રાખવામાં આવેલ તાત્ત્વિક વૃત્તિ અને વિષમ કાર્યોને વિષે રાખવામાં આવેલ સાત્ત્વિક વૃત્તિ, કામધેનુની જેમ માપ વગરના કયા ઇચ્છિત પદાર્થોને આપતી નથી? ॥ ૨૯૦ ॥ હરિબલની એ પ્રમાણે અનેક પ્રકારે સ્પૃહા કરવા લાયક એવી અસમાન સમૃદ્ધિ દેખીને હરિબલે કરેલું કાર્ય પોતે નહિ કરવાથી તે વખતે સભાજનો પોતાને પોતે નિંદવા લાગ્યા! ॥ ૨૯૧ ॥ ખરેખર, પ્રકૃષ્ટ વીરપુરુષના વૃત્તાંતરૂપ ચારિત્રસંપદને જોતાં કાયર પુરુષ પણ 'આંબલીની કાતરીને જોતો માણસ જેમ પોતાનાં દાંત ભીંજાવી શકે છે તેમ' વીરતા પ્રતિ પ્રેરાય છે. ॥ ૨૯૨ ॥ ત્યારથી માંડીને રાજાના પરમ પ્રસાદનું ભાજન બનેલ તે હરિબલનો યશ એવો તો વધ્યો કે-આખું યે નગર તેના

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પારાવાર ગુણોત્કીર્ત્તનનું વાચાળ બની ગયું ! ॥ ૨૯૩ ॥ જેમ ભયથી કોપ ચાલ્યો જાય, લોભના ઉદયથી માન ચાલ્યું જાય, સુખથી દુઃખ ચાલ્યું જાય, કલહથી સ્નેહ ચાલ્યો જાય. મહોત્સવથી શોક ચાલ્યો જાય અને હર્ષથી ખેદ ચાલ્યો જાય તેમ હરિબલનાં તે વૃત્તાંતથી વિસ્મયતાના જાગેલ રસવડે રાજાનો અંતરમાં હતો તે અત્યંત તીવ્ર એવો વિષયવાસનાનો આગ્રહ આસ્તે આસ્તે મન્દ મન્દતર થઈ ગયો ! ॥ ૨૯૪-૨૯૫ ॥ સંકલ્પરૂપ યોનિ છે જેની એવો કામદેવ પ્રગટવામાં મૂળભૂત સંકલ્પ જ છે, નહિં કે બીજું કોઈ કારણ છેઃ કામ સંબંધી સંકલ્પનો બીજા વિકલ્પદ્વારા નાશ કરી નાંખવામાં આવે તો કામ કયાંથી હોય ? ॥ ૨૯૬ ॥ કહ્યું છે કેઃ—

**काम ! जानामि ते रूपं, संकल्पात् किल जायसे ॥**
**न त्वां संकल्पयिष्यामि, न च त्वं मे भविष्यसि ! ॥२९७॥**

**અર્થ**:—હે કામદેવ ! હું તારું સ્વરૂપ જાણું છું કે-મનમાં તારી બાબતના આવતા સંકલ્પથી જ તું ઉત્પન્ન થાય છે, પરંતુ હું તને સંકલ્પમાં જ લાવીશ નહિ અને તું મને પ્રગટીશ નહિ ! ॥ ૨૯૭ ॥ જેનું ચરિત્ર લક્ષ્યમાં આવતું નથી એવો તે હરિબલ, આનંદ અને પ્રેમમાં રક્ત એવી તે ‘ આનંદ અને પ્રેમ એમ બંને પ્રકારે ’ બંને પ્રિયતમાની જોડે રતિ અને પ્રીતિ સાથે કામદેવ શોભે તેમ શોભવા લાગ્યો! ॥૨૯૮॥ હરિબલના આ મહિમાને સહન નહિ કરી શકવાને લીધે અપાર ઈર્ષ્યા ધરનાર તે મંત્રી, રાજાને જમાડવાનું આમંત્રણ આપવા યુક્તિપૂર્વક હરિબલને અત્યંત પ્રેરણા કરવા લાગ્યો. ॥ ૨૯૯ ॥ રાજાએ અતિ બહુમાન આપીને આવર્જી લીધેલ મનવાળા અને સ્હેજ મુગ્ધબુદ્ધિ એવા હરિબલે બંને પ્રિયાએ ઘણો

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાર્યો હોવા છતાં (રાજાને પોતાને ઘેર તેડીને જમાડવાના) સકલ સામગ્રી તૈયાર કરાવો! ॥૩૦૦॥ ભાવી અનર્થને વિચાર્યા વિના હરિબલે, મંત્રી આદિકને પણ સાથે નોતરીને રાજાને પરિવાર સહિત જમવાને માટે ઉલ્લાસપૂર્વક આમંત્રણ આપ્યું! ॥ ૩૦૧ ॥ અને ભોજન–સમયે પોતાનું અતુલ કૌશલ્ય બતાવવા સારુ વસંતશ્રી અને કુસુમશ્રીને નવાં–નવાં વસ્ત્રાભૂષણો પહેરાવીને તે બંને સ્ત્રીઓના હાથે ભોજન પીરસાવવું વગેરે કાર્ય કરાવ્યું! ॥ ૩૦૨ ॥ જેમ છલથી

**હરિબલની સ્ત્રીઓ** પ્રેતવડે ગ્રહણ થવાય, દુઃખિત અવ**પર જમવા આવેલ** સ્થાથી મનની પીડા થાય, કુપથ્ય ખાવાથી **રાજાની ફરી કુદૃષ્ટિ** વ્યાધિ થાય, કુનીતિથી અપયશ થાય, કટુવચન બોલવાથી સભાને ક્રોધ થાય, ઇષ્ટજનના મરણથી શોક થાય, મેઘની ગર્જનાથી કરડેલ હડકાયા કૂતરાનું ઝેર પ્રગટ થાય અને પવનથી અગ્નિ ફેલાય તેમ હરિબલની તે બંને સ્ત્રીઓને જોઈને નહિવત્ બની ગએલો કામદેવ પ્રગટ થયો! ॥ ૩૦૩–૩૦૪ ॥ આટલી બધી 'સુદત્તિ'=લક્ષ્મી, સમૃદ્ધિ આ વિદ્વાને ક્યાંથી પ્રાપ્ત કરી? પ્રસિદ્ધિમાં તો આ બે સ્ત્રીઓ જ છે! જો હરિબલને હણું તો સ્ત્રીઓ સહિત આ બધી જ સમૃદ્ધિ મારે આધીન થાય: ॥ ૩૦૫ ॥' એ પ્રમાણેના તર્કથી કઠીન હૃદયનો બનેલ રાજા જમ્યો, સત્કાર પામ્યો અને પોતાના મહેલે આવ્યો. રાજાનો તે ભાવ જાણીને દુર્મતિના મંત્રો એવા તે મંત્રીએ કહ્યું-'હે દેવ! (આપે અદ્યાપિ પર્યંત) કરેલ રતિક્રીડાનાં પોષણને યોગ્ય એ બે દેવીઓ જ છે, એમ જાણો. જે બંને દેવીઓ તમારા પર રાગવાળી છે, કારણકે–તેણીઓએ વિવિધ પ્રકારના

Scanned with CamScanner

સેવાથી તમારી ભક્તિનું પોષણ કર્યું છે. ॥ ૩૦૬-૩૦૭ ॥' મંત્રીની તે વાત સાંભળીને બમણા રણરણાટપૂર્વક ઊંચેથી અવાજ કરતો રાજા બોલ્યો-'જો એમ જ છે તો હે મંત્રી! ભવિષ્યમાં હિતનું કારણ એવો 'હરિબલના મૃત્યુનો' ઉપાય ગોઠવ. ॥ ૩૦૮ ॥ ખલજનની માફક મંત્રી, 'બરાબર અવસર પ્રાપ્ત થયો છે, એમ જાણીને' બોલ્યો-'હે દેવ! હરિબલનું (હું લંકામાં ભસ્મસાત્ થઇને પહોંચ્યો વગેરે) વચન ઠગારું છે: કારણ કે-'અગ્નિમાં પ્રવેશ કરતા મનુષ્યોને જીવતા થવાનું બને જ કેમ? ॥ ૩૦૯ ॥' તેથી કરીને યમરાજને બોલાવવાના બહાને હરિબલને જલ્દી અગ્નિમાં નાંખવો!' રાજાએ પણ છઠ્ઠો કાન ન સાંભળે તેવી રીતે મંત્રીને તુરત 'એમ જ કરીએ' એમ કાનમાં કહ્યું! ॥ ૨૧૦ ॥ ધિક્કાર છે ધિક્કાર છે ધૃષ્ટોને, દુષ્ટોને, પાપિષ્ઠોને અને બીજાને થતા કષ્ટોની અવગણના કરનારાઓને કે-જે દુર્બુદ્ધિજનો, બીજાઓને પણ આપ્તપણું બતાવીને દુર્બુદ્ધિ આપે છે! ॥ ૩૧૧ ॥ અન્યદા રાજાએ હરિબલને બોલાવીને કહ્યું-'તારા જેવા મિત્રને (આ કહેવા માગું છું, તે) આદેશ કરવો મને ઘટતો નથી, તો પણ તારા સિવાય બીજાને સાધ્ય નથી, એવું અમારું સાધ્ય તને કહું છું. ॥ ૩૧૨ ॥ મારા પુત્રના વિવાહ પ્રસંગે પોતાના કિંકર દેવતાઓની સાથે યમરાજને અહિં આમંત્રણ આપવા ઇચ્છું છું. તે કાર્યમાં અગ્નિમાં પ્રવેશ કરવાથી સાધ્ય છે, પરન્તુ તે તમારાથી સિદ્ધ થશે જ! ॥ ૨૧૪ ॥ કારણકે સિંહ, સાહસિક, સજ્જન, મેઘ, ચંદ્ર, સૂર્ય, અને અગ્નિની શક્તિ અસાધારણ છે ॥ ૩૧૪ ॥ તેથી

**યમરાજને આમંત્રણ કરવાની હરિબલને આજ્ઞા.**

Scanned with CamScanner

કરીને હે સાત્ત્વિકશિરોમણી ! આ પ્રકારનું મારું સાધ્ય, તું પહેલાની માફક સાધી આપ'

આ પ્રમાણે રાજાનું વચન છે, તે મંત્રીની પ્રપંચરચના છે, એમ નિશ્ચય કરીને હરિબલ ચિંતા કરવા લાગ્યો કે- 'પહેલાંની માફક રાજાએ પાપી એવા મંત્રીની બુદ્ધિએ ચાલીને આ ફરીથી દુષ્ટ આદેશ કર્યો છે: અથવા તો કુપાત્રને વિષે મેં જે ભોજન વગેરેનો સત્કાર કર્યો તેનું આ બરાબર ફળ છે. ॥ ૩૧૬ ॥ કહ્યું છે કે—

**'उपकृतिरेव खलानां दोषस्य महीयसो भवति हेतुः ॥**
**अनुकूलाचरणेन हि कुप्यन्ति व्याधयोऽत्यर्थम ॥ ३१७ ॥**

**અર્થ**:—દુર્જનો પર ઉપકાર કરવો, એ જ મોટા દોષનું કારણ થાય છે. વ્યાધિઓ છે તે તેને અનુકૂળ રહેવાથી અત્યંત કોપાયમાન થાય છે. ॥ ૩૧૭ ॥" ત્યારબાદ પહેલાં મેં (હું અગ્નિમાં પડ્યો વગેરે) જણાવેલી કથા ખોટી ન ઠરે, એમ વિચારપૂર્વક રાજાએ યમરાજને આમંત્રણ કરવાની કરેલ આજ્ઞાનો સ્વીકાર કર્યો અને કોઇક પ્રકારની બુદ્ધિને ચિંતવીને હરિબલે રાજાની તે આદેશ સંબંધીની વાત બન્ને સ્ત્રીઓને જણાવી. ॥ ૩૧૮ ॥ રાજાને જમવાનું કહેતી વખતે હરિબલને વાર્યા હોવાથી બંને સ્ત્રીઓએ તો (રાજાને જમવા બોલાવવાનાં આવેલ આ દુષ્ટ ફલ બાબત) સામાન્ય ઠપકો આપીને સભ્યતાભર્યા શબ્દોમાં કહ્યું–'અમારી બુદ્ધિવડે અમે અમારું રક્ષણ કરીશું: આપ ઉત્તમોત્તમ પ્રકારે દીર્ઘકાળ જીવો.' ॥૩૧૯॥ હવે રાજાએ પોતાનો યશ-શરીર વગેરે

**સમસ્ત નાગરિક-જનોના સમક્ષ હરિબળનું ઘોર ચિતામાં ઝંપલાવવું.**

Scanned with CamScanner

બધું જ બાળી નાખવા માટે હોય તેમ નગરની બહાર લાકડાની ગાઢ ચિતા સળગાવીને તૈયાર કરી ! ॥ ૩૨૦ ॥ ત્યારબાદ 'હરિબલનું બહુમાન કરીએ છીએ' એમ દેખાડવાને અને બીજાઓને તેવી ખાત્રી બેસાડવાને માટે રાજા અને મંત્રી બંને પરિવાર સહિત હરિબલને યમરાજ પાસે મોકલવા સારૂ આવ્યા ! ॥ ૩૨૧ ॥ હરિબલ અગ્નિમાં પડવાનું કહે છે તે સાચું છે કે-દંભવાળું છે ? એ જાણવા સારૂ મનમાં આવે તેમ બોલતા નગરજનો સંભ્રમપૂર્વક તે સ્થળે કૌતુક જોવાને એકઠા થયા: ॥ ૩૨૨ ॥ નવા પાણીના પૂરમાં પડેલા તરીયાને જુએ તેમ તે સમસ્ત નગરજનો ચિતાથી દૂર ઊભા ઊભા જોઈ રહ્યા છે, તેવામાં તે સહુના દેખતાં હરિબલ, મનમાં કાંઈક ચિંતવીને ચિતાના અગ્નિમાં સત્વર પેઠો ! ॥ ૩૨૩ ॥ અગ્નિમાં પેસતાંની સાથે હાહારવ અને અશ્રુપાત કરવા લાગી ગએલા નગરજનોએ શોકથી અને રાજા તથા મંત્રીએ હર્ષથી હરિબલને સ્પષ્ટપણે ભસ્મસાત્ થતો દીઠો ! ॥ ૩૨૪ ॥

"**हरि हरि !**=ઇતિ ખેદે, વિષ્ણુના જેવા તેજવાન, ધીર અને વીરશિરોમણી હરિબલને કપટી રાજાએ ફોકટ શું કામ બાળી નાંખ્યો હશે ? અહાહા, જાણ્યું: હરિબલની લક્ષ્મી અને સ્ત્રીઓમાં લુબ્ધ એવા આ રાજાએ, ખરેખર–ધિક્કાર છે દુર્બુદ્ધિવાન્ મંત્રીની બુદ્ધિ જોડે મૈત્રી કરવાથી' આ પ્રકારનું આ બીજું ઘોર કાર્ય કર્યું છે ॥ ૩૨૬ ॥" ઈત્યાદિ પ્રકારે તે વખતે જ લોકોમાં તે રાજા અને મંત્રી બન્નેની એક સરખી નિંદા પ્રસરી; કારણ કે-હૃદયમાં છૂપાવેલું પણ ઉગ્ર પાપ દુર્ગંધની જેમ અત્યંત પ્રસરે જ છે. ॥ ૩૨૭ ॥ આ બાજુ હરિબલ, સ્મરણ કરેલ સમુદ્રના દેવની સાનિધ્યતાથી અગ્નિમાં લેશમાત્ર

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દાઝયો તો નહિ, પરંતુ તપેલા જાત્યવંત સુવર્ણની માફક અતિ તેજદાર કન્તિવાળો થયો ॥૩૨૮॥ અંજનસિદ્ધ પુરુષની જેમ તે વખતે હરિબલ લોકોથી અદૃશ્ય બન્યો! ત્યારબાદ કોઈક સ્થળે કાલનિર્ગમન કરીને તે દિવસની રાત્રિના શાંત

**દેવની સહાયથી હરિબલનું નિરાબાધ બચી જવું, અદૃશ્ય રહેવું અને પ્રભાતે ઘેર આવવું.**

વાતાવરણવાળા પહેલા પહોરે જ પોતાને ઘેર આવ્યો! ॥ ૩૨૯ ॥ (હરિબલને એ રીતે અગ્નિ પરીક્ષામાંથી પણ આબાદ ઉગરી આવેલ જોઈને) વિસ્મય થવા પૂર્વક હર્ષિત થયેલી અને પ્રફુલ્લપણે મંદ હાસ્યમય બનેલી વસન્તશ્રી અને કુસુમશ્રીએ દેવ જેવા દિવ્યશરીરવાળા હરિબલને તુંબડામાંના અમૃતથી સિંચ્યો! ॥ ૩૩૦ ॥ બીજાને માટે કષ્ટ ઉઠાવનારા જનોને ખરેખર વિપત્તિ પણ સત્વર સંપત્તિમાં પરિણમે છે! શું અગુરુ (અગર)-ને બાળવાથી સુગંધનો વિશાલ ફેલાવો થાય એ વિધિ નથી? ॥ ૩૩૧ ॥ હરિબલ પોતાનાં મકાનમાં પોતાનો સ્ત્રીઓ સાથે જેવામાં પ્રેમવાર્ત્તા કરે છે.' તેવામાં ત્યાં વિષયવાસનાવડે અત્યંત ઉન્મત્ત બનેલો રાજા, ઉતાવળે યથેચ્છપણે આવી રહ્યો છે.! ૩૩૨ ॥ રાજાને આવતો જાણીને તે બંને સ્ત્રીઓએ પોતાના સ્વામી હરિબલને કહ્યું-હે પ્રિય! આપ છૂપી રીતે સંતાઈને અમારૂં કાંઈક કૌશલ્ય જુઓ. ॥ ૩૩૩ ॥ હરિબલે એ પ્રમાણે કર્યે છતે, શાણી એવી તે બંને સ્ત્રીઓએ રાજાને આકર્ષણ થાય તેવી રીતે સત્કાર કરવો, આસન આપવું વગેરે બધું જ સર્જ્યું! ॥ ૩૩૪ ॥ અને રાજાને પૂછવા લાગી કે-હે દેવ! આપને અત્યારે કેમ પધારવું થયું? રાજા પણ

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S.   Jun Gun Aaradhak Trust

ગાંડાની જેમ વિના કારણે જ અત્યંત હસતો અને ઉલ્લસતો બોલ્યો-'હે માન્ય સ્ત્રીઓ ! યુવાન યુવાનને લેવા આવે તેમ તમારી પ્રતિ અતિ ઉત્કંઠાવાળો એવો હું

**વિષયાંધ રાજાને હરિબલની સ્ત્રીઓનો ઉપદેશ અને રાજાનો દુરાગ્રહ.**

તમો બન્નેને મારા મહેલે લઈ જવા સારુ અહિં આવ્યો છું, તે તમે શું જાણતી નથી ? ॥ ૩૩૫-૩૩૬ ॥ રાજાનું તેવું બોલવું સાંભળીને તે બને સ્ત્રીઓ રાજાને કહેવા લાગી-[હે નેતા! એ પ્રમાણે બોલવું તે આપને-નેતાને માટે ઉચિત નથી: કારણ કે-રાજાને સેવકજનનું પોષણ કરે છે માટે' પિતા કહેલ છે. ॥ ૩૩૭ ॥ વળી દેવરમણી જેવી મનોહર હોય તો પણ પરનારી અત્યંત પ્રકારે તજવા યોગ્ય છે: તેમાં પણ માણસોએ સેવકની સ્ત્રીને તો પુત્રવધુની જેમ વિશેષ પ્રકારે દૂરથી જ તજવા યોગ્ય છે. ॥ ૩૩૮ ॥ ગુનેગાર પ્રજાને દંડ કરતા હોવાથી રાજા તો અકૃત્યને અટકાવનારા હોય છે જો તે પણ અકૃત્ય-કારી બને તો પછી તેવી પ્રજાનાં અકૃત્યને અટકાવનાર કોણ ? ॥ ૩૩૯ ॥ પહેરેગીર તસ્કરનું કામ કરે અને રક્ષક માણસો ધાડ પાડે તે તો પાણીમાંથી અગ્નિ અને સૂર્યથી અંધકાર ફેલાવા જેવું છે ! ॥ ૩૪૦ ॥ હે રાજન્ ! આ બંને નારીઓ મને ભજશે-મારાથી વિષયની વાંછું થશે' એવો તમને અસદ્ આગ્રહ કેમ છે ? અમો પ્રાણાંતે પણ શીલને મલિન કરશું નહિ ॥ ૩૪૧ ॥ કહ્યું છે કે: —

'वरं श्रृंगोत्तुङ्गाद् गुरुशिखरिणः क्वापि विषमे
पतित्वाऽयं कायः कठोनदृषदन्तर्विदलितः ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**वरं न्यस्तो हस्तः फणिपतिमुखे तीक्ष्णदशने ।**
**वरं वह्नौ पातस्तदपि न कृतः शीलविलयः ॥ ३४२ ॥**

**અર્થ**:—મહાન્ પર્વતના ઊંચા શિખર ઉપરથી કોઇપણ વિષમ સ્થળે પડીને કાયાનો કઠીન પત્થરો વચ્ચે ચૂરો કરી નાખવો તે શ્રેષ્ઠ છે, તીક્ષ્ણ દાંતવાળા શેષનાગના મુખમાં હાથ નાખવો શ્રેષ્ઠ છે, અગ્નિમાં પડીને બળી મરવું શ્રેષ્ઠ છે અને શીલનો વિનાશ ન કરવો તે' તે દરેક કરતાં પણ શ્રેષ્ઠ છે. ॥ ૩૪૨ ॥ માટે હે રાજન્! વિપાકે પરમ કટુ એવા પરનારીગમનના પાપથી તમે વિરામ પામો–વિરામ પામોઃ કારણ કે-તેવી અન્યાયભરી રીતિ, મરકીના ફેલાવાની જેમ પુણ્યવાનોને લઘુતા ફેલાવનારી છે. ॥ ૩૪૩ ॥ કહ્યું છે કેઃ—

**'सत्यपि सुकृते कर्मणि, दुर्नीतिरेवाऽन्तरे श्रियं हरति ।**
**तैलेऽनुपभुक्तेऽपि हि, दीपशिखां हरति वाताली ॥३४४॥**

**અર્થ**:—પૂર્વનો પુણ્યોદય વિદ્યમાન હોવા છતાં જે વચમાં થવા પામતી દુર્નીતિ જ લક્ષ્મીનો નાશ કરે છેઃ વંટોળીઆનો વાયુ તેલનો ઉપભોગ કરતો નહિ હોવા છતાં પણ તે તેલથી બળતા દીવાની શિખાનો તો નાશ કરે જ છે ॥૩૪૪॥' માટે પોતાનાં કલ્યાણની ઇચ્છાવાળાએ નીતિમાં પ્રવર્ત્તવું, પણ અનીતિમાં પ્રવર્ત્તવું નહિ, મનુષ્યોને નીતિ જ સર્વસંપત્તિનું મૂલ છે અને શોભાકારી છે. ॥ ૩૪૫ ॥ કહ્યું છે કેઃ-

**'द्रुमेषु सलिलं सर्पिर्नरेषु मदने मनः ।**
**विद्यास्वभ्यसनं न्यायः श्रियामायुः प्रकीर्तितम् ॥३४६॥**

**અર્થ**:—વૃક્ષોનું આયુષ્ય પાણી, મનુષ્યનું આયુષ્ય ઘી, કામદેવનું આયુષ્ય મન, વિદ્યાનું આયુષ્ય પરાવર્ત્તન અને

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

131913



લક્ષ્મીનું આયુષ્ય ન્યાય જણાવેલ છે. ॥ ૩૪૬ ॥' શ્રુત સાંભળવાથી બુદ્ધિ શોભે છે, પુણ્ય કરવાથી હોંશિયારી વધે છે, કલ્યાણકારી વસ્તુઓથી નારી શોભે છે, પાણીથી નદી શોભે છે, ચંદ્રથી રાત્રિ શોભે છે, સમાધિ જાળવવાથી ધીરજ શોભે છે અને નીતિથી રાજાપણું શોભે છે. ॥ ૩૪૭ ॥

ઇત્યાદિ વિવિધ વચનો અને નવી નવી યુક્તિથી તે બંને સ્ત્રીઓએ રાજાને ઘણો ઉપદેશ કર્યો, છતાં પણ રાજા સમજ્યો જ નહિ! ખરેખર નવા મહાજ્વર આદિમાં ઉત્તમ ઓષધ વગેરે પણ નિષ્ફળ થાય છે. ॥ ૩૪૮ ॥ ઊલટો કામની અત્યંત દુષ્પીડાવશાત્ રાજા બોલ્યો–"હે સુંદરીઓ! હું રાજા તમારી પ્રાર્થના કરી રહ્યો છું છતાં તમે મારામાં કેમ અનુરાગ ધરતી નથી? તમે 'પતિ આવે તો શું થાય?' એવી શંકા ન કરો. તે ન આવે એ માટે તેને ભસ્મસાત્ કર્યો છે: તેથી આ બાબતમાં તમો બંને નવયૌવનાનો રતિના કારણરૂપ ગતિ હું જ છું: ॥ ૩૪૯-૩૫૦ ॥ હે નિર્બળ એવી અબળાઓ! ગર્વમાન એવો હું બળાત્કારથી પણ તમને લઇ જઇ શકું છું, માટે '**સ્વરસેન**'–મારી ઉપર મારા પણાની બુદ્ધિ ધરાવવાપૂર્વકના રાગથી મારા મ્હેલે આવો: એ પ્રમાણે વર્ત્તશો તેમાં આપણો સ્નેહ અરસપરસ નિખાલસ રહેશે. ॥ ૩૫૧ ॥"

રાજાનું તેવું તુચ્છ બોલવું સાંભળીને તે બંને સ્ત્રીઓ બોલી–'ધિક્કાર છે તને! તારો નિષેધ કર્યો છતાં પણ કપટકુશળ બુદ્ધિવાળો એવો તું ધૃષ્ટ કાગડાની માફક કેમ કરીને નજીકના કિનારે બેઠો કટુ આરડે છે? અહિંથી ખસ, દૂર થા: જો નહિ ખસે તો તારા પાપનું ફળ જલ્દીથી પામીશ.': એ પ્રમાણે બાળાએ કહેવાના પરિણામે રાજા જેવામાં અહં-

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કારથી બલાત્કાર કરવા જાય છે, તેવામાં કુસુમશ્રીએ વિદ્યાબળથી દૃઢબંધનોવડે ચોરબન્ધ બાંધીને રાજાને એવો તો ભૂમિ પર પટક્યો કે-તેના બધા દાંત પડી ગયા ! ॥ ૩પર થી પ૪ ॥ 'અમે નિર્મળ અને સદાને માટે બીજાનો ઉપકાર કરનારા છીએ, જ્યારે આ રાજા મલિન છે અને બીજાઓનો અપકારી છે' એમ જાણીને જ હોય તેમ રાજાના તે દાંત રાજાને તજી દૂર ગયા ! ॥ ૩પપ ॥ તે વખતે રાજાનો દુઃખે નિગ્રહ કરી શકાય

**હરિબલની સ્ત્રીઓએ રાજાને દુર્દશામાં મૂકવાપૂર્વક પ્રચંડ સતીત્વની કરાવેલી ખાત્રી.**

તેવો તે અનંત ગ્રહ પણ તેના અહંકારરૂપી ગ્રહની સાથે ભયભીતના જેમ દાંતની સાથે નાસી ગયો ! ॥ ૩પ૬ ॥ પાશબંધના મજબૂત બંધનને લીધે તેમ જ ભૂમિ પર પટકાયાથી દાંત પડી જવાને લીધે ઉત્પન્ન થએલ મહાન્ પીડાવડે અત્યંત દુઃખી થએલો રાજા વ્યાધિગ્રસ્તની જેમ અત્યંત રડવા લાગ્યો ! ॥ ૩પ૭ ॥ તે વખતે લાળ ચાલી જવી, દાંત પડી જવા, ભૂમિ પર પડ્યું રહેવું, શોભાહીન થઈ જવું વગેરેવડે રાજા યુવાન હોવા છતાં પણ ઘરડો જણાવા લાગ્યો ! ખેદની વાત છે કે-લાભની ઈચ્છાવાળા રાજાને મૂલ પણ નાશ પામ્યું. ॥ ૩પ૮ ॥ કહ્યું છે કે-થોડા દિવસ રહેનારા અને મદ કરાવનારા એવા યૌવનમાં દુરાત્માઓ એવા પ્રકારના અપરાધો કરે છે કે-જે અપરાધોને લીધે આખો જન્મ જ ફોગટ થાય છે. ! ॥૩પ૯॥ પરદારાગમનના યોગે પણ પ્રાણી ઘોર વિડંબનાઓ પામે છે દૃષ્ટિવિષ જેવા દુષ્ટ સર્પની દૃષ્ટિમાં પણ સામાનું મૃત્યુ નથી શું ? ॥ ૩૬૦ ॥

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારબાદ પૃથ્વીને રડાવનારું આક્રંદન અને દાંત વગરના અત્યંત હીન અને દીન મુખ ધરાવવાવડે કૃપાનું પાત્ર બનેલા રાજાને કુસુમશ્રીએ દયા લાવીને કહ્યું-"હે રાજન્! તું અન્ય પ્રતિ તે તે પ્રકારનાં પાપો કરવામાં રસિક હોવા છતાં પણ અપાર કૃપાને લીધે કોમલ હૃદયવાળી હું તને અહિં તો જલ્દી પણ છોડી દઉં છું, પણ યાદ કરજે કે-નરક આદિમાં કર્મ તને છોડશે નહિ: ॥ ૩૬૧-૩૬૨ ॥ ફરી એ પ્રમાણે કરીશ નહિ" ઈત્યાદિ ઉપદેશ આપીને કુસુમશ્રીએ રાજાના 'મૂર્તિમાન્ દુષ્કર્મોને છૂટા કરવાની જેમ' પાશબંધના બંધનો સત્વર છૂટા કરી નાખ્યા! ॥ ૩૬૩ ॥ તેથી રાજા પૃથ્વીતલ ઉપર પડ્યો હોવા છતાં પણ શરીરે જલ્દી સ્વસ્થ અને સાવધાન થયો! અથવા હરિબલની તે પ્રિયાની મહેરબાનીથી કઈ વસ્તુ અત્યંત દુષ્પ્રાપ્ય હોય? ॥ ૩૬૪ ॥ ત્યારબાદ પોતાને બહુ જ શોચતો રાજા અત્યંત લજ્જાભર્યા-સંકોચાયેલા નેત્રે ધીમે ધીમે ગતિવાળો બન્યો થકો પશ્ચાત્તાપ અને નિંદા સહિત અત્યંત ગુપ્તપણે પોતાના મહેલે આવ્યો. ॥ ૩૬૫ ॥ શરીરના બાહ્ય સુખ આપનારા ઉપાયો કરવાવડે રાજાએ તે રાત્રિ પસાર કરી અને સવારે લજ્જાથી કોઈક બ્હાનું બતાવવાપૂર્વક મુખ ઢાંકીને રાજસભામાં બેઠો. ॥ ૩૬૬ ॥ રાજાને રાત્રે જે જે વીતક બન્યુ તે બધું રાજા પાસેથી મંત્રીએ આપ્તપણે જાણી લીધું હોવાથી 'તત્ત્વગામી પુરુષ જેમ ભય, વિસ્મય અને કરુણ રસરૂપ ત્રિતયીને એક સાથે અનુભવે તેમ' તે મંત્રી, ભય-વિસ્મય અને કરુણા રસવડે જાણે કે-એક સાથે જ ત્રણ રૂપપણું પામ્યો! ॥ ૩૬૭ ॥

હવે જેણે છૂપા રહીને પોતાની સ્ત્રીઓનું અત્યંતતર આશ્ચર્ય-

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કારી ચરિત્ર જોયું છે એવો તે હરિબલ, પોતાના ઘેરથી રાજા ગયા બાદ પોતાની પ્રિયાઓ જોડે પ્રિય એવો વાર્ત્તાલાપ કરે છે કે– ‘ તમો બંનેએ અનુચિતકારી રાજાને આ બધું યોગ્ય જ કર્યું છે. કારણ કે– મૂર્ખજન અકળાવ્યા વિના અને ઉપદ્રવિત કર્યા વિના કદી પણ સાચું સ્વીકારતો નથી. ॥ ૩૬૮ ॥ તેમાં પણ ખરાબ સારથી રથને ઉન્માર્ગે લઈ જાય તેમ આ રાજાને દુર્બુદ્ધિ આપીને કુમાર્ગે લઈ જનાર તો દંભી મંત્રી છે. ॥ ૩૭૦ ॥ રાજા, અશ્વ, પુરુષ, સ્ત્રી, વીણા, શાસ્ત્ર અને શસ્ત્ર એ સર્વનું સુંદર કે અસુંદરપણું બીજાને આધીન છે ॥ ૩૭૧ ॥ કહ્યું છે કે:—

**સ્ત્રીઓની કાર્યદક્ષતાની હરિબલે કરેલ પ્રશંસા અને**

**દુષ્ટમંત્રીના ફેજનો વિચાર.**

**‘ वल्ली नरिंदचित्तं, वक्खाणं पाणिअं च महिलाओ ।**
**तत्थ य वच्चंति सया, जत्थ य धुत्तेहिं निज्जंति ॥ ३७२॥**

**અર્થ**:—વેલડી, રાજાનું ચિત્ત, વ્યાખ્યાન, પાણી અને સ્ત્રીઓ; ધૂર્ત્ત પુરુષો જ્યાં ખેંચી જાય ત્યાં જાયછે. ॥ ૩૭૨ ॥’ વિષમ સન્નિપાત જેવા મંત્રીએ જ તાવની જેમ રાજાને દુષ્પ્રતિકાર બનાવી દીધેલ છે, તેથી પહેલાં તે મંત્રીનો પ્રતિકાર કરવો યુક્ત છે. ॥ ૩૭૩ ॥ દુષ્ટ ઈરાદાવાળો માણસ સર્પની જેમ કદચિત્ જીવતાં સુધી પણ પોતાની પ્રકૃતિ છોડતો નથી; તેથી નક્કી અનર્થનું મૂલ એ મંત્રી મૂળમાંથી ઉખેડી નાખવા જેવો છે. ॥ ૩૭૪ ॥ દુર્નીતિથી હણવા લાયક એ મંત્રીને વિષે દયાળુને પણ દયા રાખવી શું કામની ? ખરેખર દુષ્ટોનું દમન કરવું અને શિષ્ટજનોનું પાલન કરવું તે ન્યાય છે. ॥૩૭૫॥ તે મંત્રીનો નિગ્રહ કરવાને માટે તેણે કરેલા દંભને અનુ-

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સરીને દંભ અને પ્રપંચ જ નિર્વિઘ્ન ઉપાય છે: કારણ કે-દંભીને દંભથી જ સાધી શકાય છે. ॥ ૩૭૬ ॥ કવિઓએ પણ કહ્યું છે કે:—

**'व्रजन्ति ते मूढधियः पराभवं, भवन्ति मायाविषु ये न मायिनः ॥**
**प्रविश्य हि घ्नन्ति शठास्तथाविधा, न संवृतांगान्निशिता इवेषवः ॥**

**અર્થ**:—માયાવી પુરુષોની જોડે જેઓ માયાવી બનતા નથી તે મૂઢ બુદ્ધિવાળા પુરુષો પરાભવ પામે છે: કારણ કે-બખ્તર વિનાના શરીરવાળાને તીક્ષ્ણ બાણો હણી નાખે છે તેમ શઠ જનો સરલ માણસોનાં હૈયામાં પેસીને તેઓને હણી નાખે છે. ॥ ૩૭૭ ॥

મંત્રણાના જાણકાર પુરુષોને વિષે ગુપ્ત વાત ચાર કાને રહી હોય તો પ્રશંસનોય ગણાય છે તેને બદલે આ હરિબલને (લંકાથી આવ્યા બાદ નગરપ્રવેશ કર્યો તે પહેલાં રાજાને મળ્યા પછી લંકા જવા આવવા સંબંધી વાત રાજાને કેવી રીતે કરવી, તે વિચારીને નક્કી કરવા હરિબલ, વસંતશ્રી અને કુસુમશ્રી ત્રણેએ વિશાળપુરના નગરના ઉદ્યાનમાં ખાનગી મંત્રણા કરી છે તે) છ કાને ગએલી વાત પણ ભવિષ્યમાં (નગરમાં પ્રવેશ કર્યો ત્યારથી લઇને અત્યાર સુધીમાં) દરેક કાર્યની સિદ્ધિ કરી આપનારી નિવડી ! ॥ ૩૭૮ ॥ (મંત્રણાના જાણકાર વિશેષજ્ઞોએ મંત્રણાનું વિધાન '**चतुष्कर्णो मंत्र**' એમ નક્કી કર્યું, પણ '**षट्कर्णो मंत्र**' એવું વિધાન કર્યું નથી.) '**षट्कर्णो मंत्र**' એવું વિધાન કરવામાં 'પહેલા' એવા આ હરિબલે સ્મરણ કરેલ સમુદ્રદેવની મૈત્રીથી દેવદૂષ્ય વસ્ત્રો અને દેવતાઈ આભરણોવડે દેવોની જેવો દેવતાઈ વેષ ધારણ કર્યો

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને સવારમાં યમરાજના દ્વારપાળ જેવા ભયંકર રૂપધારી દેવતાઈ પુરુષને પોતાની સાથે લઈ જવાપૂર્વક રાજાની સભામાં જઈને રાજાને હર્ષથી નમસ્કાર કર્યો.! ॥ ૩૭૯-૩૮૦ ॥ દેવલોકમાંથી ઉતરી આવેલ હરિ-શ્રીકૃષ્ણની જેમ તેવા દિવ્યવેષ અને શરીરવાળા હરિબલને જોઈને સમસ્ત લોકની સાથે રાજા અંતરમાં વિસ્મય પામ્યો! ॥૩૮૧॥ 'ધિક્કાર છે મંત્રીને કે જેનું (સળગીને મરેલ કદી જીવતો થાય? એ પ્રકારનું શંકાવાળું લંકા પ્રસંગનું) વચન પાપી છે. ખરેખર! હરિબલનું (લંકામાં ભસ્મસાત થઈને ગયો, એ) કૃત્ય સાચું છેઃ કારણ કે—આ હરિબલ, યમરાજ પાસે જવામાં અમારી સામે સાક્ષાત્ ભસ્મીભૂત થયો હતો છતાં પણ અહિં આવ્યો છે! ॥ ૩૮૨ ॥' હરિબલનાં કૃત્ય સંબંધમાં એ પ્રમાણે નિર્ણીત વિચારવાળા બનેલા તે **રાજાએ હરિબલને પૂછયું**-'હે મહાસાહસિક! તું અહિં જલદી કેવી રીતે આવ્યો? અને સાથે આવેલ આ માણસ કોણ છે?' **હરિબલે પણ કહ્યું**-'હે રાજન્! અહિંથી હું જેવામાં બળતા દેહે યમરાજ પાસે જઉં છું, તેવામાં યમરાજે પોતાના કિંકરોદ્વારા મને પોતાની પાસે અણાવ્યો અને મારા તે સાહસથી સંતુષ્ટ થઈને મને જીવતો કર્યો! ॥૩૮૩-૩૮૪॥ દેવો સંબંધીની તે પ્રભાવવાળી ભૂમિના પ્રભાવથી હું શરીરે અદ્ભુત શોભાવાળો થયો! સાત્ત્વિકતાથી સેવેલ કષ્ટને લીધે દેવ તુષ્ટાયમાન થયે સતે શિષ્ટજનોને શું ઇષ્ટ પ્રાપ્ત થતું નથી?

**ભયંકર રૂપધારી દેવતાઇ પુરુષની સાથે હરિબલનું રાજસભામાં આવવું અને યમપુરીનો કૃત્રિમ વૃત્તાંત રાજાને સંભળાવવો!**

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

॥ ૩૮૫ ॥ અને હે રાજન્ ! વાણી અને મનને અગોચર એવી મેં ત્યાં યમરાજની શું ઋદ્ધિ જોઈ ! ! !

'હે હરિબલ ! તેં ત્યાં શું શું ઋદ્ધિઓ જોઈ અને કેવી કેવી રીતે બધું જોયું ?' એ પ્રમાણે રાજાએ આશ્ચર્યપૂર્વક પૂછવાથી હરિબલે કહ્યું-'હે રાજન્ ! ઇન્દ્રપુરીની ઋદ્ધિનું અભિમાન ઉતારી નાખે તેવી યમરાજના **સંયમની** નામે નગરી છે ! અને તે નગરનો રાજા યમરાજ જાણે ધર્મરાજ જોઈ લ્યો ! અક્ષો તે રાજાની પ્રજા છે: ॥ ૩૮૬-૩૮૭ ॥ તેની **તેજસી** નામે શુભકારી એવી વિખ્યાત સભા છે. તે રાજા પોતાના ચાર હાથમાં અનુક્રમે-કુકડો, દંડ, લેખણુ અને પુસ્તકને ધારણ કરે છે ! ઇન્દ્ર વગેરે દેવો પણ તે રાજાની સેવાના સ્વભાવને ધારણ કરે છે ! વિષ્ણુ, બ્રહ્મા અને મહેશ-શંકર પણ તે રાજાની મહેરબાની મેળવવા તપ તપી રહ્યા છે ! યોગીશ્વરો પણ તે યમરાજની જ બીકથી યોગનો અભ્યાસ કરી રહ્યા છે ! વિશેષ શું કહું ? વન જેમ મેઘને વશ છે તેમ ત્રણેય જગત્ તે યમરાજને જ આધીન છે ! ॥ ૩૮૯-૩૯૦ ॥ ઘોર અન્ધકારના નાશને જન્મ આપનાર એવો **સૂર્ય**, તે યમરાજનો પિતા છે. વળી વિદુષી સ્ત્રીઓને વિષે મુખ્ય વિદુષી એવી **સંજ્ઞા** નામે માતા છે: ॥ ૩૯૧ ॥ અને વજ્રની જેમ જગતમાં અત્યંત દુઃસહ એવો **શનિ** નામે તેનો પ્રશંસનીય ભ્રાતા છે; તેમજ પોતે મલિન હોવા છતાં પણ જગતને જેણે પવિત્ર કર્યું છે એવી **યમુના** નામે તે યમરાજને બ્હેન છે: ॥ ૩૯૨ ॥ અને શત્રુઓનાં મુખને ધૂમાડાથી મલિન કરે તેવી **ધુમોર્ણા** નામે તે રાજાને પટ્ટરાણી છે: વળી પાડાને વિષે અગ્રણી એવો **પાડો** તેનું મુખ્ય વાહન છે: ॥ ૩૯૩ ॥ ત્રણ

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જગતનાં જંતુઓએ જેનો સત્કાર કર્યો છે: એવો આ (મારી સાથે આવેલ) **વૈધ્યત** નામે તેનો દ્વારપાળ છે: અને તેજ-પરાક્રમવડે કરી **ચંડ** અને **મહાચંડ** નામના તેના બે શ્રેષ્ઠ સેવકો છે. ॥ ૩૯૪ ॥ ત્રણ જગતના પ્રાણીઓનાં સારા અને નરસાં ચરિત્રોને લખનાર **ચિત્રગુપ્ત** નામે તેનો લેખક છે: એ પ્રમાણે તે યમરાજની સર્વાંગસંપૂર્ણ ઋદ્ધિ પણ અનન્ય સાધારણ-અસમાન છે ! ॥ ૩૯૫ ॥ અને તે જો પ્રસન્ન થાય તો કલ્પવૃક્ષ જેવો છે, પરંતુ રોષ પામે તેનું કૃતાન્ત (અન્ત આણનાર) નામ સત્યજ છે; કે-જે નામ વિશ્વ ઉપર અપ્રતિ-હત પ્રભુતાખ્યાપક લક્ષણરૂપ છે. ॥૩૯૬॥

**રાજા, મંત્ર્યાદિને યમનું કન્યાદાન માટે આમંત્રણ !**

લોકમાં પણ કહ્યું છે કે-જેના રોષથી સામાને ભય નથી અને તુષ્ટતાથી ધન-ઋદ્ધિની પ્રાપ્તિ નથી; તે જન્મ્યો થકો શું કરશે ? ॥ ૩૯૭ ॥ (હે રાજન્!) તેવા પ્રકારની તે સમૃદ્ધિ જોઇને મેં મારી આંખોનું સફલ-પણું માન્યું: લોકો પણ કહે છે કે-બહુ જીવવાથી પણ બહુ જોયું ભલું. ॥ ૩૯૮ ॥ હે રાજન્! પૂર્ણ પ્રીતિવાળા એવા તે યમરાજને મેં અહિં આવવાને આમંત્રણ આપ્યું, એટલે યમ-રાજે કહ્યું-બહુ આદર કરવાથી હું તો આવીશ, પરંતુ જો મારા પર મિત્રતા ધરાવે છે, તો મંત્રી વગેરે સમસ્ત બલ સહિત તારો નેતા એક વાર અહિં આવે, જેથી તેને ઉચિત કાંઇક ભક્તિ કરીએ ! ॥ ૩૯૯-૪૦૦ ॥ આ માટે પરમ આદરભર્યા હૃદયવાળા યમરાજે મને પ્રાર્થના કરવાની જેમ વારંવાર આજીજી કરીને અને દિવ્ય વસ્ત્રો તથા અલંકાર આપીને કહ્યું કે-આ દિવ્યરૂપવાળી, ભાગ્યશાળી અને મને

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માન્ય એવી મારે ઘણીય કન્યા છે, તેથી આ એક કન્યાને તું પરણ, અને અમોને હર્ષનું સ્થાન પ્રાપ્ત કરાવ. ॥ ૪૦૧-૪૦૨ ॥ યમરાજની એ વાત સાંભળીને મેં કહ્યું-હે રાજન્! (યમરાજ!) કન્યાઓ તો મારા રાજા-મંત્રી વગેરેને સહુ-સહુને ઉચિત તરીકે આપવા યોગ્ય છે, મને તો આટલાથી જ સંતોષ છે. કારણ કે-નોકર માટે સ્વામીની સેવાનું ફલ ભરણપોષણ છે. ॥ ૪૦૩ ॥ દુશ્મનોને બાંધવામાં-તેનો વધ કરવામાં-તેની જોડે યુદ્ધ કરવામાં-તેનો કિલ્લો લેવામાં-સ્વામીનો મહેલ કરવામાં અને સ્વામીને ત્યાંના મહોત્સવમાં સેવકો કષ્ટ ઉઠાવે છે, પરંતુ તે દરેક કષ્ટોનું સમસ્ત ફલ નેતાનું જ ગણાય છે. ॥ ૪૦૪ ॥ મારી આ વાત સાંભળીને યમરાજે કહ્યું-'હે ભાઈ! તો પછી તારે રાજા વગેરેને અહિં જલદી મોકલવા રહ્યું છે.' એ પ્રમાણે યમરાજે ઘણું ઘણું કહીને મને અહિં મોકલ્યો, અને આપને અતિ ઉત્કૃષ્ટ બહુમાનથી બોલાવવાને, માર્ગ બતાવવાને અને આપના પ્રતિનું બહુમાન દેખાડવાને માટે તે યમરાજે તેના આ વૈધ્યત નામના પ્રતિહાર-દ્વારપાળને મોકલ્યો છેઃ અને આ વૈધ્યત જ દેવતાઈ શક્તિથી મને અહિં જલદી લાવ્યો છે; માટે હે રાજન્! આપ તેની નગરીએ પધારોઃ સજ્જનો, અર્થીજનોને ઇષ્ટરીતે વર્ત્તવાવાળા હોય છે. ॥ ૪૦૫-૬-૭ ॥ તે વખતે જેવું હરિબલે કહ્યું તેવું, અને તેનાથી અધિક વર્ણન હરિબલની સાથે આવેલા તે યમરાજના દ્વારપાળે પણ રાજાને કહ્યું! ખરેખર દેવતાઈ પુરુષ કહેવા બેસે તેમાં પ્રથમની વાત સાથે વિસંવાદ આવે જ ક્યાંથી? ॥ ૪૦૮ ॥

એ વખતે મંત્રીની ફરજ ભૂલીને રાજાને દુર્બુદ્ધિ દેનાર

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે ધૂર્ત મંત્રીએ પણ હરિબલની અને યમરાજના દ્વારપાળની તે વાતને વેદની વાત જેવી માની લીધી! ખરેખર, સુંદર રીતે ગોઠવેલી મંત્રણાને તત્ત્વરૂપે જાણવામાં બ્રહ્મા પણ જડ બની જાય છે! ॥ ૪૦૯ ॥ હરિબલ અને યમરાજનાં એ પ્રમાણેનાં 'પોતાના આશય(દુરાશય)ને ઉન્માદ કરાવનારાં' અંધએસતાં વાકયોથી રાજા મંત્રી વગેરે બધા જ યમપુરીમાં જવાને ઉતાવળ કરવા લાગ્યા ॥ ૪૧૦ ॥ માણસોને યમનું નામ સાંભળે ત્યાં બીક લાગે છે; જ્યારે તે વખતે તો યમ પાસે જવું તે કૌતકરૂપ બન્યું! કે-જેથી રાજા, મંત્રી વગેરે પણ યમને ઘેર 'હું પહેલો જઉં, હું પહેલો જઉં! એ પદ્ધતિથી' જવાની ઈચ્છાવાળા થયા! અહુહ શું લોભનો મહોત્સવ! ॥૪૧૧॥ પહેલાં દાંત પડી જવાને લીધે થઈ રહેલ પીડાનો વિસ્તાર અત્યંત ઉગ્ર અને તાજો જ હોવા છતાં પણ તે બધી જ પીડા, ઋદ્ધિની આસક્તિરૂપ ઔષધથી કયાંઇ પણ નાસી ગઈ! ॥ ૪૧૨ ॥ હવે ચિતામાં પડીને યમરાજ પાસે જવા રાજા તૈયાર થયો! જ્યારે પેલો મંત્રી તો રાજાની પહેલાં જ તૈયાર થયો! કર્મથી હણાએલ બુદ્ધિવાળા સભ્યજનો પણ રાજા અને મંત્રીની હરિફાઇની રીતે જ તૈયાર થયા! ॥ ૪૧૩ ॥ ત્યારબાદ કેટલાકો પુષ્કળ દેવકન્યા, દેવતાઈ દ્રવ્ય અને દેવતાઇ અલંકાર વગેરેના લોભથી અને કેટલાકો કૌતુકથી પણ નગરની બહાર ચાલ્યા. ॥ ૪૧૪ ॥ મનને વિનોદના અપૂર્વ કારણભૂત એવો તે વૃત્તાંત ચોમેરથી સાંભળીને તે તે દેવતાઇ ઋદ્ધિના લાલચુ નગરજનો પણ તે રાજા, પ્રધાન

**હરિબલની વાતથી રાજા વગેરેની યમપુરીમાં જલદી જવાની ઉત્કંઠા!**

Scanned with CamScanner

અને સભ્યજનોની સાથે ભળી ગયા. અગ્નિમાં પડવા જવા જોડાયા ! અહો, લોભનું સામ્રાજય ! ! ! ॥૪૧૫॥ હવે રાજાના આદેશથી કોઇ અજબ પ્રકારની અત્યંત મોટી ચિતા રચાવીને સળગાવેલી તે ભયંકર હોવા છતાં પણ ભવસ્થિતિની માફક તે સર્વજનોને આનંદપ્રદ બની ! ॥ ૪૧૬ ॥ દેવતાઇ ઋદ્ધિ આદિની લાલચે આ ચિતામાં પડવું તેમાં સહુને માટે ભસ્મસાત્ થઇ જવાનું નક્કી છે, અને દૂરના દેવતાઇ ઋદ્ધિ વગેરે પદાર્થોની પ્રાપ્તિ અનિશ્ચિત છેઃ છતાં પણ તે વખતે તે દરેક જનો ચિતામાં પડવા એકાગ્રચિત્ત થયા ! અહો સંસારીજનો ! ॥૪૧૭॥ સંસારી પ્રાણીઓ એ પ્રકારના હોવાથી જ કહ્યું છે કેઃ-

**जा दव्वें होइ मई, अहवा तरुणीसु रूववंतीसु ।**
**सा जइ जिणवरधम्मे, करयलमज्झट्ठिआ सिद्धि ॥४१८॥**

**અર્થ**:—દ્રવ્યમાં અથવા રૂપવંતી સ્ત્રીઓ પ્રતિ પ્રાણીની જેમ બુદ્ધિ હોય છે, તે બુદ્ધિ જો જિનેશ્વર ભગવંતના ધર્મને વિષે આવી જાય તો મોક્ષ હથેલીમાં જ છે. ॥ ૪૧૮ ॥

તે ઘોર ચિતામાં પડીને સળગી મરવા તૈયાર થએલા તે ભવાભિનંદી પ્રાણીઓ, દેવકન્યા વગેરેની અત્યંત લાલસાવશાત્ તે વખતે દારૂ પીધેલની માફક વિવિધ પ્રકારની બૂમરાણોવડે શબ્દો કરવા લાગ્યા, આનંદ કરવા લાગ્યા ! ॥૪૧૯॥ ત્યારબાદ જેવામાં તે બધાજનો 'હું પહેલાની હરિફાઇપૂર્વક' પોતાનાં શરીરને ચિતામાં હોમે છે, તેવામાં તે હરિબલ, તેઓની દયાથી એકદમ વિચારે છે કે–" નિરર્થક કુબુદ્ધિવાળા મેં આ શું મહાન્ અનર્થ આરંભ્યો ? પાપીઓને તો નરકમાં પણ સ્થાન છે. પરંતુ એવા નિરપરાધીજનોના વધથી મારું

Scanned with CamScanner

સ્થાન ક્યાં ? ॥ ૪૨૦-૪૨૧ ॥ રાજાજનો માટે શિક્ષા પણ અપરાધીને જ કરવી ઉચિત છેઃ 'શિક્ષા બાબત જો એમ વિવેક રાખવામાં ન આવે' તો તે કહેવાતા ડાહ્યાજનો યોગ્યાયોગ્યના વિચાર વગરના દાવાગ્નિની જેવા જ લેખાય. ॥ ૪૨૨ ॥ 'માટે હવે આ બધા નિરપરાધીજનોને બચાવવાનો અહિં ઉપાય શું ?' એ પ્રમાણે હરિભદ્ર વિચારે છે, તેવામાં હરિભદ્રને આશ્ચર્ય પમાડતો તે યમરાજના કૃત્રિમ દ્વારપાળ જનતાને કહેવા લાગ્યો કે—' હે નગરજનો ! તમે જો દિવ્યકન્યા વગેરે ફલના અભિલાષી હો તો કોઇ ઉતાવળ કરશો નહિ; અને યમરાજ પાસે આવવા સારુ ધારણ કરેલા હર્ષથી પ્રાપ્ત કરેલું ફળ હારશો નહિ; હું કહું તેમ કરવા ધ્યાન આપોઃ અમારા સ્વામી યમરાજ વિષમ છે, પદ્ધતિપૂર્વક જ તેમની પાસે જવું યોગ્ય છે; તેથી કરીને આ રાજાને જે કોઈ ખાસ માન્ય હોય તે માણસ મારી સાથે આવે; તે પછી રાજા અને તે પછી પ્રજાનો સમૂહ આવે."

યમરાજના દ્વારપાળની તે મુજબની વાત સાંભળીને મંત્રી વિચારવા લાગ્યો કે—' ખરેખર, અગ્નિમાં સળગી મરીને પણ યમરાજ પાસે પહોંચી જવામાં મને અપરંપાર ઇષ્ટફલની પ્રાપ્તિ થશેઃ ઋદ્ધિ મેળવવામાં સહુને મોખરે રહેતો અને તેમાં સંકટો આવી પડયે છતે સહુની પાછળ રહેતો કોઇ બુદ્ધિમાન્ ધૂર્ત્ત, ધૂર્ત્ત બુદ્ધિથી જ પુરુષાર્થનું સમર્થન કરે છે કે—' દાન કરવામાં, જવામાં, સૂવામાં, વ્યાખ્યાન કરવામાં, જમવામાં, સભાસ્થાનમાં, લેવડ-દેવડમાં, અતિથિપણામાં, રાજકુલમાં, અને પહેલાં રહેવામાં પૂર્ણ-

**દુર્બુદ્ધિદાતા મંત્રી-નું સહુ પહેલાં જ ચિતામાં પડવું !**

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ફુલ સમજનાર માણસે, શૂન્ય જંગલમાં, શૂન્ય મકાનમાં, શૂન્ય ગામમાં, પાણીમાં, ભયનાં સ્થાનમાં, લડાઇમાં, ચઢવા ઉતરવામાં, માર્ગમાં અને રાત્રિને વિષે મોખરે ન થવું " ॥૪૨૩ થી૪૨૯॥ એ પ્રમાણે વિચારતા મંત્રીએ રાજાને કહ્યું-સ્વામી! આ વૈધ્યત(યમના કૃત્રિમ દ્વારપાળ)ની સાથે હું અગાઉથી જઉં !' રાજાએ પણ આજ્ઞા આપી. આથી પોતાને કૃતાર્થ માનતો તે મંત્રી ખુશી થયો ! ॥ ૪૩૦ ॥ ત્યારબાદ તે દિવ્યનરે ( વૈધ્યતે ) ચારે બાજુ જ્વાલા ફેલાવી રહેલ ભયંકર ચિતાગ્નિને વિષે ઝંપાપાત કર્યો, અને તુરત કેટલાક માણસોની સાથે દુર્બુદ્ધિ એવા તે મંત્રીએ પણ ઝંપાપાત કર્યો ? ॥ ૪૩૧ ॥ ખેદની વાત છે કે-ચિતાગ્નિમાં પડતાં જ તે મંત્રી, દુર્બુદ્ધિની સાથે ભસ્મસ્વરૂપે બની ગયો અથવા તો આ મંત્રી કોઇ તેવા પ્રકારના પોતાના મનોરથોને લઇને યમને ધામ પહોંચી ગયો. ॥ ૪૩૨ ॥ તે ચિતાગ્નિમાં પડવાના રંગે ચઢેલો રાજા પણ જેવામાં તે ચિતાગ્નિમાં ઝંપલાવવા સારુ પતંગની ચેષ્ટા કરે છે

**હરિબળે દયાથી રાજાને અગ્નિમાં પડતાં બચાવવો.**

તેવામાં કરુણાવંત હરિબલે તેને બંને બાજુથી પકડી લીધો ! ॥ ૩૩૩ ॥ ખેદની વાત છે કે-'મને તું આ કાર્યમાં વિઘ્ન વડે પરાધીન બનાવે જ કેમ ?' એ પ્રમાણે રોષથી કઠોર વાણી ઉચ્ચારી રહેલ રાજાને હરિબલે કહ્યું-હે રાજન્! જે કાંઇ હું કહું તે સ્થિર થઈને સાંભળો: વિચાર્યા વગરનું કાર્ય કરનારને આ લોક અને પરલોકને વિષે અત્યંત અનર્થ પ્રાપ્ત થાય છે; માટે ઘણા માણસોએ સાક્ષાત્ જોઇને અને ઉત્તમ રીતે પરીક્ષા કરીને પછી કાર્ય કરવા લાયક છે. ॥ ૪૩૪-૪૩૫ ॥ કારણ કે-હે દેવ ! કોઈ પણ મરણ પામેલ

Scanned with CamScanner

માણસ જીવતો થાય તે વાત દેવોથી પણ બનવી સંભવિત નથી; આ સર્વ તો મેં માત્ર કુશળ એવું કપટના ટક પ્રગટ કર્યું છે! ॥૪૩૬॥ આપને આપેલ ખરાબ સલાહરૂપ કૂટ પ્રપંચની રચના વડે એ દુષ્ટ મંત્રીએજ આપના મુખે મને બહુ વખત પ્રાણાંત સંકટમાં નાખ્યો છે ॥૪૩૭॥ તે મહાપાપી આત્માએ આપને પણ દાંત પડવાની પીડા વીગેરે ગાઢ કષ્ટ સમૂહમાં નાખ્યા છે. ॥૪૩૮॥ જે માણસ આપ્ત હોવાનો દાવો ધરાવીને સામાને દુર્બુદ્ધિ આપે છે, બીજાનો દ્રોહ કરે છે અને બીજાનાં ધન-સ્ત્રી વગેરેમાં રક્ત બને છે તે માણસ જીવતો ન હો: ॥ ૪૩૯ ॥ હે રાજન્! જ્યાં દુષ્ટ વિચાર અને દુષ્ટ સલાહ આપનાર દુષ્ટ મંત્રી હોય ત્યાં આપ શું કરો ? સામો માણસ દુષ્ટ હોય છતાં પણ જો મંત્રી સુવિચારક એવો સુંદર હોય તો તે દુષ્ટ પણ શું કરી શકે ? ॥ ૪૪૦ ॥ એથી કરીને હે દેવ ! મેં દંભ અને પ્રપંચથી તે દુષ્ટ મંત્રીને અગ્નિસાત્ કર્યો છે. વ્યાધિ, વિષવૃક્ષ અને દુષ્ટજનો કોઈપણ રીતે જેમ બને તેમ જલદી ઉખેડી નાખવા લાયક છે. ॥ ૪૪૧ ॥

## હરિબલે અગ્નિથી બચાવેલ રાજાએ દુષ્કર્મોનો ખેદ કરવો.

હે સ્વામિન્ ! તમે મારા સ્વામી છો: તેથી અગ્નિને વિષે પ્રવેશતાં દેખી ખેદિત એવો હું તમારી ઉપેક્ષા કેમ કરું ? કારણ કે-સ્વામીનો દ્રોહ કરવો તે મહાપાપ છે: ॥ ૪૪૨ ॥ બીજા કોઈનો દ્રોહ કરવો તે પણ દુઃખના સમૂહને આપનારો થાય છે, તો પછી મિત્ર, સ્વામી કે ગુરુનો દ્રોહ કરવો તે તો કોને માલૂમ કેવો ફળે ? ॥ ૪૪૩ ॥ હરિબલનું એ

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રમાણેનું બ્યાન સાંભળતાં અત્યંત શંકિત મનવાળો રાજા ગંભીરપણે વિચારવા લાગ્યો: ખેદની વાત છે કે-આ મારૂં બધું જ દુષ્ટ ચરિત્ર જાણે છે? એ પ્રમાણે ઉદ્‌ભવતી નવીન નવીન મહાન્ ગાઢ લજ્જાની અત્યંત પીડાને લીધે મૂર્છા વિના પણ શૂન્યમને મૂર્છિત બનેલ તે રાજા (હરિબલની સામે) નીચું મુખ કરીને ઉભો! ॥ ૪૪૪-૪૪૫ ॥ એટલે ઉત્તમ વૈદ્ય જેમ ઓષધથી વ્યાધિને શમાવે તેમ ઉત્તમ સ્વભાવવાળા હરિબલે રાજાને રુચે તે તે પ્રકારનાં ઉત્તમવચનોથી રાજાની તે વ્યથા દૂર કરી! ॥ ૪૪૬ ॥ ત્યાર બાદ પૂછીને જાણવા મળેલ દેવનું સાનિધ્ય વગેરે અદ્‌ભુત ચરિત્રોવડે અત્યંત વિસ્મય પામેલ રાજા, પોતાનું મસ્તક ધુણાવતો વિચારવા લાગ્યો કે-એ પ્રકારના મારા અપરાધમાં અને એવા પ્રકારે શક્તિમાન્ હોવા છતા પણ આ હરિબલે મને બાળવા દીધો નહિ તેમ જ મારું રાજ્ય લીધું નહિ તેથી ખરેખર તે પરમ ઉપકારી છે ॥ ૪૪૭-૪૪૮ ॥ પોતે સર્વ વાતે સમર્થ હોવા છતાં સામાના સમસ્ત અપરાધોને ક્ષમાવડે સહન કરે છે અને અન્યની ઋદ્ધિ ગ્રહણ કરતો નથી તે ક્ષમાપણાનું આ લોકોત્તર ચરિત્ર છે, કોઈ નવીન બાબત નથી. ॥ ૪૪૯ ॥ ખરેખર લેણદાર એવા આ ઉત્તમ હરિબલે મારા પર કરેલા પરમ ઉપકારના પ્રકૃષ્ટ ઋણમાંથી હું અધમાધમ દેવાદાર કેવી રીતે ઋણમુક્ત દશાને પામીશ? ॥ ૪૫૦ ॥ ઈત્યાદિ પ્રકારે હરિબલની પ્રશંસા અને પોતાની નિંદા કરવામાં તત્પર બનેલ રાજા ભવથી વૈરાગ્ય પામેલ પ્રાણિની જેમ મહાકષ્ટે ચિરકાળે પોતાના મહેલે ગયો. ॥ ૪૫૧ ॥ દિવ્ય સ્ત્રી-ઋદ્ધિ વગેરે પદાર્થો મેળવવાની આશા નકામી નીવડવાને લીધે વિસ્તૃત શોકમાં ગરકાવ

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થએલા સમસ્ત લોકો પણ હરિબલનાં તે વૃત્તાંતની વિસ્મયતાપૂર્ણ પ્રશંસા કરતા પોતાને મકાને ગયા.

**હરિબલને પોતાની કન્યા અને સમગ્ર રાજ્ય આપીને રાજાનું ચારિત્ર લઇ મોક્ષગમન.**

॥ ૪૫૨ ॥ અકસ્માત્ રીતે બનેલા તેજ નિમિત્તથી આ રાજાને વૈરાગ્યરંગનો સંગમ થયો! ખરેખર મહાન્ પુરુષોની આ રીતિ છે. ॥૪૫૩॥ ત્યારબાદ **પ્રત્યુપચિકીરિવ=** પ્રત્યુપકાર કરવાને ઇચ્છતો હોય તેમ તે રાજાએ, હરિબલને પોતાની કીર્તિ અર્પણ કરવાની માફક પોતાની પ્રફુલ્લયોવન કન્યા આપીને તે બન્નેનો શુભ દિવસે મહોત્સવપૂર્વક વિવાહ કર્યો !॥ ૪૫૪॥ અને હસ્તમિલાપ અવસરે દીર્ઘકાળથી જમાવેલો પોતાનો પ્રતાપ સમર્પણ કરી દેવાની જેમ પરમપ્રમોદથી સમસ્તરાજ્ય પણ સમર્પણ કર્યું.! અહો રાજાનું ઉચિતનું જાણપણું!! ॥૪૫૫॥ બાદ પહેલાં કરેલાં અપાર દુષ્કૃત્યોનું ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત કરીને નિપુણ રાજા, ચારિત્ર અંગીકાર કરી મુક્તિપદને વર્યો. ॥૪૫૬॥

હવે આ બાજુ હરિબલનું પ્રથમનું નિવાસસ્થાન જે કાંચનપુર નામે નગર છે: તે નગરના 'પોતાની પુત્રી વસન્તશ્રીની ચોમેર શોધ કરતા' વસન્તસેન રાજાએ કોઇ મુસાફરનાં વચનથી હરિબલનું તેવા પ્રકારનું વૃત્તાંત સાંભળ્યું. ॥ ૪૫૭ ॥ કહ્યું છે કે—

> **वार्ता च कौतुकवती विशदा च विद्या,**
> **लोकोत्तरः परिमलश्च कुरङ्गनाभेः ॥**
> **तैलस्य बिन्दुरिव वारिणि दुर्निवार-**
> **मेतत्त्रयं प्रसरतीति किमत्र चित्रम् ? ॥ ४५८ ॥**

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**અર્થ** :- -કૌતુક ઉપજાવે તેવી વાર્ત્તા, નિર્મળ વિદ્યા અને હરિણની નાભિમાં રહેલ કસ્તુરીનો અદ્ભુત પરિમલ-સોડમ એ ત્રણનો પ્રસાર, પાણિને વિષે તેલના બિંદુની માફક દુર્નિવાર છે તેમાં આશ્ચર્ય શું ? ॥ ૪૫૮ ॥ 'એ **બીજો** કોઇ નહિ પણ મારો જમાઇ હોવો જોઇએ' એ પ્રમાણે ધારીને

**હરિબલનું સ્ત્રીઓ સહિત પોતાનાં કાંચનપુર આવવું અને તે નગરના રાજાએ પણ હરિબલને રાજ્ય આપવું !**

અને પ્રધાનપુરુષોનાં મુખથી તે વાતની ખાત્રી કરીને અત્યંત હર્ષિત થએલ 'અવ-સરોચિત કૃત્યના જાણ એવા તે' વસન્તસેન રાજાએ હરિબલને પુત્રની જેમ પોતાની પાસે બોલાવ્યો. ॥ ૪૫૯ ॥ અત્યંત વિસ્મય અને હર્ષ બંને પેદા કરાવનાર હરિબલ પણ મહત્વ પ્રાપ્ત કરેલ ઇન્દ્રની માફક ત્રણેય સ્ત્રીઓની સાથે સમસ્ત ઋદ્ધિપૂર્વક કાંચનપુરે આવ્યો. ॥ ૪૬૦ ॥ 'હે વત્સે ! અયોગ્ય એવી સ્વેચ્છાચારીવડે પણ તેં વિશ્વને સન્માન્ય એવો કોઇ અદ્ભૂત પતિ પ્રાપ્ત કર્યો, એ જોતાં તું ખરેખર ઉત્કૃષ્ટ ભાગ્યશાળી છો' એ પ્રમાણે વસન્તસેન રાજા વગેરેએ પોતાની પુત્રી વસન્તશ્રીની પણ પ્રશંસા કરી. ॥ ૪૬૧ ॥ 'પ્રેમનાં સ્થળે પોતાનું સ્થાન જ આપી દેવું યોગ્ય છે.' એ હિસાબે સસરા વસન્તસેન રાજાએ પોતાના જમાઈ હરિબલને પોતાનું રાજ્ય સમર્પણ કરી દઈને અને રાણી સહિત દીક્ષા લઇને રાણી સહિત મુક્તિ પ્રાપ્ત કરી. ॥ ૪૬૨ ॥

હવે શત્રુસૈન્યનાં વિસ્તૃત બલરૂપી અભિમાન સર્પને ગળી જવામાં મોર સમાન હરિબલ, ચડતા ભાગ્યોદયે પ્રાપ્ત થએલ બંને વિશાલ રાજ્યનું પાલન કરવા લાગ્યો. ॥ ૪૬૩ ॥ ત્યારથી

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેની ત્રણેય સ્ત્રીઓ તો પટ્ટદેવીઓ બની ! તદુપરાંત હરિબલે બીજી પણ ઘણી રાજકન્યાઓનું પાણિગ્રહણ કર્યું ! ॥૪૬૪॥ જીવોને અભયદાન દેવું, સુપાત્રદાન કરવું વગેરે પુણ્યથી તે ભવે પણ અતુલફલની પ્રાપ્તિ થાય તે આશ્ચર્યકારી નથી; પરંતુ આ હરિબલે કરેલા (જાળમાં પહેલો મત્સ્ય આવે તેને જ છોડી દેવારૂપ એક દેશીય) જીવદયાના અલ્પ નિયમથી પણ આવા પ્રકારનું મહાન્ ફલ પ્રાપ્ત કર્યું તે આશ્ચર્યકારી છે ! ॥ ૪૬૫ ॥ હરિબલનાં તે અત્યંતતર ફલ આપનાર અલ્પ સુકૃતને વિષે–અમૃત, કુંવારી કન્યાએ કાંતેલું સૂતર, ચક્રવર્તિનાં ચર્મ-છત્ર વગેરે રત્નો, વડનું બીજ, બીજનો ચંદ્રમા, સિંહનું બચ્ચું, કોશેટો, જાત્યવંત મણિ, સિદ્ધરસ, રસાયણ અને એકાક્ષરી મહાવિદ્યા વગેરેની ઉપમા ઘટે છે. ॥ ૪૬૬–૬૭ ॥ યોગ્ય ધન પામેલ કૃપણની જેમ હરિબલ, રાજવીપણામાં પણ 'ખરેખર ક્યાં મારું માછીમારનું કુકૃત્ય અને આ મારા આધિપત્યવાળી સર્વશ્રેષ્ઠ લક્ષ્મી ! આશ્ચર્ય છે કે– જીવદયા ક્રોડગુણા ફલથી પણ વધારે ફલ આપનારી છે !' એ પ્રકારે નિયમની અનુમોદનારૂપ પોતાના નિયમની આરાધનાને તો પ્રતિદિવસ સંભારતો કદિ પણ ભૂલતો નથી ! ॥ ૪૬૮–૬૯ ॥ કોઇ સામાન્યજન પણ પોતાનાં સુકૃતનાં અનુભવગોચર થતાં તાજાં ફલને કદિ પણ ભૂલતો નથી તો પછી પોતાનાં સુકૃતની તે ભવમાં જ સિદ્ધિવાળો

**હરિબલને નિયમદાતા સદ્ગુરુનો યોગ અને શ્રાવકનાં વ્રતની પ્રાપ્તિ.**

આ સુબુદ્ધિઓનો ભંડાર હરિબલ તો પોતનાં નિયમને કદિ વિસરે જ કેમ ? ॥ ૪૭૦ ॥ હવે તે હરિબલ, એક દિવસે પોતાનાં હૃદયમાં વિચારવા

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાગ્યો કે-"જે ગુરુદેવની દેશનારૂપી અમૃતથી મને આ દિવ્યઋદ્ધિ દાસીની જેમ આવી મળી છે, તે ગુરુદેવ જો પધારે તો હું કૃતાર્થ થાઉં:" એ. પ્રમાણેનાં તેનાં ધ્યાનથી આકર્ષાઇને હોય તેમ તે ગુરુમહારાજ ત્યાં સત્વર આવી સમોસર્યા! સત્પુરુષોને પદાર્થની પ્રાપ્તિમાં ઈચ્છાનો જ વિલંબ હોય છે. ॥ ૪૭૧ ૭૨ ॥ વનપાળે તે ગુરુદેવનું આગમન જણાવવાથી ઉલ્લાસ પામતો રાજા હરિબલ, મહાન્ આડંબરપૂર્વક ગુરુમહારાજ પાસે ગયો અને સુગુરુને પ્રણામ કર્યા. ॥ ૪૭૩ ॥ બાદ પંડિત એવા તે હરિબલે ગુરુદેવને વિજ્ઞપ્તિ કરી કે-"હે પુણ્યભંડાર! હું નિંદ્ય-માછીમાર પણ આપના પ્રસાદથી આટલી અધિક વૃદ્ધિ પામેલ સમૃદ્ધિ તત્કાળ પામ્યો છું. ॥ ૪૭૪ ॥ હે કરૂણાભંડાર! મારી ઉપર કરૂણા કરો અને મારી વિનંતિ ધ્યાનમાં લ્યો: મને સિદ્ધગતિમાં સ્થાપો. હૃદયમાં સમ્યક્ પ્રકારે સ્થાન આપી મારું હિત ફરમાવો. મારા પર આટલી કૃપા કરો." ॥ ૪૭૫ ॥ આથી પ્રણામ કરતા તે નૃપતિને સુકૃતને વિષે જ રક્ત જાણીને ગુરુ મહારાજ સત્યવાણીથી બોલ્યા: તું ધન્ય છો કે-ઉત્તમ બુદ્ધિવાળા એવા તારી ધર્મને વિષે બુદ્ધિ છે! ॥ ૫૭૬ ॥ કહ્યું છે કે-

**केचिद्भोजनभाङ्गनिर्भरधियः केचित्पुरन्ध्रीपराः,**
**केचिन्माल्यविलेपनैकरसिकाः केचिच्च गीतोत्सुकाः ॥**
**केचिद्द्यूतकथामृगव्यमदिरानृत्यादिबद्धादराः,**
**केचिद्वाजिगजोक्षयानरसिका धन्यास्तु धर्मे रताः ॥४७७॥**

**અર્થ:**—ઋદ્ધિ પ્રાપ્ત થયા પછી કેટલાકો વિવિધ પ્રકારનાં ભોજનોમાં નિર્ભરબુદ્ધિ બની જાય છે, કેટલાકો સ્ત્રીઓ-

Scanned with CamScanner

માં મુગ્ધ બની જાય છે, કેટલાકો પુષ્પ અને વિલેપનમાં જ રચ્યાપચ્યા રહે છે, કેટલાકો સુંદર ગીતો સાંભળવામાં ઉત્સુક હોય છે, કેટલાકો જુગાર, સ્ત્રીકથા આદિ ચાર વિકથા, શિકાર, સુરાપાન અને નાટક આદિમાં દઢ આદરવાળા થઇ જાય છે, કેટલાક જનો, ઘોડા, હાથી, બળદ વગેરે વાહનોના રસીયા થઇ જાય છે! (ઋદ્ધિમંતોની બહુલતાએ આજ પ્રચલિત સ્થિતિ વચ્ચે) જે ઋદ્ધિમંતો ધર્મને વિષે રક્ત રહે છે, તે ધન્ય પુરૂષો છે. ॥ ૪૭૮ ॥

વળી ખરેખર યતિધર્મ અને શ્રાવકધર્મ એમ બંને પ્રકારના પણ ધર્મનું મૂલ જીવદયા છે! બાકીનાં વ્રતો આદિ સમસ્ત ધર્મો તો તે જીવદયારૂપ મૂલનો વિસ્તાર છે. ॥૪૭૮॥ તેવી તે જીવદયાને પાળવાને માટે જ વિદ્વાનો સર્વવિરતિ ધર્મમાં આદર કરે છે. સર્વવિરતિનાં પાલન વિના જીવદયાનું યથાર્થ આરાધન થતું નથી. ॥ ૪૭૯ ॥ હે બુદ્ધિમાન! જે ભાગ્યશાળી, યતિધર્મનું પાલન કરવામાં શક્તિમાન ન હોય તે ઉછરંગભેર સમ્યક્ત્વપૂર્વક ગૃહિધર્મનો સ્વીકાર કરે છે. ॥ ૪૮૦ ॥ તે બાર પ્રકારનો ગૃહિધર્મ પણ પ્રાણીઓનાં રક્ષણને માટે જ પ્રરૂપેલ છે. લોકો પણ એક લક્ષ્મી સારૂ વિવિધ સદુપાયો કરતા નથી શું? ॥ ૪૮૧ ॥ જીવદયા વિના કરવામાં આવતા સમગ્ર ધર્મો પણ થોડા કાલમાં અવશ્ય નાશ પામે છે: જેમકે-નાગરવેલીનો છેદ થયે છતે વેલડીને વળગીને રહેતાં પાંદડાં વેલડીથી દૂર હોવા છતાં પણ સૂકાઇ જાય છે. ॥૪૮૨॥ વિશેષ કહેવાથી શું? યમ-નિયમ વગેરે સમગ્ર ધર્માનુષ્ઠાન, દયા વિના નિષ્ફલ છે. અલ્પ એવા યમ-નિયમાદિ તે જીવદયાથી બહુ ફલવાળા થાય છે, માટે તે જીવદયાને વિષે જ

Scanned with CamScanner

યત્ન કરવો ઘટે છે. ॥ ૪૮૩ ॥ ઇત્યાદિ ગુરુની દેશનારૂપ અમૃતથી સંતુષ્ટ થએલ તે હરિબલ રાજાએ વિશિષ્ટભાવથી સમ્યગ્દર્શનપૂર્વકના શ્રાવકનાં પ્રથમ અણુવ્રતનો સ્વીકાર કર્યો અને બાકીનાં ૧૧ વ્રતો પણ યથાશક્તિ અંગીકાર કરીને કલ્પવૃક્ષની પ્રાપ્તિથી દરિદ્ર હર્ષિત થાય તેમ શ્રાવકનાં વ્રતોની પ્રાપ્તિ થવાથી હર્ષિત થએલ હરિબલ રાજા પોતાની પ્રિયાઓ સાથે પોતાનાં નિવાસ સ્થાને આવ્યો ॥ ૪૮૪-૮૫ ॥

ત્યારથી જીવદયાનાં પાલનમાં પ્રયત્નશીલ બનેલ હરિબલે ધર્મકાર્યમાં મશગૂલ એવા પોતાના દેશભરમાં પડહ વજડાવવા પૂર્વક 'મારી' શબ્દ બોલવાનું પણ અટકાવી દીધું ! અને સાત નારકીઓનાં સત્ય પ્રતીક હોય તેવાં (જગતના પ્રાણીઓને સંકટોમાંથી વ્યાકુળ બનાવનાર) સાતેય વ્યસનોને પોતાની પૃથ્વીમાંથી હાંકી કાઢયાં ! તદુપરાંત ઉપકારરૂપ સારબુદ્ધિવાળા તે હરિબલે તે તુંબડામાંનાં અમૃતવડે લોકોને બહુ પ્રકારે ઉપકારો કર્યા. ॥ ૪૮૬-૮૭-૮૮ ॥ કહ્યું છે કે:—

**मेहाणं जलं चंदाण चंदिण, तरुवराण फलनिवहो ।**
**सप्पुरिसाणं विढत्तं, सामन्नं सयललोआणं ॥ ४९० ॥**

**અર્થ**:—મેઘનું જળ, ચંદ્રમાની ચાંદની, આમ્રવૃક્ષનો ફલસમૂહ અને સત્પુરુષોની સમૃદ્ધિ, સમસ્તજનો માટે સામાન્ય ઉપયોગની હોય છે. ॥ ૪૮૯ ॥ એ પ્રમાણે નીતિકુશલતાવડે અને અગણ્યપુણ્યોવડે આ હરિબલ રાજાએ ધર્મસામ્રાજ્ય અને પોતાનાં સામ્રાજ્યને એકછત્રી બનાવ્યું ! ॥ ૪૯૦ ॥ જો કે તે હરિબલ, જાતે માછી–કૃત્યે જાળ નાખનાર–સોબતે પણ માછી અને કુલે પણ માછી હોવા છતાં

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

(ગુણવડે) આવો સમર્થ રાજા થયો; તો (ગુણ પ્રગટે ત્યારે) જાતિ, કૃત્ય, સોબત અને કુલથી શું ? ॥ ૪૯૧ ॥ કહ્યું છે કે-

**कौशेयं कृमिजं सुवर्णमुपलाद्दूर्वाऽपि गोल्लोमतः ।**
**पङ्कात्तामरसः शशाङ्क उदधेरिन्दीवरं गोमयात् ॥**
**काष्ठादग्निरहेःफणादपि मणि-र्गोपित्ततो रोचना ।**
**प्राकाश्यं स्वगुणोदयेन गुणिनो गच्छन्ति किं जन्मना ? ॥**

**અર્થ**:—રેશમ કોશેટામાંથી, સુવર્ણ પત્થરમાંથી, પવિત્ર ગણાતી ધરો ગાયની રૂંવાટીમાંથી, લાલકમળ કાદવમાંથી, ચંદ્ર સમુદ્રમાંથી, કાળું કમલ છાણમાંથી, અગ્નિ અરણિનાં કાષ્ટમાંથી, મણિ સર્પની ફણામાંથી, અને ગોરોચન ગાયનાં પિત્તમાંથી ઉત્પન્ન થાય છે; એ હિસાબે ગુણીજનો પોતાના ગુણના ઉદય-વડે પ્રસિદ્ધિને પામે છે: જન્મસ્થાનથી શું ? ॥ ૪૯૨ ॥ [ હરિ' શબ્દનાં જેમ ઇન્દ્ર-સિંહ પુરુષોત્તમ અને સૂર્ય વગેરે અપર નામો છે, તેમ ચાપલ-પંકાસક્ત (એટલે વાંદરો-દેડકો) વગેરે અપર નામો પણ છે. ] આ હરિ, વાંદરો અને દેડકા આદિની ચાપલ્યતા અને ક્ષુદ્રતા આદિથી નહિ; પરન્તુ ઇન્દ્રના જેવા અશ્વર્યવડે, સિંહના જેવા પરાક્રમવડે, વાસુદેવના જેવા રાજ્યવડે અને સૂર્ય સમા પ્રતાપવડે સાચો હરિ થયો! ॥૪૯૩॥ અથવા તો જેઓ સામ્રાજ્યની પ્રાપ્તિમાં પણ બુદ્ધિની ઉત્તમતા તજતા નથી, તેવા યોગ્ય ચરિત્રવંતોનું વિશેષ વર્ણન (થઈ શકે તેમ નથી છતાં) કરવા મથવું તે જ અયોગ્ય છે. ॥ ૪૯૪ ॥ આ હરિબલને સમુદ્રદેવે વરદાન આપેલ સમયબાદ ઘણો સમય ગયે સતે સંકેત કરી રાખ્યો હોય તેમ સિદ્ધાંતના જાણ એવા તે નિયમદાતા ગુરુમહારાજ સમય જાણીને

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હરિબલનાં પાટનગરની નજીકમાં પધાર્યા. ॥ ૪૯૫ ॥ તે ગુરુ-મહારાજનું પ્રસાદપૂર્વક પધારવું સાંભળીને ગુરુમહારાજની સામે હરિબલ રાજા વિધિપૂર્વક આવી નમન કરીને ઉચિત સ્થાને બેઠે સતે ગુરુમહારાજ બોલ્યા– "જે માણસ જે નિયમથી વિસ્મય પમાડે તેવી સમૃદ્ધિને પ્રાપ્ત કરે છે, તે માણસે તે નિયમ એવી સુંદર રીતે આરાધવા યોગ્ય છે, કે જેથી–તે નિયમ એ માણસને વળી પાછી તે સમૃદ્ધિ અધિકાધિક આપે." ॥ ૪૯૬–૪૯૭ ॥ હે હરિબલ રાજન્! જીવદયારૂપ સુકૃતથી તું આટલી શ્રેષ્ઠતર ઋદ્ધિ પામ્યો છે તેથી કરીને તું તે જીવદયાનું જ આરાધન કર અને દુઃખે કરીને સાધ્ય એવી સિદ્ધિગતિને સુખે સાધી લે. ॥ ૩૯૮ ॥ હે રાજન્! તે જીવદયાનું સમ્યક્ પ્રકારે આરાધન સાધુપણામાં જ થાય છે. શ્રાવકધર્મમાં તો તે ધર્મ, **सत्तमेऽपि**=ઉત્તમોત્તમ રીતે પાળવા છતાં પણ સવા વસો જ દયારૂપે છે. ॥ ૪૯૯ ॥ કહ્યું છે કે–'**थूला सुहुमा जीवा०**' [ આ ગાથાનો અર્થ વંદિત્તુસૂત્રની નવમી '**पढमे अणुव्वयंमि०**' ગાથાના વિવરણની શરૂઆતમાં વિસ્તારથી કહેવાઈ ગયો છે.] ॥૫૦૦॥ તેથી કરીને હવે તું દુઃખે કરીને વશ કરી શકાય એવા મોહનો નિગ્રહ કર અને યતિધર્મનો સ્વીકાર કર: અત્યંત ધનાઢ્ય એવા રાજ્યને વિજળીના ચમકારા જેવું માન. ॥ ૫૦૧ ॥

**ત્રણેય પટ્ટદેવીઓ સહિત ચારિત્ર લઈ હરિબળ રાજર્ષિ મુક્તિપદ પામ્યા**

એ પ્રમાણે ગુરુમહારાજના ઉપદેશથી પ્રસરેલ વૈરાગ્યરસની ઊર્મિઓથી અંતર જેનું બક્ષરવાળું બની ગયું છે, એવા તે હરિબલ રાજાએ પ્રજાના આનંદને માટે મોટા કુંવરને

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાના પટ્ટે સ્થાપીને ત્રણેય પટ્ટદેવીઓની સાથે ચારિત્ર ગ્રહણ કર્યું અને સદાને માટે જીવયતનામાં ઉપયોગવાળા બની દુસ્તપો તપીને શાશ્વત ભોગોવાળી મુક્તિપુરીમાં પહોંચ્યા ! ॥ ૫૦૨–૫૦૩ ॥ એ પ્રમાણે હે ભવ્યજનો ! આ લોકમાં પણ પૂર્ણ ફલવાળું હરિબલ્લ રાજાનું ચરિત્ર વિચારીને સુકૃતવડે પ્રાપ્ત થતા જયવાળી જીવદયાને વિષે યત્ન કરો. ॥ ૫૦૪ ॥

॥ इति प्रथमाणुव्रते हरिबलधोवरकथा ॥

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ॥ अथ नवस्मरणानि ॥

### १. श्री नवकारमंत्र स्मरण.

नमो अरिहंताणं, नमो सिद्धाणं, नमो आयरिआणं, नमो उवज्झायाणं, नमो लोए सव्वसाहूणं; एसो पंच नमुक्कारो, सव्वपावप्पणासणो, मंगलाणं च सव्वेसिं, पढमं हवई मंगलं.

### २ श्री उवसग्गहरं स्मरण.

उवसग्गहरं पासं, पासं वंदामि कम्मघणमुक्कं; विसहर-विसनिन्नासं, मंगलकल्लाणआवासं ॥ १ ॥ विसहरफुलिंगमंतं, कंठे धारेई जो सया मणुओ; तस्स गहरोगमारी-दुट्ठजरा जंति उवसामं. ॥ २ ॥ चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ; नरतिरियेसु वि जीवा, पावंति न दुक्खदोगच्चं ॥ ३ ॥ तुहसम्मत्ते लद्धे, चिंतामणिकप्पपायवब्भहिए; पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥ ४ ॥ इअ संथुओ महायस !, भत्तिब्भरनिब्भरेण हिअएण; ता देव ! दिज्ज बोहिं, भवे भवे पासजिणचंद ! ॥ ५ ॥

### ३. श्री संतिकरं स्मरण.

संतिकरं संतिजिणं, जगसरणं जयसिरीइ दायारं; समरामि भत्तपालग-निव्वाणीगरुडकयसेवं ॥ १ ॥ ॐ स नमो विप्पोसहि-पत्ताणं संतिसामिपायाणं; झ्रौं स्वाहामंतेणं, सव्वासिवदुरिअहरणाणं ॥ २ ॥ ॐ संतिनमुक्कारो, खेलोसहि-माइलद्धिपत्ताणं; सौं ह्रीं नमो सव्वो-सहिपत्ताणं च देइ सिरिं

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

॥ ३ ॥ वाणी तिहुअणुसामिणी–सिरिदेवीजक्खरायगणिपिडगा; गहदिसिपालसुरिंदा, सया वि रक्खंतु जिणभत्ते ॥ ४ ॥ रक्खंतु मम रोहिणी, पन्नत्ती वज्जसिंखला य सया; वज्जंकुसि चक्केसरि, नरदत्ता कालि महाकालि ॥ ५ ॥ गोरी तह गंधारी, महजाला माणवी अ वइरुट्टा; अच्छुत्ता माणुसिआ, महामाणुसिआओ देवीओ ॥ ६ ॥ जक्खा गोमुह महजक्ख, तिमुह जक्खेस तुंबुरु कुसुमो; मायंगा विजयाऽजिअ, बंभो मणुओ सुरकुमारो ॥ ७ ॥ छम्मुह पयाल किन्नर, गरुलो गंधव्व तहय जक्खिदो; कुबर वरुणो भिउडी, गोमेहो पास मायंगा ॥ ८ ॥ देवीओ चक्केसरि, अजिआ दुरिआरि काली महाकाली; अच्चुअ संता जाला, सुतारयाऽसोय सिरिवच्छा ॥ ९ ॥ चंडा विजयंकुसि, पन्नइत्ति निव्वाणि अच्चुआ धरणी; वइरुट्ट छुत्त(दत्त) गंधारि, अंब पउमावइ सिद्धा ॥ १० ॥ इअ तित्थरक्खणरया, अन्नेवि सुरासुरी य चउहावि; वंतरजोइणी पमुहा, कुणंतु रक्खं सया अम्हं ॥ ११ ॥ एवं सुदिट्ठिसुरगण–सहिओ संघस्स संतिजिणचंदो; मज्झ वि करेउ रक्खं, मुणिसुंदरसूरिथुअमहिमा ॥ १२ ॥ इअ संतिनाहसम्मदिट्ठि-रक्ख सरइ तिकालं जो; सव्वोवद्दवरहिओ, स लहइ सुह-संपयं परमं ॥ १३ ॥

## ४. श्री तिजयपहुत्त स्मरण.

तिजयपहुत्तपयासय–अट्ठमहापाडिहेरजुत्ताणं; समयक्खित्तठिआणं, सरेमि चक्कं जिणिंदाणं ॥ १ ॥ पणवीसा य असीआ, पनरस पन्नास जिणवरसमूहो; नासेउ सयलदुरिअं, भविआणं भत्तिजुत्ताणं ॥ २ ॥ वीसा पणयाला वि य, तीसा

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પન્નતરી જિણવરિંદા; ગહભૂઅરક્ખસાઇણિ, ઘોરુવસગ્ગં પણાસંતુ ॥ ૩ ॥ સત્તરિ પણતીસા વિય, સટ્ઠી પંચેવ જિણગણો એસો; વાહિજલજલણહરિકરિ–ચોરારિમહાભયં હરઉ ॥ ૪ ॥ પણપન્ના ય દસેવ ય, પન્નટ્ઠી તહ ય ચેવ ચાલીસા; રક્ખંતુ મે સરીરં, દેવાસુરપણમિઆ સિદ્ધા ॥ ૫ ॥ ૐ હરહુંહઃ સરસુંસઃ, હરહુંહઃ તહ ય ચેવ સરસુંસઃ; આલિહિયનામગબ્ભં, ચક્કં કિર સવ્વ-ઓભદ્દં ॥ ૬ ॥ ૐ રોહિણિ પન્નત્તિ, વજ્જસિંખલા તહ ય વજ્જઅંકુસિઅં; ચક્કેસરિ નરદત્તા, કાલિ મહાકાલિ તહ ગોરી ॥ ૭ ॥ ગંધારી મહજ્જાલા, માણવિ વઇરુટ્ટ તહ ય અચ્છુત્તા; માણુસિ મહમાણુસિઆ, વિજ્જાદેવીઓ રક્ખંતુ ॥ ૮ ॥ પંચ-દસકમ્મભૂમિસુ, ઉપ્પન્નં સત્તરિ જિણાણ સયં; વિવિહરયણાઇ-વન્નો–વસોહિઅં હરઉ દુરિઆઈ ॥ ૯ ॥ ચઉતીસઅઇસયજુઆ, અટ્ઠમહાપાડિહેરકયસોહા; તિત્થયરા ગયમોહા, ઝાએઅવ્વા પયત્તેણં ॥ ૧૦ ॥ ૐ વરકણયસંખવિદ્દુમ–મરગયઘણસન્નિહં વિગયમોહં; સત્તરિસયં જિણાણં, સવ્વામરપૂઇઅં વંદે. (સ્વાહા) ॥ ૧૧ ॥ ૐ ભવણવઇવાણવંતર–જોઇસવાસી વિમાણ-વાસી અ; જે કે વિ દુટ્ઠદેવા, તે સવ્વે ઉવસમંતુ મમ. (સ્વાહા) ॥ ૧૨ ॥ ચંદણકપ્પૂરેણં, ફલએ લિહિઊણ ખાલિઅં પીએ; એગંતરાઇગહભૂઅ–સાઇણિમુગ્ગં પણાસેઇ ॥ ૧૩ ॥ ઇઅ સત્તરિસયંજંતં, સમ્મં મંતં દુવારિ પડિલિહિઅં; દુરિઆરિ-વિજયવંતં, નિબ્ભંતં નિચ્ચમચ્ચેહ. ॥ ૧૪ ॥

## ૫. નમિઊણ સ્મરણ

નમિઊણ પણયસુરગણચૂડામણિકિરણરંજિઅં મુણિણો; ચલણજુઅલં મહાભય–પણાસણં સંથવં વુચ્છં ॥ ૧ ॥ સડિય-

Scanned with CamScanner

કરચરણનહમુહ. નિબુડ્ડનાસા વિવન્નલાયન્ના; કુટ્ઠમહારેગાનલ-ફુલિંગનિદ્દ્ઢસવ્વંગા ॥ ૨ ॥ તે તુહ ચલણારાહણ–સલિલંજલિ-સેયવુડ્ઢિઉચ્છાહા; વણદવદટ્ઠ ગિરિપાયવ વ્વ પત્તા પુણો લચ્છિ ॥ ૩ ॥ દુવ્વાયખુભિયજલનિહિ, ઉબ્ભડકલ્લોલભીસણારાવે; સંભંતભયવિસંઠુલ-નિજ્જામયમુક્કવાવારે ॥ ૪ ॥ અવિદલિઅ-જાણવત્તા, ખણેણ પાવંતિ ઇચ્છિઅં કૂલં; પાસજિણચલણ-જુઅલં, નિચ્ચં ચિઅ જે નમંતિ નરા ॥ ૫ ॥ ખરપવણુદ્ધુય-વણદવ–જાલાવલિમિલિયસયલદુમગહણે; ડજ્ઝંતમુદ્ધમયવહુ–ભીસણરવભીસણમ્મિ વણે ॥ ૬ ॥ જગગુરુણો કમજુઅલં, નિવ્વાવિઅસયલતિહુઅણાભોઅં; જે સંભરંતિ મણુઆ, ન કુણઈ જલણો ભયં તેસિં ॥ ૭ ॥ વિલસંતભોગભીસણ–ફુરિ-આરુણનયણતરલજીહાલં; ઉગ્ગભુઅંગં નવજલય સત્થહં ભીસ-ણાયારં ॥ ૮ ॥ મન્નંતિ કીડસરિસં, દૂરપરિચ્છુદ્ધવિસમવિસવેગા; તુહ નામક્ખરફુડસિદ્ધ–મંતગુરુઆ નરા લોએ ॥ ૯ ॥ અડવીસુ ભિલ્લતક્કર–પુલિંદસદ્દૂલસદ્દભીમાસુ; ભયવિહુરવુન્નકાયર–ઉલ્લુરિ-અપહિઅસત્થાસુ ॥ ૧૦ ॥ અવિલુત્તવિહવસારા, તુહ નાહ! પણામમત્તવાવારા; વવગયવિગ્ઘા સિગ્ઘં, પત્તા હિયઇચ્છિયં ઠાણં ॥ ૧૧ ॥ પજ્જલિઆનલનયણં, દૂરવિયારિયમુહં મહા-કાયં; નહકુલિસઘાયવિઅલિઅ–ગઇંદકુંભત્થલાભોઅં ॥ ૧૨ ॥ પણયસસંભમપત્થિવ–નહમણિમાણિક્કપડિઅપડિમસ્સ; તુહ વય-ણપહરણધરા, સિહં કુદ્ધં પિ ન ગણંતિ ॥ ૧૩ ॥ સસિધવલ-દંતમુસલં, દીહકરુલ્લાલવુડ્ઢિઉચ્છાહં; મહુપિંગનયણજુઅલં, સસલિલનવજલહરારાવં ॥ ૧૪ ॥ ભીમં મહાગઇંદં, અચ્છા-સન્નંપિ તે નવિ ગણંતિ; જે તુમ્હ ચલણજુઅલં, મુણિવઇ તુંગં સમલ્લીણા ॥ ૧૫ ॥ સમરમ્મિ તિક્ખખગ્ગા–ભિગ્ઘાયપવિદ્ધ-

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉદ્ધુયકબંધે; કુંતવિણિભિન્નકરિકલહ–મુક્કસિક્કારપઉરમ્મિ ॥૧૬॥ નિજ્જિયપદપ્પુદ્ધરરિઉ–નરિંદનિવહા ભડા જસં ધવલં; પાવંતિ પાવપસમિણ, પાસજિણ! તુહપ્પભાવેણ ॥ ૧૭ ॥ રોગજલ-જલણવિસહર–ચોરારિમઇંદગયરણભયાઇં; પાસજિણનામસંકિ–ત્તણેણ પસમંતિ સવ્વાઇં ॥ ૧૮ ॥ એવં મહાભયહર, પાસ-જિણિંદસ્સ સંથવમુઆરં; ભવિયજણાણંદયરં, કલ્લાણપરંપર-નિહાણં ॥ ૧૯ ॥ રાયભયજક્ખરક્ખસ-કુસુમિણદુસ્સઉણ-રિક્ખપીડાસુ; સંઝાસુ દોસુ પંથે, ઉવસગ્ગે તહ ય રયણીસુ ॥ ૨૦ ॥ જો પઢઇ જો અ નિસુણઇ, તાણં કઇણો ય માણ-તુંગસ્સ; પાસો પાવં પસમેઉ, સયલભુવણચ્ચિઅચ્ચલણો ॥ ૨૧ ॥ ઉવસગ્ગંતે કમઠા–સુરમ્મિ ઝાણાઓ જો ન સંચલિઓ; સુરનરકિન્નરજુવઇહિં, સંથુઓ જયઉ પાસજિણો ॥ ૨૨ ॥ એઅસ્સ મજ્ઝયારે, અટ્ઠારસઅક્ખરેહિં જો મંતો; જો જાણઇ સો ઝાયઇ, પરમપયત્થં ફુડં પાસં ॥ ૨૩ ॥ પાસહ સમરણ જો કુણઇ, સંતુટ્ઠહિયએણ; અટ્ઠુત્તરસયવાહિભય, નાસઇ તસ્સ દૂરેણ ॥ ૨૪ ॥

## ૬. શ્રી અજિઅસંતિ સ્તવન

અજિઅં જિઅસવ્વભયં, સંતિં ચ પસંતસવ્વગયપાવં; જયગુરું સંતિગુણકરે, દો વિ જિણવરે પણિવયામિ. (ગાહા) ॥ ૧ ॥ વવગયમંગુલભાવે, તે હં વિઉલતવનિમ્મલસહાવે; નિરુવમમહપ્પભાવે, થોસામિ સુદિટ્ઠસબ્ભાવે. (ગાહા) ॥ ૨ ॥ સવ્વદુક્ખપ્પસંતીણં, સવ્વપાવપ્પસંતિણં; સયા અજિય-સંતીણં, ણમો અજિઅસંતીણં (સિલોગો) ॥ ૩ ॥ અજિય-જિણ! સુહપ્પવત્તણં, તવ પુરિસુત્તમ! નામકિત્તણં; તહ ય

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધિઇમઇપ્પવત્તણું, તવ ય જિણુત્તમ! સંતિ! કિત્તણું (માગહિઆ) ॥ ૪ ॥ કિરિઆવિહિસંચિઅકમ્મકિલેસવિમુક્ખયરં, અજિઅં નિચિઅં ચ ગુણેહિં મહામુણિસિદ્ધિગયં; અજિઅસ્સ ય સંતિમહામુણિણો વિ અ સંતિકરં, સયયં મમ નિવ્વુઇકારણયં ચ નમંસણયં. (આલિંગણયં) ॥ ૫ ॥ પુરિસા! જઇ દુક્ખવારણું, જઇ અ વિમગ્ગહ સુક્ખકારણું; અજિઅં સંતિં ચ ભાવઓ, અભયકરે સરણું પવજ્જહા. (માગહિઆ) ॥૬॥ અરઇરઇતિમિરવિરહિઅમુવરયજરમરણું, સુરઅસુરગરુલભુયગવઇપયયપણિવઇઅં; અજિઅમહમવિ અ સુનયનયનિઉણમભયકરં, સરણમુવસરિઅ ભુવિદિવિજમહિઅં સયયમુવણમે. (સંગયયં) ॥ ૭ ॥ તં ચ જિણુત્તમમુત્તમનિત્તમસત્તધરં, અજ્જવમદ્દવખંતિવિમુત્તિસમાહિનિહિં; સંતિકરં પણમામિ દમુત્તમતિત્થયરં, સંતિમુણી મમ સંતિસમાહિવરં દિસઉ. (સોવાયણું) ॥ ૮ ॥ સાવત્થિપુવ્વપત્થિવં ચ વરહત્થિ–મત્થયપસત્થવિચ્છિન્નસંથિઅં, થિરસરિચ્છવચ્છં મયગલલીલાયમાણ–વરગંધહત્થિપત્થાણપત્થિયં સંથવારિહં; હત્થિહત્થબાહું ધંતકણગરુઅગનિરુવહયપિંજરં પવરલક્ખણોવચિઅસોમચારુરૂવં સુઇસુહમણાભિરામપરમરમણિજ્જવરદેવદુંદુહિ નિનાયમહુરયસુહગિરં (વેડ્ઢઓ) ॥ ૯ ॥ અજિઅં જિઆરિગણું, જિઅ–સવ્વભયં ભવોહરિઉં; પણમામિ અહં પયઓ, પાવં પસમેઉ મે ભયવં!. (રાસાલુદ્ધઓ) ॥ ૧૦ ॥ કુરુજણવયહત્થિણાઉરનરીસરો પઢમં તઓ મહાચક્કવટ્ટિભોએ મહપ્પભાવો, જો બાવત્તરિપુરવરસહસ્સવરનગરનિગમજણવયવઇ બત્તીસારાયવરસહસ્સાણુયાયમગ્ગો; ચઉદસવરરયણનવમહાનિહિચઉસટ્ઠિસહસ્સપવરજુવઇણ સુંદરવઇ, ચુલસીહયગયરહસયસહસ્સસામી,

Scanned with CamScanner

છણ્ણુવઇગામકોડિસામી આસી જો ભારહમ્મિ ભયવં. (વેડ્ઢઓ) ॥ ૧૧ ॥ તં સંતિં સંતિકરં, સંતિણ્ણં સવ્વભયા; સંતિં થુણામિ જિણં, સંતિં વિહેઉ મે. (રાસાનંદિયં) ॥ ૧૨ ॥ ઇક્ખાગ! વિદેહનરીસર! નરવસહા! મુણિવસહા!, નવસારયસસિસકલાણણ! વિગયતમા! વિહુઅરયા!; અજીઉત્તમ! તેઅગુણેહિં મહામુણિઅમિઅબલા! વિઉલકુલા! પણમામિ તે ભવભયમૂરણ! જગસરણા! મમ સરણં. (ચિત્તલેહા) ॥૧૩॥ દેવદાણવિંદચંદસૂરવંદ! હટ્ઠતુટ્ઠજિટ્ઠપરમલટ્ઠરુવ! ધંતરુપ્પપટ્ટસેઅસુદ્ધનિદ્ધધવલદંતપંતિ! સંતિ! સત્તિકિત્તિમુત્તિજુત્તિગુત્તિપવર!, દિત્તતેઅ! વંદ! ધેઅ! સવ્વલોઅભાવિઅપ્પભાવ! ણેઅ! પઇસ મે સમાહિં. (નારાયઓ) ॥ ૧૪ ॥ વિમલસસિકલાઇરેઅ સોમં, વિતિમિરસૂરકરાઇરેઅ તેઅં; તિઅસવઇગણાઇરેઅ રૂવં, ધરણિધરપ્પવરાઇરેઅ સારં. (કુસુમલયા) ॥ ૧૫ ॥ સત્તે અ સયા અજિઅં, સારીરે અ બલે અજિઅં; તવસંજમે અ અજિઅં, એસ થુણામિ જિણં અજિઅં (ભુઅગપરિરિંગિઅં) ॥ ૧૬ ॥ સોમગુણેહિં પાવઇ ન તં નવસરયસસી, તેઅગુણેહિં પાવઇ ન તં નવસરયરવિ; રૂવગુણેહિં પાવઇ ન તં તિઅસગણવઇ, સારગુણેહિં પાવઇ ન તં ધરણીધરવઇ (ખિજ્જિઅયં) ॥૧૭॥ તિત્થવરપવત્તયં તમરયરહિઅં, ધીરજણથુઅચ્ચિઅં ચુઅકલીકલુસં; સંતિસુહપ્પવત્તયં તિગરણપયઓ, સંતિમહં મહામુણિં સરણમુવણમે. (લલિઅયં) ॥ ૧૮ ॥ વિણઓણયસિરરઇઅંજલિરિસિગણસંથુઅં થિમિઅં, વિબુહાહિવધણવઇનરવઇથુઅમહિઅચ્ચિઅં બહુસો; અઇરુગ્ગયસરયદિવાયરસમહિઅસપ્પભં તવસા, ગયણંગણવિયરણસમુઇઅચારણવંદિઅં સિરસા. (કિસલયમાલા) ॥ ૧૯ ॥ અસુર-

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગરુલપરિવંદિઅં, કિન્નરોરગણમંસિઅં; દેવકોડિસયસંથુઅં, સમણસંઘપરિવંદિઅં. (સુમુહં) ॥૨૦॥ અભયં અણહં, અરયં અરુયં; અજિઅં અજિઅં, પયઓ પણમે (વિજ્જુવિલસિઅં) ॥ ૨૧ ॥ આગયા વરવિમાણદિવ્વકણગરહતુરયપહકરસએહિં હુલિઅં, સસંભમોઅરણખુભિઅ-લુલિઅચલકુંડલંગયતિરીડ-સોહંતમઉલીમાલા (વેડ્ઢઓ) ॥ ૨૨ ॥ જં સુરસંઘા. સાસુર-સંઘા, વેરવિઉત્તા ભત્તિસુજુત્તા; આયરભૂસિઅસંભમપિંડિઅ. સુટ્ઠુસુવિમ્હિઅસવ્વબલોઘા, ઉત્તમકંચણરયણપરૂવિયભાસુરભૂસ-ણભાસુરિઅંગા, ગાયસમોણયભત્તિવસાગયપંજલિપેસિયસીસપ-ણામા. (રયણમાલા) ॥ ૨૨ ॥ વંદિઊણ થોઊણ તો જિણં, તિગુણમેવ ય પુણો પયાહિણં; પણમિઊણ ય જિણં સુરાસુરા, પમુઇઆ સભવણાઈ તો ગયા. (ખિત્તયં) ॥ ૨૪ ॥ તં મહા-મુણિમહંપિ પંજલી, રાગદોસભયમોહવજ્જિઅં; દેવદાણવ-નરિંદવંદિઅં, સંતિમુત્તમં મહાતવં નમે. (ખિત્તયં) ॥૨૫॥ અંબરંતરવિઆરણિઆહિં, લલિઅહંસવહુગામિણિઆહિં; પીણ-સોણિથણસાલીણિઆહિં, સકલકમલદલલોઅણિઆહિં. (દીવયં) ॥ ૨૬ ॥ પીણનિરંતરથણભરવિણમિયગાયલઆહિં, મણિકંચણ-પસિઢિલમેહલસોહિઅસોણિતડાહિં; વરખિંખિણિનેઉરસતિલ-યવલયવિભૂસણિઆહિં, રઈકરચઉરમણોહરસુંદરદંસણિઆહિં. (ચિત્તક્ખરા) ॥ ૨૭ ॥ દેવસુંદરીહિં પાયવંદિઆહિં વંદિઆ ય જસ્સ તે સુવિક્કમા કમા, અપ્પણો નિડાલએહિં મંડણો-ડ્ડણપ્પગારએહિં કેહિં કેહિં વિ; અવંગતિલયપત્તલેહનામ-એહિં ચિલ્લએહિં સંગયંગયાહિં, ભત્તિસન્નિવિટ્ઠવંદણાગયાહિં હુંતિ તે વંદિઆ પુણો પુણો. (નારાયઓ) ॥ ૨૮ ॥ તમહં જિણચંદં, અજિઅં જિઅમોહં; ધુઅસવ્વકિલેસં, પયઓ

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણમામિ. (નંદિઅયં) ॥ ૨૯ ॥ થુઅવંદિઅયસ્સા રિસિગણ-દેવગણેહિં, તો દેવવહુહિં પયઓ પણમિઅસ્સા; જસ્સ જગુત્તમસાસણઅસ્સા, ભત્તિવસાગયપિંડિયઆહિં, દેવવરચ્છરસાબહુઆહિં, સુરવરરઈગુણપંડિઅયાહિં. (ભાસુરયં) ॥ ૩૦ ॥ વંસસદ્દતંતિતાલમેલિએ તિઉક્ખરાભિરામસદ્દમીસએ કએ અ, સુઈસમાણણે અ સુદ્ધસજ્જગીઅપાયજાલઘંટિઆહિં; વલયમેહલાકલાવનેઉરાભિરામસદ્દમીસએ કએ અ, દેવનટ્ટિઆહિં હાવભાવવિબ્ભમપ્પગારએહિં નચ્ચિઊણ અંગહારએહિં, વંદિયા ય જસ્સ તે સુવિક્કમા કમા, તયં તિલોઅસવ્વસત્તસંતિકારયં પસંતસવ્વપાવદોસમેસહં નમામિ સંતિમુત્તમં જિણં. (નારાયઓ) ॥ ૩૧ ॥ છત્તચામરપડાગજૂઅજવમંડિઆ, ઝયવરમગરતુરયસિરિવચ્છસુલંછણા; દીવસમુદ્દમંદરદિસાગયસોહિઆ, સત્થિઅવસહસીહરહચક્કવરંકિયા. (લલિઅયં) ॥ ૩૨ ॥ સહાવલટ્ઠા સમપ્પઇટ્ઠા, અદોસદુટ્ઠા ગુણેહિં જિટ્ઠા; પસાયસિટ્ઠા તવેણ પુટ્ઠા, સિરીહિં ઇટ્ઠા રિસીહિં જુટ્ઠા. (વાણવાસિઆ) ॥ ૩૩ ॥ તે તવેણ ધુઅસવ્વપાવયા, સવ્વલોઅહિઅમૂલપાવયા; સંથુઆ અજિઅસંતિપાયયા, હુંતુ મે સિવસુહાણદાયયા. (અપરાંતિકા) ॥ ૩૪ ॥ એવં તવબલવિઉલં, થુઅં મએ અજિઅસંતિજિણજુઅલં; વવગયકમ્મરયમલં, ગઈં ગયં સાસયં વિઉલં. (ગાહા) ॥ ૩૫ ॥ તં બહુગુણપ્પસાયં, મુક્ખસુહેણ પરમેણ અવિસાયં; નાસેઉ મે વિસાયં, કુણઉ અ પરિસા વિ અ પસાયં. (ગાહા) ॥ ૩૬ ॥ તં મોએઉ અ નંદિં, પાવેઉ અ નંદિસેણમભિનંદિં; પરિસા વિ ય સુહનંદિં, મમ ય દિસઉ સંજમે નંદિં. (ગાહા) ॥ ૩૭ ॥ પક્ખિયચઉમ્માસિઅ, સંવચ્છરિએ અવસ્સ ભણિઅવ્વો; સોઅવ્વો સવ્વેહિં, ઉવ-

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સગ્ગનિવારણો એસો. ॥ ૩૮ ॥ જો પઢઇ જો અ નિસુણઇ, ઉભઓ કાલંપિ અજિઅસંતિથયં; ન હુ હુંતિ તસ્સ રોગા, પુવ્વુપ્પન્ના વિ નાસંતિ ॥ ૩૯ ॥ જઇ ઇચ્છહ પરમપયં, અહવા કિત્તિ સુવિત્થડં ભુવણે; તા તેલુક્કુદ્ધરણે, જિણવયણે આયરં કુણહ ॥ ૪૦ ॥ ઇતિ.

## ૭. શ્રી ભક્તામરસ્તોત્ર

ભક્તામરપ્રણતમૌલિમણિપ્રભાણા–મુદ્યોતકં દલિતપાપતમો-વિતાનમ્; સમ્યક્ પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા–વાલમ્બનં ભવજલે પતતાં જનાનામ્ ॥ ૧ ॥ યઃ સંસ્તુતઃ સકલવાઙ્મયતત્ત્વબોધા–દુદ્ભૂતબુદ્ધિપટુભિઃ સુરલોકનાથૈઃ; સ્તોત્રૈર્જગત્ત્રિતયચિત્તહરૈરુદારૈઃ, સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ ॥ ૨ ॥ બુદ્ધ્યા વિનાઽપિ વિબુધાર્ચિતપાદપીઠ !, સ્તોતું સમુદ્યતમતિર્વિગતત્રપોઽહમ્; બાલં વિહાય જલસંસ્થિતમિન્દુબિમ્બમન્યઃ ક ઇચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્? ॥ ૩ ॥ વક્તું ગુણાન્ ગુણસમુદ્ર ! શશાઙ્કકાન્તાન્, કસ્તે ક્ષમઃ સુરગુરુપ્રતિમોઽપિ બુદ્ધ્યા ?; કલ્પાન્તકાલપવનોદ્ધતનક્રચક્રં, કો વા તરીતુમલમમ્બુનિધિં ભુજાભ્યામ્? ॥ ૪ ॥ સોઽહં તથાપિ તવ ભક્તિવશાન્મુનીશ ! કર્તું સ્તવં વિગતશક્તિરપિ પ્રવૃત્તઃ, પ્રીત્યાત્મવીર્યમવિચાર્ય મૃગો મૃગેન્દ્રં, નાભ્યેતિ કિં નિજ–શિશોઃ પરિપાલનાર્થમ્? ॥ ૫ ॥ અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસધામ, ત્વદ્ભક્તિરેવ મુખરીકુરુતે બલાન્મામ્; યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ, તચ્ચારુચૂતકલિકાનિકરૈકહેતુઃ ॥ ૬ ॥ ત્વત્સંસ્તવેન ભવસન્તતિસન્નિબદ્ધં, પાપં ક્ષણાત્ ક્ષયમુપૈતિ શરીરભાજામ્; આક્રાન્તલોકમલિનીલમશેષમાશુ, સૂર્યાંશુભિન્ન-

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મિવ શાર્વરમન્ધકારમ્ ॥ ૭ ॥ મત્વેતિ નાથ ! તવ સંસ્તવનં મયેદ-મારભ્યતે તનુધિયાપિ તવ પ્રભાવાત્; ચેતો હરિષ્યતિ સતાં નલિનીદલેષુ, મુક્તાફલદ્યુતિમુપૈતિ નનૂદબિન્દુઃ ॥ ૮ ॥ આસ્તાં તવ સ્તવનમસ્તસમસ્તદોષં, ત્વત્સંકથાપિ જગતાં દુરિતાનિ હન્તિ; દૂરે સહસ્રકિરણઃ કુરુતે પ્રભૈવ, પદ્માકરેષુ જલજાનિ વિકાશભાંજિ ॥ ૯ ॥ નાત્યદ્ભુતં ભુવનભૂષણભૂતનાથ! ભૂતૈ-ર્ગુણૈર્ભુવિ ભવન્તમભિષ્ટુવન્તઃ; તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિં વા ?, ભૂત્યાશ્રિતં ય ઇહ નાત્મસમં કરોતિ ॥ ૧૦ ॥ દૃષ્ટ્વા ભવન્તમનિમેષવિલોકનીયં, નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ; પીત્વા પયઃ શશિકરદ્યુતિદુગ્ધસિન્ધોઃ, ક્ષારં જલં જલનિધેરશિતું ક ઇચ્છેત્ ? ॥ ૧૧ ॥ યઃ શાન્તરાગરુચિભિઃ પરમાણુભિસ્ત્વં, નિર્માપિતસ્ત્રિભુવનૈકલલામભૂત !; તાવન્ત એવ ખલુ તેઽપ્યણવઃ પૃથિવ્યાં, યત્તે સમાનમપરં નહિ રૂપમસ્તિ ॥ ૧૨ ॥ વક્ત્રં ક્વ તે સુરનરોરગનેત્રહારિ, નિઃશેષનિર્જિત-જગત્ત્રિતયોપમાનમ; બિમ્બં કલંકમલિનં ક્વ નિશાકરસ્ય ?, યદ્વાસરે ભવતિ પાણ્ડુપલાશકલ્પમ ॥ ૧૩ ॥ સમ્પૂર્ણમણ્ડલ-શશાંકકલાકલાપ-શુભ્રા ગુણાસ્ત્રિભુવનં તવ લંઘયન્તિ; યે સંશ્રિતાસ્ત્રિજગદીશ્વરનાથમેકં, કસ્તાન્નિવારયતિ સંચરતો યથે-ષ્ટમ્ ? ॥ ૧૪ ॥ ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિર્નીતં મનાગપિ મનો ન વિકારમાર્ગમ્; કલ્પાન્તકાલમરુતા ચલિતા-ચલેન, કિં મન્દરાદ્રિશિખરં ચલિતં કદાચિત્ ? ॥ ૧૫ ॥ નિર્ધૂમવર્તિરપવર્જિતતૈલપૂરઃ, કૃત્સ્નં જગત્ત્રયમિદં પ્રકટીકરોષિ; ગમ્યો ન જાતુ મરુતાં ચલિતાઽચલાનાં, દીપોઽપરસ્ત્વમસિ નાથ ! જગત્પ્રકાશઃ ॥ ૧૬ ॥ નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુગમ્યઃ, સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ; નામ્ભોધરોદરાનિરુદ્ધમહા-

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રભાવ:, સૂર્યાતિશાયિમહિમાઽસિ મુનીન્દ્ર! લોકે ॥ ૧૭ ॥ નિત્યોદયં દલિતમોહમહાન્ધકારં, ગમ્યં ન રાહુવદનસ્ય ન વારિદાનામ્; વિભ્રાજતે તવ મુખાબ્જમનલ્પકાન્તિ, વિદ્યોતયજ્જગદપૂર્વશશાઙ્કબિમ્બમ્ ॥ ૧૮ ॥ કિં શર્વરીષુ શશિનાઽહ્નિ વિવસ્વતા વ, યુષ્મન્મુખેન્દુદલિતેષુ તમસ્સુ નાથ!; નિષ્પન્નશાલિવનશાલિનિ જીવલોકે, કાર્યં કિયજ્જલધરૈર્જલભારનમ્રૈ:? ॥ ૧૯ ॥ જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં, નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ; તેજ: સ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્ત્વં, નૈવં તુ કાચશકલે કિરણાકુલેઽપિ ॥ ૨૦ ॥ મન્યે વરં હરિહરાદય એવ દૃષ્ટા, દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ; કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્ય:, કશ્ચિન્મનો હરતિ નાથ! ભવાન્તરેઽપિ ॥ ૨૧ ॥ સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્, નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા; સર્વા દિશો દધતિ ભાનિ સહસ્રરશ્મિં, પ્રાચ્યેવ દિગ્ જનયતિ સ્ફુરદંશુજાલમ્ ॥ ૨૨ ॥ ત્વામામનન્તિ મુનય: પરમં પુમાંસમાદિત્યવર્ણમમલં તમસ: પુરસ્તાત્; ત્વામેવ સમ્યગુપલભ્ય જયન્તિ મૃત્યું, નાન્ય: શિવ: શિવપદસ્ય મુનીન્દ્ર! પન્થા: ॥ ૨૩ ॥ ત્વામવ્યયં વિભુમચિન્ત્યમસંખ્યમાદ્યં, બ્રહ્માણમીશ્વરમનન્તમનંગકેતુમ્; યોગીશ્વરં વિદિતયોગમનેકમેકં, જ્ઞાનસ્વરૂપમમલં પ્રવદન્તિ સન્ત: ॥ ૨૪ ॥ બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિતબુદ્ધિબોધાત્, ત્વં શઙ્કરોઽસિ ભુવનત્રયશઙ્કરત્વાત્; ધાતાઽસિ ધીર! શિવમાર્ગવિધેર્વિધાનાત્, વ્યક્તં ત્વમેવ ભગવન્! પુરુષોત્તમોઽસિ ॥ ૨૫ ॥ તુભ્યં નમસ્ત્રિભુવનાર્ત્તિહરાય નાથ!, તુભ્યં નમ: ક્ષિતિતલામલભૂષણાય; તુભ્યં નમસ્ત્રિજગત: પરમેશ્વરાય, તુભ્યં નમો જિન! ભવોદધિશોષણાય ॥ ૨૬ ॥ કો વિસ્મયોઽત્ર યદિ

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નામ ગુણૈરશેષૈસ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ !, દોષૈ-
રુપાત્તવિવિધાશ્રયજાતગર્વૈઃ, સ્વપ્નાન્તરેઽપિ ન કદાચિદપીક્ષિ-
તોઽસિ ॥ ૨૭ ॥ ઉચ્ચૈરશોકતરુસંશ્રિતમુન્મયૂખમાભાતિ રૂપ-
મમલં ભવતો નિતાન્તમ્; સ્પષ્ટોલ્લસત્કિરણમસ્તતમોવિતાનં,
બિમ્બં રવેરિવ પયોધરપાર્શ્વવર્તિ ॥ ૨૮ ॥ સિંહાસને મણિ-
મયૂખશિખાવિચિત્રે, વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્; બિમ્બં
વિયદ્વિલસદંશુલતાવિતાનં, તુંગોદયાદ્રિશિરસીવ સહસ્રરશ્મેઃ
॥ ૨૯ ॥ કુંદાવદાતચલચામરચારુશોભં, વિભ્રાજતે તવ વપુઃ
કલધૌતકાન્તમ્; ઉદ્યચ્છશાંકશુચિનિર્જરવારિધારમુચ્ચૈસ્તટં સુર-
ગિરેરિવ શાતકૌમ્ભમ્ ॥ ૩૦ ॥ છત્રત્રયં તવ વિભાતિ શશાઙ્ક-
કાન્તમુચ્ચૈઃ સ્થિતં સ્થગિતભાનુકરપ્રતાપમ્; મુક્તાફલપ્રકર-
જાલવિવૃદ્ધશોભ, પ્રખ્યાપયત્ત્રિજગતઃ પરમેશ્વરત્વમ્ ॥ ૩૧ ॥
ઉન્નિદ્રહેમનવપઙ્કજપુંજકાન્તી, પર્યુલ્લસન્નખમયૂખશિખાભિરામૌ;
પાદૌ પદાનિ તવ યત્ર જિનેન્દ્ર ! ધત્તઃ, પદ્માનિ તત્ર વિબુધા
પરિકલ્પયન્તિ ॥ ૩૨ ॥ ઇત્થં યથા તવ વિભૂતિરભૂજ્જિનેન્દ્ર !,
ધર્મોપદેશનવિધૌ ન તથા પરસ્ય; યાદૃક્ પ્રભા દિનકૃતઃ પ્રહ-
તાન્ધકારા, તાદૃક્ કુતો ગ્રહગણસ્ય વિકાશિનોઽપિ ॥ ૩૩ ॥
શ્ચ્યોતન્મદાવિલવિલોલકપોલમૂલમત્તભ્રમદ્ભ્રમરનાદવિવૃદ્ધકોપમ્;
ઐરાવતાભમિભમુદ્ધતમાપતન્તં, દૃષ્ટ્વા ભયં ભવતિ નો
ભવદાશ્રિતાનામ્ ॥ ૩૪ ॥ ભિન્નેભકુમ્ભગલદુજ્જ્વલશોણિતાક્ત-
મુક્તાફલપ્રકરભૂષિતભૂમિભાગઃ; બદ્ધક્રમઃ ક્રમગતં હરિણાધિ-
પોઽપિ, નાક્રામતિ ક્રમયુગાચલસંશ્રિતં તે ॥ ૩૫ ॥ કલ્પાન્ત-
કાલપવનોદ્ધતવહ્નિકલ્પં, દાવાનલજ્વલિતમુજ્જ્વલમુત્સ્ફુલિઙ્ગમ્;
વિશ્વં જિઘત્સુમિવ સમ્મુખમાપતન્તં, ત્વન્નામકીર્તનજલં
શમયત્યશેષમ્ ॥ ૩૬ ॥ રક્તેક્ષણં સમદકોકિલકણ્ઠનીલં, ક્રોધો-

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દ્ધતં ફણિનમુત્ફણમાપતન્તમ્; આક્રામતિ ક્રમયુગેન નિરસ્ત-શંક-સ્ત્વન્નામનાગદમની હૃદિ યસ્ય પુંસ: ॥ ૩૭ ॥ વલ્ગત્તુરંગ-ગજગર્જિતભીમનાદમાજૌ બલં બલવતામપિ ભૂપતીનામ્; ઉદ્યદ્દિવાકરમયૂખશિખાપવિદ્ધં, ત્વત્કીર્તનાત્ તમ ઇવાશુ ભિદા-મુપૈતિ ॥ ૩૮ ॥ કુન્તાગ્રભિન્નગજશોણિતવારિવાહ-વેગાવતારતર-ણાતુરયોધભીમે; યુદ્ધે જયં વિજિતદુર્જયજેયપક્ષા-સ્ત્વત્પાદપંક-જવનાશ્રયિણો લભન્તે ॥ ૩૯ ॥ અમ્ભોનિધૌ ક્ષુભિતભીષણનક્ર-ચક્ર-પાઠીનપીઠભયદોલ્બણવાડવાગ્નૌ; રઙ્ગત્તરઙ્ગશિખરસ્થિતયાન-પાત્રા-સ્ત્રાસં વિહાય ભવત: સ્મરણાદ્ વ્રજન્તિ ॥ ૪૦ ॥ ઉદ્-ભૂતભીષણજલોદરભારભુગ્ના:, શોચ્યાં દશામુપગતાશ્ચ્યુતજીવિ-તાશા:; ત્વત્પાદપંકજરજોઽમૃતદિગ્ધદેહા, મર્ત્યા ભવન્તિ મકર-ધ્વજતુલ્યરૂપા: ॥ ૪૧ ॥ આપાદકણ્ઠમુરુશૃંખલવેષ્ટિતાઙ્ગા, ગાઢં બૃહન્નિગડકોટિનિઘૃષ્ટજંઘા:, ત્વન્નામમન્ત્રમનિશં મનુજા: સ્મ-રન્ત:, સદ્ય: સ્વયં વિગતબન્ધભયા ભવન્તિ ॥ ૪૨ ॥ મત્ત-દ્વિપેન્દ્રમૃગરાજદવાનલાહિ-સંગ્રામવારિધિમહોદરબન્ધનોત્થમ્; તસ્યાશુ નાશમુપયાતિ ભયં ભિયેવ, યસ્તાવકં સ્તવમિમં મતિમાનધીતે ॥ ૪૩ ॥ સ્તોત્રસ્રજં તવ જિનેન્દ્ર! ગુણૈર્નિબદ્ધાં, ભક્ત્યા મયા રુચિરવર્ણવિચિત્રપુષ્પામ્; ધત્તે જનો ય ઇહ કણ્ઠગતામજસ્રં, તં માનતુંગમવશા સમુપૈતિ લક્ષ્મી: ॥૪૪॥ ઇતિ

## ૮. શ્રીકલ્યાણમંદિર સ્તોત્ર

કલ્યાણમન્દિરમુદારમવદ્યભેદિ, ભીતાભયપ્રદમનિન્દિતમંઘ્રિ-પદ્મમ્; સંસારસાગરનિમજ્જદશેષજન્તુપોતાયમાનમભિનમ્ય જિને-શ્વરસ્ય ॥ ૧ ॥ યસ્ય સ્વયં સુરગુરુર્ગરિમામ્બુરાશે:, સ્તોત્રં સુવિસ્તૃતમતિર્ન વિભુર્વિધાતુમ્; તીર્થેશ્વરસ્ય કમઠસ્મયધૂમકેતો-

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્તસ્યાહમેષ કિલ સંસ્તવનં કરિષ્યે ॥ ૨ ॥ સામાન્યતોऽપિ તવ વર્ણયિતું સ્વરૂપમસ્માદૃશાઃ કથમધીશ ! ભવન્ત્યધીશાઃ; ધૃષ્ટોऽપિ કૌશિકશિશુર્યદિ વા દિવાન્ધો, રૂપં પ્રરૂપયતિ કિં કિલ ઘર્મરશ્મેઃ ? ॥ ૩ ॥ મોહક્ષયાદનુભવન્નપિ નાથ ! મર્ત્યો, નૂનં ગુણાન્ ગણયિતું ન તવ ક્ષમેત; કલ્પાન્તવાન્તપયસઃ પ્રકટોऽપિ યસ્માન્મીયેત કેન જલધેર્નનુ રત્નરાશિઃ ? ॥ ૪ ॥ અભ્યુદ્યતોऽસ્મિ તવ નાથ ! જડાશયોऽપિ, કર્તું સ્તવં લસદસઙ્ખ્યગુણાકરસ્ય; બાલોऽપિ કિં ન નિજબાહુયુગં વિતત્ય, વિસ્તીર્ણતાં કથયતિ સ્વધિયાऽમ્બુરાશેઃ ? ॥ ૫ ॥ યે યોગિનામપિ ન યાન્તિ ગુણાસ્તવેશ !, વક્તું કથં ભવતિ તેષુ મમાવકાશઃ ?; જાતા તદેવમસમીક્ષિતકારિતેયં, જલ્પન્તિ વા નિજગિરા નનુ પક્ષિણોऽપિ ॥ ૬ ॥ આસ્તામચિન્ત્યમહિમા જિન ! સંસ્તવસ્તે, નામાપિ પાતિ ભવતો ભવતો જગન્તિ; તીવ્રાતપોપહતપાન્થજનાન્ નિદાઘે, પ્રીણાતિ પદ્મસરસઃ સરસોऽનિલોऽપિ ॥ ૭ ॥ હૃદ્વર્ત્તિનિ ત્વયિ વિભો ! શિથિલીભવન્તિ, જન્તોઃ ક્ષણેન નિબિડા અપિ કર્મબન્ધાઃ; સદ્યો ભુજઙ્ગમમયા ઇવ મધ્યભાગમભ્યાગતે વનશિખણ્ડિનિ ચન્દનસ્ય ॥ ૮ ॥ મુચ્યન્ત એવ મનુજાઃ સહસા જિનેન્દ્ર !, રૌદ્રૈરુપદ્રવશતૈસ્ત્વયિ વીક્ષિતેऽપિ; ગોસ્વામિનિ સ્ફુરિતતેજસિ દૃષ્ટમાત્રે, ચૌરૈરિવાશુ પશવઃ પ્રપલાયમાનૈઃ ॥ ૯ ॥ ત્વં તારકો જિન ! કથં ભવિનાં ? ત એવ, ત્વામુદ્વહન્તિ હૃદયેન યદુત્તરન્તઃ; યદ્વા દૃતિસ્તરતિ યજ્જલમેષ નૂનમન્તર્ગતસ્ય મરુતઃ સ કિલાનુભાવઃ ॥ ૧૦ ॥ યસ્મિન્ હરપ્રભૃતયોऽપિ હતપ્રભાવાઃ, સોऽપિ ત્વયા રતિપતિઃ ક્ષપિતઃ ક્ષણેન; વિધ્યાપિતા હુતભુજઃ પયસાऽથ યેન, પીતં ન કિં તદપિ દુર્ધરવાડવેન ? ॥ ૧૧ ॥ સ્વામિન્નનલ્પગરિમાણ-

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મપિ પ્રપન્નાસ્ત્વાં જન્તવઃ કથમહો ! હૃદયે દધાનાઃ; જન્મોદધિં લઘુ તરન્ત્યતિલાઘવેન ?, ચિન્ત્યો ન હન્ત ! મહતાં યદિ વા પ્રભાવઃ ॥ ૧૨ ॥ ક્રોધસ્ત્વયા યદિ વિભો ! પ્રથમં નિરસ્તો; ધ્વસ્તાસ્તદા બત કથં કિલ કર્મચૌરાઃ ?; પ્લોષત્યમુત્ર યદિ વા શિશિરાપિ લોકે, નીલદ્રુમાણિ વિપિનાનિ ન કિં હિમાની ? ॥ ૧૩ ॥ ત્વાં યોગિનો જિન ! સદા પરમાત્મરૂપમન્વેષયન્તિ હૃદયામ્બુજકોશદેશે; પૂતસ્ય નિર્મલરુચેર્યદિ વા કિમન્યદક્ષસ્ય સમ્ભવિ પદં નનુ કર્ણિકાયાઃ ? ॥ ૧૪ ॥ ધ્યાનાજ્જિનેશ ! ભવતો ભવિનઃ ક્ષણેન, દેહં વિહાય પરમાત્મદશાં વ્રજન્તિ; તીવ્રાનલાદુપલભાવમપાસ્ય લોકે, ચામીકરત્વમચિરાદિવ ધાતુભેદાઃ ॥ ૧૫ ॥ અન્તઃ સદૈવ જિન ! યસ્ય વિભાવ્યસે ત્વં, ભવ્યૈઃ કથં તદપિ નાશયસે શરીરમ્ ?; એતત્સ્વરૂપમથ મધ્યવિવર્તિનો હિ, યદ્વિગ્રહં પ્રશમયન્તિ મહાનુભાવાઃ ॥ ૧૬ ॥ આત્મા મનીષિભિરયં ત્વદભેદબુદ્ધ્યા, ધ્યાતો જિનેન્દ્ર ! ભવતીહ ભવત્પ્રભાવઃ; પાનીયમપ્યમૃતમિત્યનુચિન્ત્યમાનં, કિં નામ નો વિષવિકારમપાકરોતિ ? ॥ ૧૭ ॥ ત્વામેવ વીતતમસં પરવાદિનોઽપિ, નૂનં વિભો ! હરિહરાદિધિયા પ્રપન્નાઃ; કિં કાચકામલિભિરીશ ! સિતોઽપિ શઙ્ખો, નો ગૃહ્યતે વિવિધવર્ણવિપર્યયેણ ? ॥ ૧૮ ॥ ધર્મોપદેશસમયે સવિધાનુભાવાદાસ્તાં જનો ભવતિ તે તરુરપ્યશોકઃ, અભ્યુદ્ગતે દિનપતૌ સમહીરુહોઽપિ, કિં વા વિબોધમુપયાતિ ન જીવલોકઃ ? ॥ ૧૯ ॥ ચિત્રં વિભો ! કથમવાઙ્મુખવૃન્તમેવ, વિષ્વક્ પતત્યવિરલા સુરપુષ્પવૃષ્ટિઃ ?; ત્વદ્ગોચરે સુમનસાં યદિ વા મુનીશ !, ગચ્છન્તિ નૂનમધ એવ હિ બન્ધનાનિ ॥ ૨૦ ॥ સ્થાને ગભીરહૃદયોદધિસમ્ભવાયાઃ, પીયૂષતાં તવ ગિરઃ સમુદીરયન્તિ; પીત્વા યતઃ પરમસમ્મદ

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સઙ્ક્રભાજો, ભવ્યા વ્રજન્તિ તરસાઽપ્યજરામરત્વમ્ ॥ ૨૧ ॥
સ્વામિન્! સુદૂરમવનમ્ય સમુત્પતન્તો, મન્યે વદન્તિ શુચયઃ
સુરચામરૌઘાઃ; યેઽસ્મે નતિં વિદધતે મુનિપુઙ્ગવાય, તે નૂન-
મૂર્ધ્વગતયઃ ખલુ શુદ્ધભાવાઃ ॥ ૨૨ ॥ શ્યામં ગભીરગિર-
મુજ્જ્વલહેમરત્નસિંહાસનસ્થમિહ ભવ્યશિખણ્ડિનસ્ત્વામ્; આલો-
કયન્તિ રભસેન નદન્તમુચ્ચૈશ્ચામીકરાદ્રિશિરસીવ નવામ્બુવાહમ્
॥ ૨૩ ॥ ઉદ્ગચ્છતા તવ શિતિદ્યુતિમણ્ડલેન, લુપ્તચ્છદચ્છ-
વિરશોકતરુર્બભૂવ; સાન્નિધ્યતોઽપિ યદિ વા તવ વીતરાગ!,
નીરાગતાં વ્રજતિ કો ન સચેતનોઽપિ? ॥ ૨૪ ॥ 'ભો ભોઃ!
પ્રમાદમવધૂય ભજધ્વમેનમાગત્ય નિર્વૃતિપુરિં પ્રતિ સાર્થ-
વાહમ્; એતન્નિવેદયતિ દેવ! જગત્ત્રયાય, મન્યે નદન્નભિ-
નભઃ સુરદુન્દુભિસ્તે ॥ ૨૫ ॥ ઉદ્યોતિતેષુ ભવતા ભુવનેષુ
નાથ!, તારાન્વિતો વિધુરયં વિહતાધિકારઃ; મુક્તાકલાપકલિ-
તોચ્છ્વસિતાતપત્રવ્યાજાત્ ત્રિધા ધૃતતનુર્ધ્રુવમભ્યુપેતઃ ॥ ૨૬ ॥
સ્વેન પ્રપૂરિતજગત્ત્રયપિણ્ડિતેન, કાન્તિપ્રતાપયશસામિવ સંચ-
યેન; માણિક્યહેમરજતપ્રવિનિર્મિતેન, સાલત્રયેણ ભગવન્ન-
ભિતો વિભાસિ ॥ ૨૭ ॥ દિવ્યસ્રજો જિન! નમત્ત્રિદશાધિ-
પાનામુત્સૃજ્ય રત્નરચિતાનપિ મૌલિબન્ધાન્; પાદૌ શ્રયન્તિ
ભવતો યદિ વા પરત્ર, ત્વત્સંગમે સુમનસો ન રમન્ત એવ
॥ ૨૮ ॥ ત્વં નાથ! જન્મજલધેર્વિપરાઙ્મુખોઽપિ, યત્તારય-
સ્યસુમતો નિજપૃષ્ઠલગ્નાન્; યુક્તં હિ પાર્થિવનિપસ્ય સતસ્ત-
વૈવ, ચિત્રં વિભો! યદસિ કર્મવિપાકશૂન્યઃ ॥ ૨૯ ॥ વિશ્વે-
શ્વરોઽપિ જનપાલક! દુર્ગતસ્ત્વં, કિં વાક્ષરપ્રકૃતિરપ્યલિપિ-
સ્ત્વમીશ!; અજ્ઞાનવત્યપિ સદૈવ કથંચિદેવ, જ્ઞાનં ત્વયિ
સ્ફુરતિ વિશ્વવિકાશહેતુઃ ॥ ૩૦ ॥ પ્રાગ્ભારસમ્ભૃતનભાંસિ

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રજાંસિ રોષાદુત્થાપિતાનિ કમઠેન શઠેન યાનિ; છાયાપિ તૈસ્તવ ન નાથ! હતા હતાશો, ગ્રસ્તસ્ત્વમીભિરયમેવ પરં દુરાત્મા ॥ ૩૧ ॥ યદ્ ગર્જદૂર્જિતઘનૌઘમદભ્રભીમં, ભ્રશ્યત્તડિન્મુસલમાંસલઘોરધારમ્; દૈત્યેન મુક્તમથ દુસ્તરવારિ દધ્રે, તેનૈવ તસ્ય જિન! દુસ્તરવારિકૃત્યમ્ ॥ ૩૨ ॥ ધ્વસ્તોર્ધ્વકેશવિકૃતાકૃતિમર્ત્યમુણ્ડપ્રાલમ્બભૃદ્ભયદવક્ત્રવિનિર્યદગ્નિઃ; પ્રેતવ્રજઃ પ્રતિભવન્તમપીરિતો યઃ, સોડસ્યાભવત્ પ્રતિભવં ભવદુઃખહેતુઃ ॥ ૩૩ ॥ ધન્યાસ્ત એવ ભુવનાધિપ! યે ત્રિસન્ધ્યમારાધયન્તિ વિધિવદ્ વિધુતાન્યકૃત્યાઃ; ભક્ત્યોલ્લસત્પુલકપક્ષ્મલદેહદેશા, પાદદ્વયં તવ વિભો! ભુવિ જન્મભાજઃ ॥ ૩૪ ॥ અસ્મિન્નપારભવવારિનિધૌ મુનીશ!, મન્યે ન મે શ્રવણગોચરતાં ગતોડસિ; આકર્ણિતે તુ તવ ગોત્રપવિત્રમન્ત્રે, કિં વા વિપદ્વિષધરી સવિધં સમેતિ? ॥ ૩૫ ॥ જન્માન્તરેડપિ તવ પાદયુગં ન દેવ!, મન્યે મયા મહિતમીહિતદાનદક્ષમ્; તેનેહ જન્મનિ મુનીશ! પરાભવનાં, જાતો નિકેતનમહં મથિતાશયાનામ્ ॥ ૩૬ ॥ નૂનં ન મોહતિમિરાવૃતલોચનેન, પૂર્વં વિભો! સકૃદપિ પ્રવિલોકિતોડસિ; મર્માવિધો વિધુરયન્તિ હિ મામનર્થાઃ; પ્રોદ્યત્પ્રબન્ધગતયઃ કથમન્યથૈતે? ॥ ૩૭ ॥ આકર્ણિતોડપિ મહિતોડપિ નિરીક્ષિતોડપિ, નૂનં ન ચેતસિ મયા વિધૃતોડસિ ભક્ત્યા; જાતોડસ્મિ તેન જનબાન્ધવ! દુઃખપાત્રં, યસ્માત્ 'ક્રિયાઃ પ્રતિફલન્તિ ન ભાવશૂન્યાઃ' ॥ ૩૮ ॥ ત્વં નાથ! દુઃખિજનવત્સલ! હે શરણ્ય!, કારુણ્યપુણ્યવસતે! વશિનાં વરેણ્ય!; ભક્ત્યા નતે મયિ મહેશ! દયાં વિધાય, દુઃખાઙ્કુરોદ્દલનતત્પરતાં વિધેહિ ॥ ૩૯ ॥ નિઃસઙ્ખ્યસારશરણં શરણં શરણ્યમાસાદ્ય સાદિતરિપુ પ્રથિતા-

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વહાતામ્; ત્વત્પાદપઙ્કજમપિ પ્રણિધાનવન્ધ્યો, વધ્યોઽસ્મિ ચેદ્ ભુવનપાવન! હા હતોઽસ્મિ ॥ ૪૦ ॥ દેવેન્દ્રવન્દ્ય! વિદિતાખિલવસ્તુસાર!, સંસારતારક! વિભો! ભુવનાધિનાથ!; ત્રાયસ્વ દેવ! કરુણાહ્રદ! માં પુનીહિ, સીદન્તમદ્ય ભયદવ્યસનામ્બુરાશેઃ ॥ ૪૧ ॥ યદ્યસ્તિ નાથ! ભવદંઘ્રિસરોરુહાણાં, ભક્તેઃ ફલં કિમપિ સન્તતિસંચિતાયાઃ, તન્મે ત્વદેકશરણસ્ય શરણ્ય! ભૂયાઃ, સ્વામી ત્વમેવ ભુવનેઽત્ર ભવાન્તરેઽપિ ॥ ૪૨ ॥ ઈત્થં સમાહિતધિયો વિધિવજ્જિનેન્દ્ર! સાન્દ્રોલ્લસત્પુલકકંચુકિતાઙ્ગભાગાઃ; ત્વદ્બિમ્બનિર્મલમુખામ્બુજબદ્ધલક્ષા, યે સંસ્તવં તવ વિભો! રચયન્તિ ભવ્યાઃ ॥ ૪૩ ॥ જનનયનકુમુદચન્દ્ર!, પ્રભાસ્વરાઃ સ્વર્ગસમ્પદો ભુક્ત્વા; તે વિગલિતમલનિચયા, અચિરાન્મોક્ષં પ્રપદ્યન્તે ॥ ૪૪ ॥ ઈતિ ॥

## ૯. બૃહત્ શાન્તિ સ્તોત્ર

ભો ભો ભવ્યાઃ! શ્રૃણુત વચનં પ્રસ્તુતં સર્વમેતદ્, યે યાત્રાયાં ત્રિભુવનગુરોરાર્હતા ભક્તિભાજઃ; તેષાં શાન્તિર્ભવતુ ભવતામર્હદાદિપ્રભાવા-દારોગ્યશ્રીધૃતિમતિકરી ક્લેશવિધ્વંસહેતુઃ ॥ ૧ ॥

ભો ભો ભવ્યલોકાઃ! ઈહ હિ ભરતૈરાવતવિદેહસમ્ભવાનાં સમસ્તતીર્થકૃતાં જન્મન્યાસનપ્રકમ્પાનન્તરમવધિના વિજ્ઞાય સૌધર્માધિપતિઃ, સુઘોષઘણ્ટાચાલનાન્તરં સકલસુરાસુરેન્દ્રૈઃ સહ સમાગત્ય, સવિનયમર્હદ્ભટ્ટારકં ગૃહીત્વા, ગત્વા કનકાદ્રિશૃઙ્ગે, વિહિતજન્માભિષેકઃ શાન્તિમુદ્ઘોષયતિ યથા, તતોઽહં કૃતાનુકારમિતિ કૃત્વા 'મહાજનો યેન ગતઃ સ

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પન્થાઃ' ઈતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય, સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય, શાન્તિમુદ્ઘોષયામિ. તત્પૂજાયાત્રાસ્નાત્રાદિમહોત્સવાનન્તરમિતિ કૃત્વા કર્ણં દત્ત્વા નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા.

ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયન્તાં પ્રીયન્તાં ભગવન્તોઽર્હન્તઃ સર્વજ્ઞાઃ સર્વદર્શિનસ્ત્રિલોકનાથાસ્ત્રિલોકમહિતાસ્ત્રિલોકપૂજ્યાસ્ત્રિલોકેશ્વરાસ્ત્રિલોકોદ્યોતકરાઃ

ૐ ઋષભ–અજિત–સમ્ભવ–અભિનન્દન–સુમતિ–પદ્મપ્રભ–સુપાર્શ્વ–ચન્દ્રપ્રભ–સુવિધિ–શીતલ–શ્રેયાંસ–વાસુપૂજ્ય વિમલ–અનન્ત–ધર્મ-શાન્તિ–કુન્થુ–અર–મલ્લિ -મુનિસુવ્રત–નમિ–નેમિ-પાર્શ્વ–વર્ધમાનાન્તા જિનાઃ શાન્તાઃ શાન્તિકરા ભવન્તુ સ્વાહા.

ૐ મુનયો મુનિપ્રવરા રિપુવિજયદુર્ભિક્ષકાન્તારેષુ દુર્ગમાર્ગેષુ રક્ષન્તુ વો નિત્યં સ્વાહા.

ૐ હ્રીઁ શ્રીઁ ધૃતિ–મતિ–કીર્તિ–કાન્તિ–બુદ્ધિ – લક્ષ્મી–મેધા–વિદ્યાસાધન–પ્રવેશ–નિવેશનેષુ સુગૃહીતનામાનો જયન્તુ તે જિનેન્દ્રાઃ.

ૐ રોહિણી–પ્રજ્ઞપ્તિ–વજ્રશૃઙ્ખલા– વજ્રાઙ્કુશી – અપ્રતિચક્રા–પુરુષદત્તા–કાલી–મહાકાલી–ગૌરી-ગાંધારી–સર્વાસ્ત્રા–મહાજ્વાલા–માનવી–વૈરોટ્યા–અચ્છુપ્તા–માનસી–મહામાનસી ષોડશ વિદ્યાદેવ્યો રક્ષન્તુ વો નિત્યં સ્વાહા.

ૐ આચાર્યોપાધ્યાયપ્રભૃતિચાતુર્વર્ણ્યસ્ય શ્રીશ્રમણસંઘસ્ય શાન્તિર્ભવતુ તુષ્ટિર્ભવતુ પુષ્ટિર્ભવતુ.

ૐ ગ્રહાશ્ચન્દ્ર–સૂર્યાઙ્ગારક–બુધ–બૃહસ્પતિ–શુક્ર–શનૈશ્ચર–રાહુ–કેતુસહિતાઃ સલોકપાલાઃ સોમ–યમ–વરુણ–કુબેર–વાસવા-

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ऽऽदित्य-स्कन्द-विनायकोपेता ये चान्येऽपि ग्राम-नगर-क्षेत्र-देवतादयस्ते सर्वे प्रीयन्तां प्रीयन्तां, अक्षीणकोष-कोष्ठागारा नरपतयश्च भवन्तु स्वाहा.

ॐ पुत्र-मित्र-भ्रातृ-कलत्र-सुहृत्-स्वजनसम्बन्धि-बन्धुवर्गसहिताः नित्यं चामोदप्रमोदकारिणः, अस्मिँश्च भूमण्डलायतननिवासिसाधु-साध्वी-श्रावक-श्राविकाणां रोगोपसर्ग-व्याधि-दुःख-दुर्भिक्ष-दौर्मनस्योपशमनाय शान्तिर्भवतु.

ॐ तुष्टि-पुष्टि-ऋद्धि-वृद्धि माङ्गल्योत्सवाः. सदा प्रादुर्भूतानि, पापानि शाम्यन्तु दुरितानि शत्रवः पराङ्मुखा भवन्तु स्वाहा. श्रीमते शान्तिनाथाय, नमः शान्तिविधायिने; त्रैलोक्यस्याऽमराधीशमुकुटाभ्यर्चिताङ्घ्रये ॥ १ ॥ शान्तिः शान्तिकरः श्रीमान्, शान्ति दिशतु मे गुरुः; शान्तिरेव सदा तेषां, येषां शान्तिर्गृहे गृहे ॥ २ ॥ उन्मृष्टरिष्ट-दुष्टग्रहगति-दुःस्वप्न-दुर्निमित्तादिः; सम्पादितहितसम्पन्नामग्रहणं जयति शान्तेः ॥ ३ ॥ श्रीसङ्घजगज्जनपद-राजाधिप-राजसन्निवेशानाम्; गोष्ठिकपुरमुख्याणां व्याहरणैर्व्याहरेच्छान्तिम् ॥ ४ ॥

श्रीश्रमणसंघस्य शान्तिर्भवतु, श्रीजनपदानां शान्तिर्भवतु, श्रीराजाधिपानां शान्तिर्भवतु, श्रीराजसन्निवेशानां शान्तिर्भवतु, श्रीगोष्ठिकानां शान्तिर्भवतु, श्रीपौरमुख्याणां शान्तिर्भवतु, श्रीपौरजनस्य शान्तिर्भवतु, श्रीब्रह्मलोकस्य शान्तिर्भवतु, ॐ स्वाहा, ॐ स्वाहा, ॐ श्रीपार्श्वनाथाय स्वाहा.

एषा शान्तिः प्रतिष्ठायात्रास्नात्राद्यवसानेषु शान्तिकलशं गृहीत्वा कुंकुमचंदनकर्पूरागरुधूपवासकुसुमांजलिसमेतः, स्नात्रचतुष्किकायां श्रीसंघसमेतः शुचिशुचिवपुः पुष्पवस्त्रचन्दना-

Scanned with CamScanner
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભરણાલંકૃતઃ પુષ્પમાલાં કણ્ઠે કૃત્વા શાન્તિમુદ્ઘોષયિત્વા શાન્તિપાનીયં મસ્તકે દાતવ્યમિતિ.

નૃત્યન્તિ નૃત્યં મણિપુષ્પવર્ષં, સૃજન્તિ ગાયન્તિ ચ મંગલાનિ; સ્તોત્રાણિ ગોત્રાણિ પઠન્તિ મંત્રાન્, કલ્યાણભાજો હિ જિનાભિષેકે ॥ ૧ ॥ શિવમસ્તુ સર્વજગતઃ, પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ; દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખી ભવંતુ લોકાઃ ॥ ૨ ॥ અહં તિત્થયરમાયા, સિવાદેવી તુમ્હ નયરનિવાસિની; અમ્હ સિવં તુમ્હ સિવં, અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા. ॥ ૩ ॥ ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ; મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે ॥ ૪ ॥ સર્વમંગલમાંગલ્યં, સર્વકલ્યાણકારણમ્; પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥ ૫ ॥

॥ ઇતિ નવસ્મરણાનિ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# અસજઝાય વિચાર [પ્રવચન સારોદ્ધારાદિના આધારે]

૧–સૂર્યગ્રહણે જઘન્યથી ૧૨ ને ઉત્કૃષ્ટથી ૧૬ પ્રહર, ચંદ્રગ્રહણે જઘન્યથી ૮ ને ઉત્કૃષ્ટથી ૧૨ પ્રહર અસજઝાય, તેટલો ટાઇમ જિન મંદિર–જિનપૂજા તથા વ્યાખ્યાન બંધ. ૨–સૂર્યોદય સૂર્યાસ્ત, મધ્યાહ્ન અને મધ્યરાત્રિની પહેલાની અને પછીની ૨૪–૨૪ મિનિટ એમ ૪૮ મિનિટના ચાર સંધ્યાકાળને વિજયમુહૂર્ત કહેવાય છે. તે ચારે સંધ્યામાં સ્વાધ્યાય ન થાય. ૩–જે નગર કે ગામમાં ઈદિની માફક જેટલા દિવસ પશુવધ થાય તેટલા દિવસ અસ્વાધ્યાય. ૪–માંસ કે લોહીનો વરસાદ પડે તો એક અહોરાત્ર, અને ૫–મહિકાદિ–ધૂમસાદિ વરસે ત્યાં સુધી અસજઝાય. તેટલો ટાઇમ પડિલેહણાદિ–હલન ચલનાદિ કોઇ પણ ક્રિયા ન થાય ૬–ચૈત્ર શુ ૧૫, અષાડ શુ. ૧૫, આસો શુ. ૧૫, અને કાર્તિક શુ. ૧૫ સુધીના ચાર મહાન્ ઓચ્છવો જે દેશમાં જે જે કાળે પ્રવર્ત્તે તેટલા કાળ ઉપરાંત તે પછીનો પડવો પણ અસજઝાય. ૭–રાજયુદ્ધ–મલ્લયુદ્ધ-ગામયુદ્ધ તેમજ મ્લેચ્છાદિકના ભયથી ઉપજેલ અસ્વસ્થતાદિ જેટલો કાળ પ્રવર્ત્તે તે ઉપરાંત એક દિવસ અસજઝાય. ૮–રાજા, ગ્રામસ્વામી કે દંડિકાદિના મૃત્યુ પછી નવો રાજા આદિ ન સ્થપાય ત્યાં સુધી અસજઝાય. ૯–મત્સ્યાદિ પંચેન્દ્રિયનું કલેવર ૬૦ હાથ સુધીમાં હોય અને વચ્ચે રાજમાર્ગ ન હોય તો ત્રણ પ્રહર અસજઝાય. ૧૦–ઉંદર આદિનું બિલાડી આદિથી મરણ થાય તો ૮ પ્રહર, ૧૧–૬૦ હાથમાં ઈંડુ ફૂટે તો ત્રણ પ્રહર અને પડે પણ ફૂટે નહિ તો ઇંડું ન લઇ જાય ત્યાં સુધી તથા ઈંડું વસ્ત્ર ઉપર ફૂટે તો તે વસ્ત્ર ૬૦ હાથની અંદર ધોવે તો અસજઝાય. ૧૨–હાથણી પ્રસવે ૩ પ્રહર, ગાય આદિ પ્રસવે તો જરા લટકે ત્યાં સુધી અને જરા પડ્યા પછી ૩ પ્રહર અસજઝાય, ૧૩–માણસનું ચામડું-લોહી–માંસ ૧૦૦ હાથની અંદર હોય તો એક અહોરાત્ર, સ્ત્રીને આશ્રીને ઋતુના ૩ દિન, પુત્ર જન્મે ૭ દિન, પુત્રીજન્મે ૮ દિન ૧૪–આસો તથા ચૈત્ર શુ. ૫ ના બપોરના બારથી વ. ૧ સુધી, ૧૫–ત્રણ ચોમાસીનાં પ્રતિક્રમણથી વ. ૧ સુધીના ૨ાા દીનની અસજઝાય. ૧૬–પક્ખી પ્રતિક્રમણ બાદ તે રાત્રે, તથા ૧૭–ધરતીકંપ થાય તો આઠ પ્રહર અસજઝાય.

Scanned with CamScanner

## શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર યાને વંદિત્તુસૂત્રનો અનુવાદ.

નં. ૫૫૫ ના ઊંચા ગ્લેઝ ટકાઉ અને સફેદ કાગળો ઉપર શ્રી અર્થદીપિકા ટીકાના આધારે [અનેક હસ્તલિખિત પ્રતોના શુદ્ધ પાઠો મેળવીને] તલસ્પર્શી થયેલું શ્રી વંદિત્તુસૂત્રનું ભાષાંતર પૂર ઝડપે છપાઇ રહ્યું છે. આગળ છપાયેલા અનુવાદમાંની હજારો ભૂલો સુધારીને આ શુદ્ધ અનુવાદ તૈયાર થઈ રહેલ છે. વિશેષાર્થ-સ્પષ્ટીકરણ-ફૂટનોટો વિ. સહિત આ ગ્રંથ ઘણા ખર્ચે તૈયાર થતો હોવા છતાં દાતાઓની નોંધપાત્ર સહાયના યોગે શ્રાવકોને નિત્ય ઉપયોગી એવો આ અનુપમ ગ્રંથ દોઢ રતલી પુંઠાના પાકી છીંટના આકર્ષક બાઈંડીંગમાં ક્રાઉન ૮ પેજી લગભગ ૭૦ ફરમાનો દળદાર હોવા છતાં માત્ર રૂા, ૧૦–૦–૦ રાખેલ છે. નકલો મર્યાદિત હોવાથી વખતસર ગ્રાહક થવા વિનંતિ છે.

## શ્રી જયકુમાર અને શ્રી વિજયકુમારનું આદર્શ ચરિત્ર.

સમ્યક્ત્વની દૃઢતા વિષેનું શ્રી વંદિત્તુસૂત્રની ટીકામાંના આ ચરિત્રનો અનુવાદ ઉ. શ્રી ધર્મવિ. મ. એ સં. ૨૦૦૫માં બહાર પાડેલ શ્રી વંદિત્તુસૂત્રના અનુવાદમાં કરેલ છે. વિદ્વાન વાચકવરો આ પુસ્તિકામાંના શ્લોકે શ્લોકના અનુવાદને પૂ. ધર્મવિ. મ. એ કરેલ તે અનુવાદ સાથે મેળવી જોશે, તો આશા છે કે–આ ૪૭૩ શ્લોકના દૃષ્ટાંતના જ તે અનુવાદમાં ઉ. શ્રીના પ્રાયઃ સેંકડો ઉપરાંત વિપરીત અર્થો, હજારથી વધુ અસંબંધ સ્થળો, અને અધુરો અનુવાદ ખ્યાલમાં આવ્યા વિના રહેશે નહિ. તુર્ત વસાવી સંતોષ પામો. કિં. રૂા. ૧–૪–૦